RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક


Date:- 05-08-2026 I VOL : 12 I Issue : 141 I Page : 8 I Price : 1.00/-

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

**સુવિચાર**

સ્વપ્નો મોટા રાખો અને પગ જમીન પર રાખો. જીવન બદલવું હોય તો આદતો બદલો.

3




મનપાની ફૂડ સેફ્ટી શાખાની ખાણીપીણીના 83 એકમો પર તપાસ: વિવિધ...

4




ફૂકેટ-દિલ્હી એર ઈન્ડિયાની ફ્લાઈટમાં હવામાં ભયાનક...

6



20 કરોડના બજેટમાં બનેલી શહેનાઝ ગિલની ફિલ્મે રચ્યો ઇતિહાસ

7




ઈજાના કારણે 5 મોટી ટુર્નામેન્ટ ગુમાવી ચૂક્યો છે બુમરાહ

## એક નજર...

### પ્રજ્ઞા જયસ્વાલે કેમેરા સામે આપ્યા કિલર પોઝ



બોલીવુડ અને દક્ષિણ ભારતીય ફિલ્મોમાં પોતાની પ્રતિભા દર્શાવનારી અભિનેત્રી પ્રજ્ઞા જયસ્વાલ સોશિયલ મીડિયા પર પણ ખૂબ જ સક્રિય છે. અભિનેત્રી ઘણીવાર ઈન્સ્ટાગ્રામ પર ફોટા શેર કરીને ચાહકોને પ્રભાવિત કરે છે. તાજેતરમાં, પ્રજ્ઞાએ પોતાની ગ્લેમરસ તસવીરો પોસ્ટ કરી છે. પ્રજ્ઞાના આ ફોટા ચાહકોને ખૂબ જ પસંદ આવી રહ્યા છે.

### રાજ્યસભામાં ખડગે બોલ્યા- ED- CBI ક્યાં છે

# રામ મંદિરમાં ચોરી મામલે વિપક્ષનું પ્રદર્શન, લોકસભાની કાર્યવાહી સ્થગિત

નવી દિલ્હી

સંસદના ચોમાસુ સત્રના 12મા દિવસે રામ મંદિરના દાન ચોરીના મામલે બંને ગૃહોમાં ભારે હોબાળો થયો. મંગળવારે લોકસભાની કાર્યવાહી માત્ર 19 મિનિટ ચાલી શકી. નાણા મંત્રી નિર્મલા સીતારમણે આ દરમિયાન ટેક્સ સુધારા સંબંધિત બિલ રજૂ કર્યા. આ પછી ગૃહ બુધવાર સુધી સ્થગિત કરવામાં આવ્યું. રાજ્યસભાની કાર્યવાહી દિવસમાં બે વાર સ્થગિત થઈ. 11 વાગ્યે કાર્યવાહી શરૂ થયાના અડધા કલાકની અંદર સ્થગિત પણ થઈ ગઈ. બપોરે 12 વાગ્યે કાર્યવાહી ફરી શરૂ થઈ, પરંતુ માત્ર 20 મિનિટ જ ચાલી શકી. બપોરે 2 વાગ્યે કાર્યવાહી ફરી શરૂ થઈ. આ પહેલા રાજ્યસભામાં વિપક્ષના નેતા



મલ્લિકાર્જુન ખડગે અને સંસદીય કાર્ય મંત્રી કિરણ રિજિજુ વચ્ચે દલીલ થઈ. ખડગેએ કહ્યું- રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટની રચના કેન્દ્ર સરકારે કરી હતી. ટ્રસ્ટને 70 એકરથી વધુ જમીન સોંપવામાં આવી. પીએમ પોતે રામ મંદિર સાથે જોડાયેલા દરેક કાર્યક્રમમાં સામેલ થયા. હવે ED, CBI અને અન્ય કેન્દ્રીય તપાસ એજન્સીઓ ક્યાં છે? સરકારે ગૃહમાં તેનો જવાબ આપવો જોઈએ.

## સંસદમાં વિપક્ષના હોબાળા વચ્ચે સરકારે વગર ચર્ચાએ ઘણા બિલ કર્યા પાસ

સંસદના ચોમાસુ સત્રમાં વિપક્ષના ભારે હંગામા વચ્ચે પણ સરકારે પોતાનું કામ પાર પાડ્યું છે. લોકસભામાં 5 સહિત અનેક મહત્વપૂર્ણ બિલ પસાર કરાયા છે. એન્ટી પેપર લીક બિલને વિપક્ષનું સમર્થન મળ્યું, જ્યારે અન્ય બિલ પર વોકઆઉટ જોવા મળ્યો. મોટાભાગના બિલ ચર્ચા વગર જ પસાર થયા. FCRA સુધારા બિલ પણ ટૂંક સમયમાં રજૂ થશે. સંસદના ચોમાસુ સત્રના સતત 12મા દિવસે પણ હંગામો ચાલુ રહ્યો હતો. વિપક્ષ અલગ-અલગ મુદ્દાઓને લઈને સરકાર પર આક્રમક છે. બંને ગૃહોમાં વિપક્ષના વિરોધને કારણે પ્રશ્નકાળ અને શૂન્યકાળમાં વિક્ષેપો આવી રહ્યા છે. આ દરમિયાન, સરકારે હંગામા વચ્ચે પણ વિધેયક પસાર કરાવવાની પોતાની વ્યૂહરચનાનો અમલ કરવાનું શરૂ કરી દીધું છે.

# ભાજપના જ CM વિરુદ્ધ સુપ્રીમ કોર્ટ પહોંચી CBI

### તપાસમાં સહયોગ ન કરવાનો આરોપ; મુખ્ય સચિવને તેડું

નવી દિલ્હી

અરુણાચલ પ્રદેશના મુખ્યમંત્રી પેમા ખાંડુ સામેના કેસમાં તપાસ દરમિયાન રાજ્ય સરકાર દ્વારા સહયોગ ન કરવામાં આવવાને લઈને CBI (સેન્ટ્રલ બ્યુરો ઑફ ઈન્વેસ્ટિગેશન) સુપ્રીમ કોર્ટમાં પહોંચી છે. આ મામલે સુપ્રીમ કોર્ટે અરુણાચલ પ્રદેશના મુખ્ય સચિવ અને પ્રધાન સચિવ (ગૃહ) પાસે જવાબ માંગ્યો છે. જસ્ટિસ વિક્રમ નાથ અને જસ્ટિસ સંદીપ મહેતાની બેન્ચે CBI દ્વારા દાખલ કરવામાં આવેલી સ્ટેટસ રિપોર્ટની તપાસ કર્યા બાદ આ કડક પગલું ભર્યું છે. આ રિપોર્ટ અગાઉના એપ્રિલ મહિનાના આદેશ બાદ સોંપવામાં આવી હતી. જેમાં ખાંડુ સાથે જોડાયેલા પબ્લિક વર્કસ કોન્ટ્રાક્ટ ફાળવણીમાં પક્ષપાત કરવાના આરોપોની CBI તપાસનો આદેશ અપાયો હતો. 17 જુલાઈએ CBI દ્વારા સોંપવામાં આવેલી સ્ટેટસ રિપોર્ટ પરથી જાણવા મળ્યું કે ફેડરલ એજન્સીને રાજ્ય સરકાર પાસેથી રેકોર્ડ મેળવવામાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. બેન્ચે નોંધ્યું કે રેકોર્ડ ઉપલબ્ધ કરાવવાના મામલામાં રાજ્ય સરકાર સહયોગ કરી રહી નથી.

# પેટ્રોલ-ડીઝલ અને વિમાનના ઈંધણ પર સરકારે વધાર્યો વિન્ડફોલ ટેક્સ

નવી દિલ્હી

આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવમાં સતત થતી અસ્થિરતા અને અમેરિકા-ઈરાન વચ્ચે વધતા તણાવ વચ્ચે કેન્દ્ર સરકારે મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. નાણા મંત્રાલયના નોટિફિકેશન અનુસાર, સરકારે પેટ્રોલ, ડીઝલ અને જેટ ફ્યુઅલ (ATF)ના નિકાસ પર લાગતા વિન્ડફોલ ટેક્સમાં મોટો વધારો કરી દીધો છે. કેટલો વધારવામાં આવ્યો ટેક્સ? સરકાર દ્વારા પેટ્રોલ, ડીઝલ અને ATF પર એક્સપોર્ટ ડ્યુટીમાં નીચે મુજબ ફેરફાર કરવામાં આવ્યા છે: પેટ્રોલ: નિકાસ શુલ્કમાં રૂ. 1 per literનો વધારો કરવામાં આવ્યો છે. હવે પેટ્રોલ પર નિકાસ શુલ્ક રૂ. 2.5 per literથી વધીને રૂ. 3.5 per liter થઈ ગયું છે. ડીઝલ: ડીઝલના નિકાસ પર સૌથી મોટો ફટકો પડ્યો છે. SAED અને અન્ય ટેક્સ મળીને ડીઝલ પર લગભગ રૂ. 10 per liter સુધીનો વધારો કરાયો છે, જેનાથી હવે કુલ શુલ્ક રૂ. 25.5 per liter થઈ ગયું છે (જે 15 દિવસ પહેલા સુધી રૂ. 15.5 per liter હતું). જેટ ફ્યુઅલ (ATF): વિમાનોમાં વપરાતા ઈંધણ પર નિકાસ શુલ્ક રૂ. 7.5 per liter વધારીને રૂ. 22 per liter કરી દેવામાં આવ્યું છે, જે પહેલા રૂ. 14.5 per liter હતું.

## NEWS TRACK

### દક્ષિણ કોરિયામાં ભીષણ હીટ વેવનો કાળો કેર: 122 વર્ષનો રૅકોર્ડ તૂટ્યો, 16 લોકોના મોત

દક્ષિણ કોરિયામાં ભીષણ ગરમીને પગલે જનતા ત્રાહિમામ પોકારી રહી છે. સિઓલમાં તેની પ્રથમ ગંભીર હીટ વેવ ચેતવણી આપી દેવામાં આવી છે. તો બીજી તરફ દક્ષિણ કોરિયાના અનેક શહેરો ઘાતક હીટ વેવથી ઝઝૂમી રહ્યા છે. દક્ષિણ-પૂર્વના શહેર યાંગસાનમાં રવિવારે બપોરે 42.5 ડિગ્રીનું ઓલ-ટાઈમ હાઈ રૅકોર્ડ તાપમાન પહોંચી ગયું હતું, જે 122 વર્ષના હવામાન અવલોકનોમાં માપવામાં આવેલું સૌથી વધુ તાપમાન છે, અને હવે આ ગરમી પશ્ચિમ તરફ આગળ વધી રહી છે, જે 90 લાખથી વધુ વસ્તી ધરાવતી ગીચ રાજધાની તરફ આવી રહી છે, જ્યાં મંગળવારે તાપમાન 38 ડિગ્રી સુધી પહોંચવાની અને ત્યારબાદ સતત ત્રણ દિવસ 37 ડિગ્રી રહેવાની ધારણા છે. મંગળવારે કેબિનેટ બેઠકમાં રાષ્ટ્રપતિ લી જે મ્યુંગે અધિકારીઓને લોકોના દૈનિક જીવનનું રક્ષણ કરવા, અને એર કન્ડિશનિંગની માંગ વધતાં પાવર સિસ્ટમની તપાસ કરવા જરૂરી પગલાં લેવા આહ્વાન કર્યું હતું. તેમણે કહ્યું કે, આપણે રાષ્ટ્રીય સંકટ પ્રણાલીના મૂળભૂત સુધારા માટે પ્રયાસો કરવાની જરૂર છે, કારણ કે હવામાન અતિશય સામાન્ય બની રહ્યું છે.

### શેખ હસીનાના નવી દિલ્હીમાં થનારા વર્ચ્યુઅલ ભાષણ સામે બાંગ્લાદેશનો વાંધો

બાંગ્લાદેશે ભારતના નવી દિલ્હીથી દેશનિકાલ કરાયેલા પૂર્વ વડાપ્રધાન શેખ હસીનાના આયોજિત વર્ચ્યુઅલ સંબોધન પર પોતાની સ્થિતિ સ્પષ્ટ કરવા ભારતને અનુરોધ કર્યો છે. બાંગ્લાદેશે ચેતવણી આપી છે કે કોઈ ફરાર વ્યક્તિ દ્વારા રાજકીય પ્રવૃત્તિઓ ચલાવવાથી બંને દેશો વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોને નુકસાન થઈ શકે છે. હસીના આગામી 5 ઑગસ્ટે દિલ્હીમાં ફોરિન કરસ્પોન્ડન્ટ્સ ક્લબ દ્વારા યોજાનાર એક કાર્યક્રમમાં વીડિયો લિંક દ્વારા સંબોધન કરવાની છે. જે તેમની સરકારને પદભ્રષ્ટ કરનાર વિદ્યાર્થી આંદોલનની બીજી વર્ષગાંઠ નિમિત્તે યોજાઈ રહ્યો છે. પ્રત્યાર્પણની માંગ અને હસીનાની વાપસીની જાહેરાત આ મુદ્દો એવા સમયે સામે આવ્યો છે. જ્યારે ઢાકા ભારત પાસેથી શેખ હસીનાના પ્રત્યાર્પણની સતત માંગ કરી રહ્યું છે. ઑગસ્ટ 2024માં બાંગ્લાદેશ છોડ્યા પછી હસીના ભારતમાં જ આશરો લઈ રહી છે. તેમની સામે અનેક ગંભીર કેસો નોંધાયેલા હોવા છતાં, તેમણે ડિસેમ્બરમાં બાંગ્લાદેશ પરત ફરવાની યોજના બનાવી છે.

# કાલુપુર પોલીસ સ્ટેશનમાં ખાખીની આડમાં ખૌફનું સામ્રાજ્ય

## પીઆઈ એચ.આર. વાઘેલા અને વહીવટદાર ધવલ જાનીની જોડી સામે જનતાનો આક્રોશ, પાક્કો ગુજરાતનો સણસણતો પર્દાફાશ

અમદાવાદ

અમદાવાદ શહેરનું હૃદય ગણાતો અને વેપારથી સતત ધમધમતો કાલુપુર વિસ્તાર આજે વેપાર માટે નહીં, પરંતુ ગેરકાયદે ગુનાખોરી, નશાના કાળા કારોબાર અને સંગઠિત હપ્તાખોરીનું મુખ્ય કેન્દ્ર બની ગયો છે. કાલુપુર પોલીસ સ્ટેશનના પીઆઈ એચ.આર. વાઘેલા અને તેમના ખાસ કથિત વહીવટદાર ધવલ જાનીની જોડીએ સમગ્ર વિસ્તારમાં ખાખી વર્દીની આડમાં એવું કાળું નેટવર્ક ગોઠવ્યું છે કે જેનાથી આખા અમદાવાદ પોલીસ કમિશનર કાર્યાલયનું નાક વઢાઈ રહ્યું છે.

સ્થાનિક વેપારીઓ અને જાગૃત નાગરિકો આ જોડીના ત્રાસથી તંગ આવી ગયા છે. પોલીસ સ્ટેશનમાં વારંવાર લેખિત અને મૌખિક રજૂઆતો કરવા છતાં કોઈ કાર્યવાહી થતી નથી, ઊલટાનું અસામાજિક પ્રવૃત્તિઓ સામે અવાજ ઉઠાવનારાઓ પર જ પોલીસ તંત્ર દ્વારા દબાણ લાવવામાં આવે છે. અહીં મોટો અને સળગતો સવાલ એ ઊભો થાય છે કે કાલુપુરમાં કાલે જો કોઈ મોટો લઠ્ઠાકાંડ કે ગંભીર ગુનાહિત બનાવ આચરવામાં આવશે, તો તેનો જવાબદાર કોણ રહેશે? શું પીઆઈ વાઘેલાને વિસ્તારમાંથી અસામાજિક પ્રવૃત્તિઓ બંધ કરાવવામાં કોઈ રસ જ નથી કે પછી હપ્તાનો આંકડો એટલો મોટો છે?

### દારૂ, વરલી-મટકાથી લઈને ઝેરી MD ડ્રગ્સનો ખુલ્લેઆમ વેપાર

કાલુપુરની સાંકડી ગલીઓમાં કાયદા અને પોલીસનો કોઈ ડર રહ્યો નથી. દેશી અને વિદેશી દારૂના અડ્ડાઓ ખુલ્લેઆમ ધમધમી રહ્યા છે, જાહેર રસ્તાઓ પર ટેબલો લગાવીને વરલી-મટકાનો જુગાર રમાડાઈ રહ્યો છે, અને યુવા પેઢીને બરબાદ કરતું ઝેરી એમ.ડી. ડ્રગ્સ પણ આસાનીથી ઉપલબ્ધ છે. આ તમામ કાળા કારોબારમાંથી દરરોજ લાખો રૂપિયાનો હપ્તો ઉઘરાવવામાં આવે છે. પીઆઈ વાઘેલાના આશીર્વાદથી વહીવટદાર ધવલ જાની પોલીસ સ્ટેશન કરતાં પણ વધુ પાવર બતાવીને પોતાનું 'કાળું રાજ' ચલાવી રહ્યો છે.

### ઈમ્પોર્ટેડ ચાઈનીઝ માલ અને ગેરકાયદે મોબાઈલ માર્કેટ પર 'હપ્તા ટેક્સ'

કાલુપુર અને રિલીફ રોડનું ઈલેક્ટ્રોનિક્સ માર્કેટ સમગ્ર ગુજરાતમાં જાણીતું છે, પણ હવે ત્યાં ધવલ જાનીનો હપ્તા ટેક્સ વાગી ગયો છે. બિલ વગર ઈમ્પોર્ટ કરાતા ચાઈનીઝ ઈલેક્ટ્રોનિક્સ સામાન પર મંથલી હપ્તા અને વગર બિલના તથા ચોરીના સ્માર્ટફોન વેચતા દલાલો પાસેથી ફિક્સ કમિશન ઉઘરાવવામાં આવી રહ્યું છે. આ કાળા વહીવટના જોરે વહીવટદાર ધવલ જાની અલ્પ સમયમાં કરોડપતિ બનીને કરોડો રૂપિયાની અનામી બેનામી મિલકતો




વસાવી ચૂક્યો છે.

### સટ્ટાબાજો માટે 'સેફ હેવન': "ઉપર સુધી સેટિંગ છે!"

ક્રિકેટ મેચના બુકીઓ અને સટ્ટાબાજો માટે કાલુપુર પોલીસ સ્ટેશનની હદ આખા રાજ્યમાં સૌથી 'સુરક્ષિત સરનામું' બની ગઈ છે. એક જાણીતા બુકીએ નામ ન આપવાની શરતે ખુલાસો કર્યો હતો કે કાલુપુર સ્ટેશન હદમાં ચાલતા સટ્ટાના અડ્ડાઓ પર કોઈ એજન્સી રેડ પાડતી નથી. ધવલ જાનીનું સેટિંગ છેક ઉપર સુધી છે, જેથી કોઈ એજન્સી પગલું ભરતી નથી.

### ગૃહ મંત્રીના 'ઝીરો ટોલરન્સ'ની મજાક? તંત્રીનો નંબર બ્લોક!

ગુજરાતના ગૃહ મંત્રી ગુનાખોરી સામે 'ઝીરો ટોલરન્સ'ની વાતો કરે છે, પરંતુ કાલુપુરમાં પીઆઈ વાઘેલા અને ધવલ જાનીનું સામ્રાજ્ય તેના ધજીયા ઉડાડી રહ્યું છે. અમદાવાદ વિજિલન્સ વિંગ, પીસીબી અને ડીસીપી સ્કવોડ કેમ અંધ બનીને બેઠી છે? હદ તો ત્યારે થઈ જ્યારે આ સમગ્ર હપ્તા રાજ અંગે પૂછપરછ કરવા માટે 'પાક્કો ગુજરાત ન્યૂઝ' ના તંત્રીએ કાલુપુર પોલીસ સ્ટેશનના સિનિયર ઈન્સ્પેક્ટર વાઘેલાનો સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો, ત્યારે પીઆઈ વાઘેલાએ તંત્રીનો ફોન નંબર જ બ્લોક કરી દીધો! આવા પોલીસ અધિકારીઓ જનતાની સેવા શું કરશે? અમદાવાદના જાગૃત નાગરિકો અને કાલુપુરના પીડિત વેપારીઓ હવે સીધા અમદાવાદ શહેર પોલીસ કમિશનર પાસે ન્યાયની અપીલ કરી રહ્યા છે કે આ મામલે તાત્કાલિક ઉચ્ચ સ્તરીય તપાસ કમિટીની રચના કરવામાં આવે, પીઆઈ એચ.આર. વાઘેલાની સસ્પેન્શન સાથે બદલી થાય અને વહીવટદાર ધવલ જાનીની બેનામી સંપત્તિઓની ઈડી તથા ઈનકમ ટેક્સ દ્વારા કડક તપાસ કરાવવામાં આવે. જો આ કાળા કારોબાર સામે તાત્કાલિક કડક પગલાં લેવામાં નહીં આવે, તો 'પાક્કો ગુજરાત' આ કાળા સામ્રાજ્યના વધુ ચોંકાવનારા પુરાવાઓ અને નામો જનતા સામે ખુલ્લા પાડવાનું ચાલુ રાખશે!

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

# SPના 'દમદાર' વહીવટદાર બિપિન ચૌધરી અને બુટલેગરોના મેળાપીપણાનો સણસણતો પર્દાફાશ

## તાપી-વ્યારામાં ખાખીનો ખોફ ખાખ : 10 વર્ષથી જમાવેલો અડ્ડો, કરોડોની કાળી કમાણી અને ફોરેન ટૂર પર ઊઠ્યા આકરા સવાલો

તાપી

ગુજરાતમાં કાગળ પર ચાલતી દારૂબંધીની કરુણતા અને ખાખીના ભ્રષ્ટ વહીવટનો સૌથી ભયાનક ચહેરો તાપી-વ્યારા જિલ્લામાં ખુલ્લો પડ્યો છે. 'પાક્કો ગુજરાત ન્યૂઝ'ના ગ્રાઉન્ડ રિપોર્ટ અનુસાર, સમગ્ર તાપી જિલ્લાને બુટલેગરો અને ભ્રષ્ટ પોલીસ અધિકારીઓએ રસરંગનું સાધન બનાવી દીધું છે. જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા સંપૂર્ણપણે છિન્નભિન્ન થઈ ચૂકી છે. ઈંગ્લિશ દારૂનું બેરોકટોક નેટવર્ક, ગેરકાયદે ધમધમતી જુગારની ક્લબો અને ગામડે-ગામડે ઝેર ઓકતી કેમિકલયુક્ત દેશી દારૂની ભઠ્ઠીઓ આજે ખાખીની છત્રછાયામાં ફૂલીફાલી રહી છે.

તાપી જિલ્લો આજે માત્ર દારૂનું સેવન કરવાનું કેન્દ્ર નથી રહ્યો, પરંતુ સુરત શહેર અને આસપાસના વિસ્તારો સુધી દારૂ સપ્લાય કરવાનો મુખ્ય 'સપ્લાય હબ' બની ગયો છે. આ કાળા કારોબારનો આખો ખેલ કન્ટેનરો મારફતે ચલાવવામાં આવે છે. તાપીથી સુરત સુધી દારૂનો જથ્થો સુરક્ષિત પહોંચાડવાની જવાબદારી જિલ્લાના નામાંકિત બુટલેગરો સંજુ દાઢી, હેમંત બેટરી, વિજય સાયન, નીતિન અને રૂસ્તમ સોનગઢના હાથમાં છે. આ સિન્ડિકેટ એટલી બેફામ બની છે કે રસ્તા પર દારૂ ભરેલા કન્ટેનરો પસાર થાય ત્યારે ખુદ પોલીસનું પેટ્રોલિંગ તેમને રક્ષણ પૂરું પાડતું હોવાના ગંભીર આરોપો લાગ્યા છે.

આ આખી ભ્રષ્ટ શ્રૃંખલાનો મુખ્ય સૂત્રધાર અને વહીવટી અડ્ડો સંભાળનાર બીજું કોઈ નહીં પણ એલસીબીના એએસઆઈ બિપિન ચૌધરી હોવાનું સામે આવ્યું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, તાપી જિલ્લામાં ચાલતા દરેક ગેરકાયદે ધંધામાંથી મહિને કરોડો રૂપિયાનું ઉઘરાણું કરવામાં આવે છે. એક-એક બુટલેગર પાસેથી મહિને 60 થી 70 લાખનો હપ્તા વસૂલવામાં આવે છે. આ હપ્તાખોરીના જોરે એક સામાન્ય એએસઆઈ સ્તરનો કર્મચારી આજે કરોડો રૂપિયાનો આસામી બની બેઠો છે.


વહીવટદાર બિપિન ચૌધરી

જિલ્લામાં ગેરકાયદે ચાલી રહેલી કેમિકલયુક્ત દેશી દારૂની ભઠ્ઠીઓ ગમે ત્યારે મોટા લઠ્ઠાકાંડને નિમંત્રણ આપી રહી છે. ભૂતકાળમાં નિર્દોષ લોકોના જીવ લેનારા લઠ્ઠાકાંડમાંથી પ્રશાસને કોઈ પાઠ ભણ્યો નથી. જો તાપી જિલ્લામાં કેમિકલયુક્ત દારૂ પીવાથી કોઈ મોટી જાનહાની થશે કે નિર્દોષ લોકોના માળા વિખેરાશે, તો તેનો સીધો જવાબદાર કોણ? શું એસપી કે આ વહીવટદારો એ મૃતકોના પરિવારની જવાબદારી લેશે?

સૌથી વધુ ચોંકાવનારી બાબત એ છે કે બિપિન ચૌધરી છેલ્લા 10 વર્ષથી એક જ જિલ્લામાં અને એક જ મોહરા હેઠળ પોતાની સત્તા જમાવીને બેઠા છે. સરકારી નિયમો મુજબ સમયાંતરે થતી બદલીઓના નિયમો આ અધિકારી માટે કેમ રદ થઈ ગયા? તાપી જિલ્લાના પોલીસ વડા જશુ દેસાઈના અત્યંત ખાસ અને લાડકા મનાતા આ વહીવટદારને ન તો રેન્જ આઈજીનો ખોફ છે, ન તો સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC)ની કોઈ બીક.

તાજેતરમાં જ સામે આવેલી ચોંકાવનારી વિગતો અનુસાર, ફોરેન રિટર્ન બનેલા એએસઆઈ બિપિન ચૌધરી 10 દિવસ માટે દુબઈ અને બેંગકોકની આલીશાન ટૂર માણીને પાછા આવ્યા છે! આજના જમાનામાં આટલી મોંઘવારી વચ્ચે એક સામાન્ય એએસઆઈ કક્ષાના કર્મચારીને લાખો રૂપિયાનો વિદેશ પ્રવાસનો ખર્ચ કઈ રીતે પોસાય? સૂત્રોના જણાવ્યા અનુસાર આ મોંઘોદાટ આંતરરાષ્ટ્રીય પ્રવાસ તાપીના દારૂના બુટલેગરો દ્વારા સ્પોન્સર કરવામાં આવ્યો હતો! આ વિદેશ પ્રવાસથી વહીવટદાર આખરે શું લઈને આવ્યા તે પણ એક ચર્ચાનો મોટો વિષય બન્યો છે. સવાલ એ ઊભો થાય છે કે એક સરકારી કર્મચારીને 10 દિવસ વિદેશ જવાની પરવાનગી કોના આદેશથી મળી? શું આ અધિકારી ખુલ્લેઆમ રાજ્યના મુખ્યમંત્રી અને ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીના 'ઝીરો ટોલરન્સ'ના દાવાઓને ખુલ્લી ચેલેન્જ આપી રહ્યો છે?

જ્યારે આ સમગ્ર મામલે 'પાક્કો ગુજરાત ન્યૂઝ' દ્વારા તાપી જિલ્લા પોલીસ વડા જશુ દેસાઈનો સંપર્ક કરવામાં આવ્યો અને સવાલો પૂછવામાં આવ્યા, ત્યારે તેમણે 'મને કંઈ ખબર નથી, હું તપાસ કરાવું છું' તેવો બચાવ રજૂ કર્યો હતો.

ત્યારબાદ તેમણે ફોન ઉપાડવાનું પણ બંધ કરી દીધું હતું. એલસીબી પીઆઈ પણ સમગ્ર મામલે મૌન ધારણ કરીને બેઠા છે, જે સ્પષ્ટ દર્શાવે છે કે આ ભ્રષ્ટ સિન્ડિકેટ ઉપરથી નીચે સુધી રેડ કાર્પેટ પર ચાલી રહી છે.

### 'પાક્કો ગુજરાત ન્યૂઝ' આ સમગ્ર કૌભાંડ સામે અવાજ ઉઠાવે છે અને રાજ્ય સરકાર, ગૃહ વિભાગ તથા ઉચ્ચ પોલીસ અધિકારીઓ સમક્ષ આકરી માંગણીઓ રજૂ કરે છે:

1. **ACB દ્વારા કડક તપાસ:** એએસઆઈ બિપિન ચૌધરીની છેલ્લા 10 વર્ષની તમામ સ્થાવર-જંગમ મિલકતો, બેંક એકાઉન્ટ્સ અને બેનામી સંપત્તિઓની એન્ટી કરપ્શન બ્યુરો (ACB) દ્વારા ઊંડાણપૂર્વક તપાસ થાય.
2. **દુબઈ અને બેંગકોક પ્રવાસની તપાસ:** 10 દિવસના વિદેશ પ્રવાસ માટે કોની મંજૂરી લેવાઈ હતી અને તેના લાખો રૂપિયાના ખર્ચનો સ્ત્રોત શું હતો, તેની તટસ્થ ઈન્ક્વાયરી કરવામાં આવે.
3. **એસપી અને એલસીબીની ભૂમિકાની તપાસ:** જિલ્લા પોલીસ વડા જશુ દેસાઈ અને એલસીબી પીઆઈની નિષ્ક્રિયતા તથા છત્રછાયા અંગે રેન્જ આઈજી સ્તરેથી તપાસ કમિટી નીમવામાં આવે.
4. **બુટલેગરો સામે પાસા:** સંજુ દાઢી, હેમંત બેટરી, વિજય સાયન, નીતિન અને રૂસ્તમ સોનગઢ જેવા બુટલેગરો સામે તાત્કાલિક ધોરણે પાસા હેઠળ કડક કાર્યવાહી કરી દારૂના નેટવર્કને જડમૂળથી નાબૂદ કરવામાં આવે.

## ગાંધીનગર સઈજ રસ્તેથી નાકાબંધી તોડી ભાગેલી ક્રેટામાંથી દારૂ ઝડપાયો : 9.72 લાખનો મુદ્દામાલ જપ્ત

કલોલ

કલોલ તાલુકા પોલીસ ટીમે મોડી રાત્રે નાકાબંધી તોડીને ભાગેલી લક્ઝ્યુરિયસ ક્રેટા ગાડીને ફિલ્મી રીતે સઈજ ગુરૂકુલ કટ નજીકથી બિનવારસી હાલતમાં ઝડપી લીધી હતી. જેની તલાશી લેતા અંદરથી રૂ.2.72 લાખની કિંમતનો દારૂ બિયરનો જથ્થો મળી આવતા પોલીસે વોન્ટેડ બુટલેગર વિરુદ્ધ ગૂનો નોંધી કુલ રૂ.9.72 લાખનો મુદ્દામાલ કબ્જે લઈ વધુ તપાસ હાથ ધરી છે. કલોલ તાલુકા પોલીસ સ્ટેશનના પીઆઈ જે.જે. ગઢવીની ટીમ નાઈટ પેટ્રોલિંગ કરી રહી હતી. દરમિયાન સઈજ ગુરૂકુલ કટ નજીક બાતમી મળેલ કે મહેસાણા તરફથી એક સફેદ રંગની લક્ઝ્યુરિયસ હોંન્ડાઈ ક્રેટા ગાડીમાં ગેરકાયદેસર અને વગર પાસ પરમીટે ભારતીય બનાવટનો દારૂ ભરીને અમદાવાદ તરફ લઈ જવામાં આવી રહ્યો છે. આ બાતમી આધારે પોલીસે હાઈવે પર મજબૂત નાકાબંધી ગોઠવી દીધી હતી. ત્યારે મહેસાણા તરફથી શંકાસ્પદ સફેદ રંગની ક્રેટા ગાડી આવતી જણાતા પોલીસે તેને રોકવાનો ઈશારો કર્યો હતો. પરંતુ શાતિર બુટલેગરે પોલીસ વાહન જોતાં જ પકડાઈ જવાના ડરે ગુરૂકુલ કટ પરથી જ યુ-ટર્ન મારીને ગાડી પુરપાટ ઝડપે પાછી વાળી લીધી હતી.

## ગુજરાતમાં 55 લાખ NFSA રેશનકાર્ડ ધારકોને નોટિસ: કાર્ડ તરત રદ નહીં થાય, અપાત્ર લાભાર્થીઓની છટણી માટે તપાસ શરૂ

અમદાવાદ

ગુજરાતમાં નેશનલ ફૂડ સિક્યુરિટી એક્ટ (NFSA) હેઠળ સસ્તા ધાન્યનો લાભ લેતા 55 લાખથી વધુ રેશનકાર્ડ ધારકોને નોટિસ પાઠવવામાં આવતા રાજ્યભરમાં ભારે ખળભળાટ મચી ગયો છે. જોકે, તંત્ર દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી છે કે નોટિસ મળતાની સાથે જ તમામ કાર્ડ ધારકોનું રેશન તરત જ બંધ કરી દેવામાં આવશે નહીં. આ સમગ્ર ઝુંબેશ માત્ર શંકાસ્પદ અને અપાત્ર લાભાર્થીઓની ઓળખ કરીને ચકાસણી કરવા માટે શરૂ કરવામાં આવી છે.

કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા આધાર કાર્ડ, પાન કાર્ડ, ઈન્કમ ટેક્સ રિટર્ન અને અન્ય સરકારી ડેટાનું ક્રોસ-વેરિફિકેશન (ડિજિટલ ચકાસણી) કરવામાં આવ્યું હતું. આ ડેટા પ્રોસેસિંગ દરમિયાન ચોંકાવનારો ખુલાસો થયો હતો કે, અનેક લોકો આર્થિક રીતે સંપૂર્ણ રીતે સક્ષમ હોવા છતાં ગરીબ અને જરૂરિયાતમંદ પરિવાર માટેની NFSA યોજના હેઠળ સસ્તા અને મફત અનાજનો ખોટી રીતે લાભ લઈ રહ્યા છે.

સરકાર દ્વારા નક્કી કરવામાં આવેલા માપદંડો મુજબ મુખ્યત્વે નીચે મુજબની કેટેગરીમાં આવતા લોકોને નોટિસ ઈશ્યૂ કરવામાં આવી છે: જેમની વાર્ષિક આવક 6 લાખથી વધુ છે. જેઓ દર વર્ષે નિયમિત ઈન્કમ ટેક્સ (આવકવેરો) ભરે છે. જેમની પાસે મોટી જમીન, વાહનો કે નોંધપાત્ર સંપત્તિ છે. GST નંબર ધરાવતા નોંધાયેલા વેપારીઓ અથવા કંપનીના ડિરેક્ટરો. મૃત્યુ પામેલા વ્યક્તિઓના નામે હજુ પણ ચાલુ રહેલા રેશનકાર્ડ.

જે રેશનકાર્ડ ધારકોને નોટિસ મળી છે તેમણે ગભરાવાની જરૂર નથી, પરંતુ નિર્ધારિત સમયમર્યાદામાં (સામાન્ય રીતે 21 દિવસમાં) સંબંધિત મામલતદાર અથવા પુરવઠા અધિકારી સમક્ષ પહોંચીને પોતાનો લેખિત ખુલાસો અને જરૂરી પુરાવા રજૂ કરવાના રહેશે.

## વડોદરામાં દુઃખદ ઘટના: જાણીતા વિરાજ સલૂનના સંચાલક હિતેશ ભાટિયાએ દંતેશ્વર તળાવમાં કૂદી જીવન ટૂંકાવ્યું

વડોદરા

વડોદરા શહેરના ગંગોત્રી એપાર્ટમેન્ટ પાસે આવેલી જાણીતી વિરાજ સલૂનના 55 વર્ષીય સંચાલક હિતેશ ભાટિયાએ દંતેશ્વર તળાવમાં કૂદીને આત્મહત્યા કરી લેતા સમગ્ર વિસ્તારમાં ભારે અરેરાટી અને શોકની કાલિમા છવાઈ ગઈ છે. ઘટનાની વિગતો મુજબ, રોજિંદા ક્રમ પ્રમાણે વિસ્તારમાં સામાન્ય ચહલપહલ હતી ત્યારે અચાનક હિતેશ ભાટિયા દ્વારા તળાવમાં ઝંપલાવ્યાના સમાચાર વાયુવેગે પ્રસર્યા હતા. બનાવની જાણ થતાં જ આસપાસના સ્થાનિક રહીશો અને વેપારીઓના મોટા ટોળેટોળા દંતેશ્વર તળાવ કિનારે દોડી આવ્યા હતા. આ કરૂણ દ્રશ્ય જોઈને સ્થળ પર હાજર સૌ કોઈ સ્તબ્ધ થઈ ગયા હતા. બનાવ અંગેની જાણ મળતાં જ વડોદરા પોલીસનો કાફલો અને ફાયર બ્રિગેડની રેસ્ક્યૂ ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ફાયર વિભાગના જવાનોએ તળાવના ઊંડા પાણીમાં શોધખોળ અને બચાવ કામગીરી હાથ ધરી હતી. ભારે જહમત બાદ હિતેશ ભાટિયાને પાણીમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા, પરંતુ ત્યાં સુધીમાં તેમનું પ્રાણપંખેડું ઊડી ગયું હતું. પોલીસે મૃતદેહનો કબજો મેળવીને જરૂરી કાયદેસરની કાર્યવાહી પૂર્ણ કરી તેને પંચનામા બાદ પોસ્ટમોર્ટમ અર્થે હોસ્પિટલ ખસેડ્યો હતો.

## 27 જિંદગીઓનો હોમાયેલો ભોગ અને ચીફ ફાયર ઓફિસર ઈલેશ ખેરને HCમાંથી રાહત!

રાજકોટ

સમગ્ર ગુજરાતને હચમચાવી મૂકનારા અને 27 નિર્દોષ નાગરિકોને જીવતા ભૂંજી નાખનારા રાજકોટના ચર્ચિત TRP ગેમ ઝોન અગ્નિકાંડમાં એક મોટો લીગલ ટ્વિસ્ટ સામે આવ્યો છે. આ ભયાનક અગ્નિકાંડ બાદ કાર્યવાહીના ભાગરૂપે નોકરીમાંથી બરતરફ (ડિસમિસ) કરવામાં આવેલા રાજકોટના તત્કાલીન ચીફ ફાયર ઓફિસર (CFO) ઈલેશ ખેરને ગુજરાત હાઈકોર્ટમાંથી મોટી રાહત મળી છે. હાઈકોર્ટે ઈલેશ ખેરને ડિસમિસ ગણવાને બદલે માત્ર સસ્પેન્ડ ગણવાનો આદેશ કર્યો છે.

રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન (RMC) દ્વારા TRP ગેમ ઝોન હોનારત બાદ ચીફ ફાયર ઓફિસર ઈલેશ ખેર સામે આકરી કાર્યવાહી કરતા તેમને સેવાઓમાંથી સીધા જ ડિસમિસ (બરતરફ) કરી દેવામાં આવ્યા હતા. આ નિર્ણય સામે ઈલેશ ખેરે ગુજરાત હાઈકોર્ટના દરવાજા ખટખટાવ્યા હતા. બહાલી વિનાની કાર્યવાહી પર સવાલ: હાઈકોર્ટમાં સુનાવણી દરમિયાન રજૂઆત કરવામાં આવી હતી કે નિયમોનુસાર ચોક્કસ પ્રક્રિયા અને આખરી મંજૂરી વગર સીધા ડિસમિસ કરી શકાય નહીં.

### દેશના 25% થી વધુ કેરિયર માત્ર ગુજરાતમાં

## સંસદના આંકડાથી ખુલાસો: સિકલ સેલ ડિસીઝમાં ગુજરાત દેશમાં ત્રીજા ક્રમે

અમદાવાદ

કેન્દ્ર સરકાર દ્વારા સંસદમાં રજૂ કરવામાં આવેલા તાજેતરના આંકડાઓ મુજબ ગુજરાતના આદિવાસી વિસ્તારોમાં સિકલ સેલ ડિસીઝનું પ્રમાણ અત્યંત ચિંતાજનક સ્તરે પહોંચ્યું છે. દેશના ૧૭ આદિવાસી વસ્તી ધરાવતા રાજ્યોની સરખામણીએ સિકલ સેલ ડિસીઝના દર્દીઓની સંખ્યામાં ગુજરાત સમગ્ર દેશમાં ત્રીજા ક્રમે આવે છે. આ ઉપરાંત, દેશભરમાં નોંધાયેલા કુલ સિકલ સેલ કેરિયર પૈકી ૨૫ ટકાથી વધુ કિસ્સાઓ એકલા ગુજરાતમાં જ નોંધાયા છે. રાજીવ ગાંધી ભવન ખાતે યોજાયેલી વિશેષ પત્રકાર પરિષદને સંબોધતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા ડૉ. પાર્થિવરાજસિંહ કઠવાડીયાએ આ ગંભીર પરિસ્થિતિ અંગે ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે ગુજરાતના ૧૩ આદિવાસી બહુલ જિલ્લાઓમાં એક કરોડથી વધુ આદિવાસી સમુદાયના લોકો વસવાટ કરે છે. સંસદમાં રજૂ કરાયેલા આંકડા અનુસાર ગુજરાતના આદિવાસી વિસ્તારમાં



૩૦,૫૨૧ દર્દીઓ સિકલ સેલ ડિસીઝથી પીડાઈ રહ્યા છે. દર્દીઓની સંખ્યાની દ્રષ્ટિએ દેશમાં ઓડિશા (૧,૦૬,૨૫૫) અને મધ્ય પ્રદેશ (૪૦,૪૩૬) બાદ ગુજરાત ત્રીજા સ્થાને આવે છે. રાષ્ટ્રીય અને ગુજરાત સ્તરનું સ્ક્રીનીંગ: દેશભરમાં આદિવાસી વસ્તી ધરાવતા ૧૭ રાજ્યોમાં કુલ ૭.૨૬ કરોડ આદિવાસી સમુદાયના લોકોનું સિકલ સેલ ડિસીઝ માટે સ્ક્રીનીંગ કરવામાં આવ્યું હતું. જેમાં સમગ્ર દેશમાં ૨,૪૮,૩૭૫ લોકો સિકલ સેલ રોગથી પીડિત માલૂમ પડ્યા હતા, જ્યારે ૨૦,૩૭,૭૩૩ લોકો સિકલ સેલ કેરિયર તરીકે ઓળખાયા હતા. જ્યારે ગુજરાતની વાત કરીએ તો રાજ્યના આદિવાસી વિસ્તારોમાં ૮૩,૬૬,૦૬૬ લોકોનું સ્ક્રીનીંગ કરવામાં આવ્યું હતું. જેમાં ૫,૪૮,૮૨૦ લોકો સિકલ સેલ કેરિયર અને ૩૦,૫૨૧ લોકો સિકલ સેલ દર્દી તરીકે મળી આવ્યા છે. આ આંકડો રાજ્યના આરોગ્ય ક્ષેત્ર માટે ખૂબ જ ચોંકાવનારો છે.

### વર્ષોથી પાકા રસ્તાની વાટમાં સ્થાનિકોએ પિત્તો ગુમાવ્યો

## ભાજપના ખેસ પહેરી સ્થાનિકોએ ધારાસભ્ય-નેતાઓના છાજીયા લીધા

### મુખ્યમંત્રી સુધી લેખિત ગુહાર છતાં પ્રશ્ન કાગળ પર જ અટક્યો

ગાંધીનગર

માણસા તાલુકામાં સૌનો સાથ, સૌનો વિકાસના મંચ પરથી અપાતા મસમોટા ભાષણોની પોલ વેડા ગામના ચામુંડાનગર વિસ્તારમાં ખુલ્લી પડી ગઈ છે. અત્રેના વિસ્તારને દાયકાઓથી પાકા રસ્તા જેવી પાયાની સુવિધાથી વંચિત રખાતા તંત્રની ઘોર ઉપેક્ષા અને ચુંટાયેલા પ્રતિનિધિઓની નિષ્ક્રિયતાથી કંટાળેલા સ્થાનિકોનો આક્રોશ આખરે જ્વાળામુખી બનીને બહાર આવ્યો છે. કાગળ પર મંજૂર થતી યોજનાઓ જમીન પર ન દેખાતા આજે ચામુંડાનગરના પુરુષો, મહિલાઓ અને અબાલવૃદ્ધોએ ભાજપનો જ ખેસ ધારણ કરી સ્થાનિક નેતાગીરી સામે મોરચો માંડી ધારાસભ્યના છાજીયા લઈ આકરા સૂત્રોચ્ચાર કરીને તંત્રની ઊંઘ ઉડાડી દીધી હતી.



ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકામાં વિકાસની ગુલબાંગો વચ્ચે એક ચોંકાવનારી વાસ્તવિકતા સામે આવી છે. માણસા તાલુકાના વેડા ગામે આવેલ ચામુંડાનગર વિસ્તારમાં વર્ષોથી પાકા રસ્તાના અભાવે સ્થાનિક રહીશો ભારે યાતનાઓ ભોગવવા મજબૂર બન્યા છે. વારંવારની લેખિત અને મૌખિક રજૂઆતો છતાં અસંવેદનશીલ તંત્ર અને સ્થાનિક નેતાઓના કાન સુધી અવાજ ન પહોંચતા આખરે રહીશોની ધીરજ ખૂટી છે. ભાજપના શાસનમાં જ વિકાસથી વંચિત રહેલા ચામુંડાનગરના રહીશોએ આખરે રસ્તા મુદ્દે ભાજપનો જ ખેસ પહેરીને બાળકો અને મહિલાઓ સાથે રસ્તા પર ઉતરી આવી ઉગ્ર વિરોધ પ્રદર્શન કર્યું હતું. વેડા ગામના ચામુંડાનગરમાં વસવાટ કરતા આશરે 100 જેટલા ઠાકોર સમાજના કુટુંબો આજે પણ કાચા અને ભયજનક રસ્તાઓ પરથી પસાર થવા મજબૂર છે. ચોમાસું શરૂ થતાં જ આ આખો વિસ્તાર વિખૂટો પડી જાય છે અને કાદવનું સામ્રાજ્ય સ્થપાઈ જાય છે. પરિણામે નાના બાળકોનો અભ્યાસ રઝળી પડે છે કારણ કે કાદવમાંથી પસાર થઈને શાળાએ પહોંચવું અતિ જોખમી બને છે.

## 70થી વધુ દેશો, કરોડોની નજર અને અમદાવાદની સૌથી મોટી કસોટી: CWG 2030 ગુજરાતનું ભવિષ્ય કેવી રીતે બદલી નાખશે?

### વિશ્વના રમતગમત માનચિત્ર પર ચમકશે અમદાવાદ; કરોડોનું રોકાણ, વિશ્વસ્તરીય ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને લાખો રોજગારીથી 'વિકસિત ગુજરાત' નો નવો સૂર્યોદય!

અમદાવાદ

વિશ્વના 70 થી વધુ કોમનવેલ્થ દેશો, કરોડો રમતપ્રેમીઓની નજર અને વૈશ્વિક મંચ પર ભારતનું આત્મસમર્પણ– અમદાવાદ હવે એક એવા આંતરરાષ્ટ્રીય મોડ પર આવીને ઊભું છે જ્યાંથી ગુજરાતનું ભવિષ્ય કાયમ માટે બદલાઈ જવાનું છે. 'કોમનવેલ્થ ગેમ્સ 2030' (CWG 2030) ની યજમાની મેળવવા અને તેને સફળ બનાવવા માટે અમદાવાદ શહેર અને ગુજરાત સરકાર અત્યારથી જ મહાઅભિયાનમાં લાગી ગયા છે. આ માત્ર રમતગમતનો ઉત્સવ નથી, પરંતુ અમદાવાદને 'ગ્લોબલ સ્પોર્ટ્સ સિટી' બનાવવાની સૌથી મોટી કસોટી છે. CWG 2030 માત્ર રમતો પૂરતું મર્યાદિત નહીં રહે, પરંતુ રાજ્યના આર્થિક, સામાજિક અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરના ક્ષેત્રે યુગપ્રવર્તક ક્રાંતિ લાવશે:

વિશ્વસ્તરીય ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો વિકાસ: સરદાર વલ્લભભાઈ પટેલ સ્પોર્ટ્સ એન્ક્લેવ અને નરેન્દ્ર મોદી સ્ટેડિયમની આસપાસ આંતરરાષ્ટ્રીય કક્ષાના નવા એથ્લેટિક ટ્રેક્સ, ઓલિમ્પિક સાઈઝના સ્વિમિંગ પૂલ, ઈન્ડોર એરેના અને ખેલાડીઓ માટે સ્પેશિયલ સ્પોર્ટ્સ વિલેજનું નિર્માણ થઈ રહ્યું છે. રોજગારી અને આર્થિક વિસ્ફોટ: આ મેગા ઈવેન્ટના કારણે રિયલ એસ્ટેટ, હોસ્પિટાલિટી, ટૂરિઝમ, ટ્રાન્સપોર્ટ અને કન્સ્ટ્રક્ચર ક્ષેત્રે કરોડો રૂપિયાનું વિદેશી રોકાણ આવશે, જેનાથી લાખો સ્થાનિક યુવાનો માટે રોજીરોટી અને બિઝનેસના નવા દ્વાર ખુલશે. ટ્રાન્સપોર્ટ અને કનેક્ટિવિટીમાં મોટો સુધારો: મેટ્રો રેલના ફેઝ-2 નો ઝડપી વિસ્તાર, ઈલેક્ટ્રિક બસો, નવા એક્સપ્રેસ-વે અને સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટનું વર્લ્ડ ક્લાસ અપગ્રેડેશન શહેરીજનોની આખી જીવનશૈલી બદલી નાખશે.

ટુરિઝમ અને બ્રાન્ડ ગુજરાત: 70 થી વધુ દેશોના ખેલાડીઓ, ઓફિશિયલ્સ અને વિદેશી પ્રવાસીઓ ગુજરાત પધારશે. જેનાથી સાબરમતી રિવરફ્રન્ટ, સ્ટેચ્યુ ઓફ યુનિટી, ધોળાવીરા અને કચ્છ જેવા પ્રવાસન સ્થળોને ગ્લોબલ પ્લેટફોર્મ મળશે.

## વાસી મસાલો, 25 લિટર પાણીપુરીનું દૂષિત પાણી સહિતનો નાશ

# મનપાની ફૂડ સેફ્ટી શાખાની ખાણીપીણીના 83 એકમો પર તપાસ : વિવિધ વાનગીઓના 36 નમુના લેબમાં મોકલાયા

### તપાસ દરમિયાન દંડનીય કાર્યવાહીની સાથે વેપારીઓમાં જાગૃતિ લાવવાનો પણ પ્રયાસ કરાયો



ગાંધીનગર

ચોમાસાની ઋતુની શરૂઆત થતાં જ પાણીજન્ય અને ખોરાકજન્ય રોગચાળો ફેલાવાનો ભય સતત મંડરાતો રહે છે. નાગરિકોના સ્વાસ્થ્યની સુરક્ષાના દાવા સાથે મહાનગરપાલિકાની ફૂડ સેફ્ટી શાખા દ્વારા જુલાઈ મહિના દરમિયાન શહેરના અમુક નિશ્ચિત અને હાઈલાઈટ થતી જગ્યાઓની ખાણીપીણીની લારીઓ અને પેઢીઓ પર દરોડા પાડવામાં આવ્યા હતા. કોર્પોરેશનની આ કાર્યવાહીને કારણે ભેળસેળિયા અને અસ્વચ્છતા રાખતા વેપારીઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. મહાનગરપાલિકાની ફૂડ સેફ્ટી શાખા દ્વારા જુલાઈ મહિના દરમિયાન શહેરના વિવિધ વિસ્તારોમાં વિશેષ વાન દ્વારા સતત પેટ્રોલિંગ કરીને ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ ઝુંબેશ દરમિયાન ટેસ્ટિંગ કેમિસ્ટ દ્વારા કુલ 83 જેટલી પેઢીઓની રૂબરૂ તપાસ કરવામાં આવી હતી. આ સ્થળ પર જ કેમિસ્ટ દ્વારા તેલ, વિવિધ મસાલા, અને પીવાના પાણી જેવા પદાર્થોના 79 પ્રાથમિક પરીક્ષણો હાથ ધરાયા હતા. આ પ્રાથમિક તપાસ દરમિયાન જે ખાદ્યસામગ્રી આરોગ્ય માટે હાનિકારક અને દૂષિત જણાઈ આવી હતી તેનો સ્થળ પર જ ત્વરિત નાશ કરવામાં આવ્યો હતો. જેમાં માનવ આરોગ્ય માટે જોખમી એવા 25 લિટર પાણીપુરીનું દૂષિત પાણી, 8 કિલોગ્રામ જેટલો વાસી મસાલો તેમજ 6 જેટલા બ્રેડ અને પાઉંના પેકેટોનો સમાવેશ થાય છે. એજ રીતે શહેરના પ્રખ્યાત ઘ-4 ગાર્ડન વિસ્તારમાં ખાસ ઝુંબેશ ચલાવીને 20 જેટલી ખાણીપીણીની લારીઓનું તપાસકામ કરવામાં આવ્યું હતું, જેમાં 10 પેઢીઓના પાણીનું પીએચ (pH) ટેસ્ટિંગ પણ કરાયું હતું. આ ઉપરાંત પૃથ્થકરણ અર્થે લેબોરેટરીમાં મોકલવા માટે ફૂડ સેફ્ટી ઓફિસર્સ દ્વારા વિવિધ વાનગીઓના કુલ 36 નમૂનાઓ લેવામાં આવ્યા છે. જેમાં પાણીપુરીનું પાણી, મસાલો, સેવપૂરી, ભેળપુરી, કચ્છી કડક, દાબેલી, મોમોસ, ચોળાફળી અને બરફના ગોળા જેવી ચીજોનો સમાવેશ થાય છે. આ તપાસ દરમિયાન દંડનીય કાર્યવાહીની સાથે વેપારીઓમાં જાગૃતિ લાવવાનો પણ પ્રયાસ કરાયો હતો. મનપાએ તમામ સંચાલકોને તાકીદ કરી હતી કે ખોરાક પીરસવા કે પેક કરવા માટે ન્યૂઝપેપરનો ઉપયોગ સંપૂર્ણપણે બંધ કરવો અને માત્ર આરોગ્યપ્રદ સામગ્રી જ વાપરવી.

## પાસપોર્ટ વેરિફિકેશનની પ્રક્રિયામાં મોટો ફેરફાર: હવે અરજદારોએ પોલીસ સ્ટેશનના ધક્કા નહીં ખાવા પડે

ગાંધીનગર

રાજ્યમાં પાસપોર્ટ કઢાવવા ઈચ્છતા નાગરિકો માટે એક અત્યંત રાહતરૂપ અને મહત્વના સમાચાર સામે આવ્યા છે. પાસપોર્ટ મેળવવાની પ્રક્રિયામાં સૌથી વધુ સમય લેતી અને ગુંચવણભરી ગણાતી 'પોલીસ વેરિફિકેશન'ની કામગીરીમાં રાજ્ય પોલીસ વિભાગ દ્વારા યુગપ્રવર્તક ફેરફાર કરવામાં આવ્યો છે. હવે પાસપોર્ટ અરજદારોએ વેરિફિકેશન માટે પોલીસ સ્ટેશનના વારંવાર ધક્કા ખાવાની જરૂર રહેશે નહીં.

રાજ્યના પોલીસ વડા (DGP) જ્ઞાનેન્દ્રસિંહ મલિક દ્વારા તમામ જિલ્લાના પોલીસ અધિકારીઓ અને પોલીસ સ્ટેશનોને આ અંગે સ્પષ્ટ અને આકરા દિશા-નિર્દેશો જાહેર કરવામાં આવ્યા છે. પાસપોર્ટ વેરિફિકેશન માટે અરજદારોને હવે સામાન્ય સંજોગોમાં પોલીસ સ્ટેશન ખાતે રૂબરૂ બોલાવવામાં આવશે નહીં.

પોલીસ દ્વારા હવે માત્ર અરજદારની નાગરિકતા (Citizenship) અને તેમનો કોઈ ગુનાહિત પૂર્વ ઈતિહાસ (Criminal Record) છે કે કેમ, તેની જ મુખ્ય ચકાસણી કરવામાં આવશે.

શંકાસ્પદ કેસમાં જ સ્થળ મુલાકાત: અરજદારની માહિતી શંકાસ્પદ જણાશે કે કોઈ ગંભીર બાબત ધ્યાને આવશે, તો જ પોલીસ કર્મચારી દ્વારા ઘર કે સ્થળની મુલાકાત (Spot Visit) લેવામાં આવશે.

## ભિલોડા-ઈડર હાઈવે પર ઝાડીઓથી અકસ્માતનો ભય

ઈડર, જાકીલ મેમણ



રાણી તળાવથી ઘાટી માર્ગ સાંકડો બન્યો, તાત્કાલિક કટિંગની માંગ ભિલોડા-ઈડર હાઈવે પર રાણી તળાવથી ઘાટી તરફ જતા માર્ગ પર ગાંડા બાવળ અને અન્ય ઝાડીઓનો મોટા પાયે ઉપદ્રવ જોવા મળી રહ્યો છે. આના કારણે વાહનચાલકો અને રાહદારીઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. રસ્તાની બંને બાજુએ ફેલાયેલા આ ઝાડોને કારણે માર્ગ સાંકડો બન્યો છે. કેટલાક સ્થળોએ વળાંક પાસે દૃશ્ય સ્પષ્ટ ન દેખાતાં અકસ્માતનો ભય સતત સતાવી રહ્યો છે. ખાસ કરીને ચોમાસામાં ઝાડોની વૃદ્ધિ વધુ થતાં સમસ્યા ગંભીર બની છે.આ માર્ગ પરથી દરરોજ મોટી સંખ્યામાં દ્વિચક્રીય અને ચતુર્ચક્રીય વાહનો ઉપરાંત શાળાના વિદ્યાર્થીઓ, ખેડૂતો અને ગ્રામજનો અવરજવર કરે છે. ઝાડીઓના કારણે સામેથી આવતા વાહનો સમયસર દેખાતા નથી, જેનાથી અકસ્માત થવાની શક્યતા વધી જાય છે.આ મામલે જિલ્લા ભાજપ નેતા શૈલેષ મોથલિયાએ સંબંધિત તંત્ર સમક્ષ લેખિત રજૂઆત કરી છે. તેમણે રાણી તળાવથી ઘાટી સુધીના માર્ગ પરના ગાંડા બાવળ, ઝાડીઓ અને ડાળીઓનું તાત્કાલિક કટિંગ કરાવવાની માંગ કરી છે.

મોથલિયાએ જણાવ્યું હતું કે જો સમયસર યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે તો વાહનચાલકોને રાહત મળશે અને સંભવિત અકસ્માતોને ટાળી શકાશે.

## HMATમાં અનુભવની મર્યાદા 7 વર્ષથી ઘટાડી 5 વર્ષ કરવા માગ

# 2021ની ભરતીના શિક્ષકોને HMATમાં બેસવાની તક આપવા શિક્ષકોની લેખિત રજૂઆત

ગાંધીનગર

HMAT (Headmaster Aptitude Test) પરીક્ષા માટે જરૂરી અનુભવની મર્યાદા 7 વર્ષથી ઘટાડીને 5 વર્ષ કરવાની માંગ સાથે 2021ની ભરતીના શિક્ષકોએ શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજાને લેખિત રજૂઆત કરી છે. શિક્ષકોના જણાવ્યા મુજબ, 2021ની ભરતીમાં ગુણવત્તા અને મેરીટના આધારે પસંદ થયેલા આશરે 5,540 શિક્ષકો હાલ 5 વર્ષની સેવા પૂર્ણ કરી રહ્યા છે.

અનુભવની મર્યાદા ઘટાડવામાં આવે તો આ શિક્ષકોને HMAT પરીક્ષામાં બેસવાની તક મળી શકે છે.

રજૂઆતમાં મનોજ શાહ, શિક્ષક, ગ્રાન્ટેડ માધ્યમિક શાળા સહિત 2021ની ભરતીના શિક્ષક મિત્રોએ ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો, 1974માં જરૂરી સુધારો કરવાની



માંગ કરી છે. તેમના જણાવ્યા પ્રમાણે, HMAT પરીક્ષા માટે અગાઉ અનુભવની મર્યાદા 10 વર્ષ હતી, જેને ઘટાડીને 7 વર્ષ કરવામાં આવી હતી. હવે વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને તેને વધુ ઘટાડીને 5 વર્ષ કરવી જરૂરી છે.

શિક્ષકોની રજૂઆત મુજબ, સરકારી શાળાના આચાર્ય (GES Class-2) માટેની પરીક્ષામાં 5 વર્ષનો અનુભવ માન્ય છે. તેવી જ રીતે તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી (TPEO Class-2) માટે પણ 5 વર્ષનો અનુભવ જરૂરી છે. જ્યારે HMAT પરીક્ષા માટે આચાર્ય પદના ઉમેદવારો પાસેથી 7 વર્ષનો અનુભવ માંગવામાં આવે છે. આ જોગવાઈને અસમાન ગણાવી શિક્ષકો દ્વારા નિયમોમાં સુધારો કરવાની માંગ કરવામાં આવી છે.

મનોજ શાહ સહિતના શિક્ષકોએ રજૂઆતમાં જણાવ્યું છે કે વર્ષ 2021ની ભરતીમાં આશરે 5,540 શિક્ષકો મેરીટના આધારે પસંદ થઈને ફરજ પર જોડાયા હતા. જો HMAT માટે અનુભવની મર્યાદા 5 વર્ષ કરવામાં આવે તો આ તમામ શિક્ષકોને પરીક્ષામાં બેસવાની તક મળી શકે છે. જેના કારણે લાયક અને અનુભવી શિક્ષકોને આચાર્ય બનવા માટેની સ્પર્ધામાં આગળ વધવાની તક મળશે.

## સાબરમતી જેલમાં ફરી કાંડ : ક્રિકેટ સટ્ટાનો આરોપી નકલી વકીલ બની સેન્ટ્રલ જેલમાં કેદીને મળી આવ્યો

અમદાવાદ

અમદાવાદની સાબરમતી જેલમાં 11 જુલાઈએ કુખ્યાત બુકી હરેશ મુલચંદાણી નકલી વકીલ બની એક કેદીને મળ્યો હોવાનો ઘટસ્ફોટ થયો છે. આ ઘટના વકીલ-કેદી મુલાકાત રૂમમાં બની હતી. જેલ સ્ટાફની સંડોવણીની શંકા છે, કારણ કે નકલી ઓળખપત્રથી પ્રવેશ મળ્યો હતો. CCTV ફૂટેજથી વધુ ખુલાસાની અપેક્ષા છે, જે આ સુરક્ષાભંગનો પર્દાફાશ કરશે.



સાબરમતી સેન્ટ્રલ જેલમાં સુરંગ કાંડ, મોબાઈલ ફોન અને ડ્રગ્સનો ઉપયોગ કરવા સુધીના અનેક વિવાદો સામે આવી ચૂક્યા છે. ત્યારે જેલમાં કેદીઓને મળવા માટે હવે વકીલ રૂમનો ઉપયોગ કરવામાં આવતો હોવાની ચોંકાવનારી વિગતો સામે આવી છે. ગત 11મી જુલાઈએ કુખ્યાત બુકી હરેશ મુલચંદાણી જેલના વકીલ મુલાકાત રૂમમાં વકીલ તરીકે આવીને કોઈ કેદીને મળી આવ્યો હતો. જેમાં જેલ સ્ટાફની સંડોવણીની સાથે વકીલનું નકલી ઓળખપત્ર આપીને આવ્યો હોવાની શક્યતા છે. ત્યારે આ કેસની તપાસમાં સીસીટીવી ફૂટેજથી મોટા ખુલાસા થવાની શક્યતા છે.

મળતી માહિતી અનુસાર, નાના ચિલોડા વિસ્તારમાં રહેતા હરેશ મુલચંદાણી વિરુદ્ધ સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા ક્રિકેટ સટ્ટાનો ગુનો નોંધ્યો હતો. તેણે લિસ્ટેડ બુટલેગર વિનોદ સિંધી પાસેથી માસ્ટર આઈડી લીધુ હતું અને આ આઈડીમાં કરોડો રૂપિયાનું બેલેન્સ મળી આવ્યું હતું.

## સાબરકાંઠા એલસીબીની મોટી કાર્યવાહી

# ખોટી નંબર પ્લેટ લગાવી દારૂની હેરાફેરી કરતી સ્કોર્પિયો ઝડપાઈ : 18.41 લાખનો મુદ્દામાલ જપ્ત

સાબરકાંઠા

સાબરકાંઠા જિલ્લામાં ગેરકાયદેસર દારૂની હેરાફેરી સામે સ્થાનિક ગુના શોધ શાખા (એલસીબી) દ્વારા વધુ એક મોટી અને સફળ કાર્યવાહી કરવામાં આવી છે. ઉચ્ચ અધિકારીઓની સૂચના અને માર્ગદર્શન હેઠળ એલસીબીની ટીમે તલોદ પોલીસ સ્ટેશન વિસ્તારના પુન્સરી ગામની સીમમાં બાતમીના આધારે વોચ ગોઠવી હતી. વાહન ચેકિંગ દરમિયાન એક શંકાસ્પદ કાળા રંગની સ્કોર્પિયો કારને અટકાવીને તપાસ કરતા તેમાંથી મોટા પ્રમાણમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસ તપાસ દરમિયાન સ્કોર્પિયો કારમાંથી કુલ 83 પેટીમાં ભરેલી 2,436 બોટલ અને ટીન (895 લિટર) વિદેશી દારૂ જપ્ત કરવામાં આવ્યો હતો, જેની અંદાજિત કિંમત 8,31,388 થાય છે. દારૂના આ જથ્થા સાથે પોલીસે 10 લાખની કિંમતની સ્કોર્પિયો કાર અને બે મોબાઈલ ફોન મળીને કુલ 18,41,388નો મુદ્દામાલ કબજે કર્યો છે. આ સમગ્ર દરોડામાં સૌથી ચોંકાવનારી હકીકત એ સામે આવી હતી કે બૂટલેગરો દ્વારા પોલીસને ગેરમાર્ગે દોરવા માટે વાહનના અસલ નંબર RJ27UC7139 ના બદલે કાર પર GJ06PR2394 નંબરની ખોટી નંબર પ્લેટ લગાવવામાં આવી હતી. આ મામલે પોલીસે ગુજરાત પ્રોહિબિશન એક્ટ તેમજ ભારતીય ન્યાય સંહિતાની સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ઘટના સ્થળેથી પોલીસે રાજસ્થાનના રહેવાસી મહેન્દ્ર ઉર્ફે જેકી મોહનલાલ ડાંગી અને પ્રકાશ પ્રેમલાલ પટેલ નામના બે આરોપીઓની સ્થળ પરથી જ ધરપકડ કરી લીધી છે. જ્યારે દારૂનો માલ મોકલનાર, કારમાં માલ ભરાવનાર અને અમદાવાદ ખાતે દારૂનો જથ્થો સ્વીકારનાર સહિત અન્ય ત્રણ આરોપીઓને વોન્ટેડ જાહેર કરીને તેમની શોધખોળ શરૂ કરવામાં આવી છે.



## અંકલેશ્વર GIDCની કંપનીમાં ચોરી કરનાર 3 ઝડપાયા:પોલીસે ઇલેક્ટ્રિક સામાનની ચોરીનો ભેદ ઉકેલ્યો

ભરૂચ, રંગુની જાકીર

અંકલેશ્વર GIDC પોલીસે પૂર્ણિમા કેમિકલ્સ કંપનીમાંથી ઈલેક્ટ્રિક સામાનની ચોરી કરનાર ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે. આ ચોરી ગણતરીના કલાકોમાં ઉકેલી કાઢવામાં આવી હતી.



બંધ હાલતમાં આવેલી પૂર્ણિમા કેમિકલ્સ કંપનીને તસ્કરોએ નિશાન બનાવી હતી. આરોપીઓ દીવાલ કૂદીને કંપનીમાં પ્રવેશ્યા હતા અને સ્ટોર રૂમમાંથી પાંચ મોટર તથા એસ.એસ. પાઈપના ટુકડા સહિતનો મુદ્દામાલ ચોરી ફરાર થઈ ગયા હતા. ચોરી અંગે GIDC પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. જેમાં અંકલેશ્વરના સારંગપુર ગામના શાંતિ નગરમાં રહેતા સહદાબ અહમદ ખુરશીદ અહમદ, સમીરખાન ફરીદખાન અને આસિફ નિઝામુદ્દીન અંસારીને સારંગપુર ગામના બસ સ્ટેન્ડ પાસેથી ઝડપી પાડવામાં આવ્યા હતા. પોલીસે ત્રણેય આરોપીઓની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## તંત્રની ઘોર નિષ્ફળતા છતી!

# નડિયાદના મંજીપુરા રોડ પર અસંખ્ય ભુવાઓનું રાજ: પાર્થ નગર સામે લાકડા ભરેલી ટ્રક પલ્ટી

નડિયાદ

નડિયાદ શહેર અને આસપાસના વિસ્તારોમાં બિસ્માર રસ્તાઓ અને અસંખ્ય ભુવાઓને કારણે વાહનચાલકોના જીવ હવે તાળવે ચોંટ્યા છે. મંજીપુરા રોડ પર જાણે તંત્રનો કોઈ ધણીધોરી જ ન હોય તેમ ચારેતરફ મોટા મોટા ભુવાઓનું સામ્રાજ્ય સ્થપાઈ ચૂક્યું છે. તંત્રની આ ઘોર બેદરકારીના કારણે આજે એક ગંભીર અકસ્માત સર્જાયો છે, જેમાં પાર્થ નગર સોસાયટી સામેથી પસાર થઈ રહેલી લાકડા ભરેલી એક ટ્રક અચાનક ભુવામાં ખાબકતાં ધડાકાભેર પલ્ટી મારી ગઈ હતી!

મળતી માહિતી મુજબ, મંજીપુરા રોડ પર પાર્થ નગર સોસાયટી સામેથી લાકડાથી ચિક્કાર ભરેલી એક ટ્રક પસાર થઈ રહી હતી. રોડ પર પડેલા



વિશાળ ભુવાને કારણે ટ્રકના ચાલકે સંતુલન ગુમાવ્યું હતું અને જોતજોતામાં આખી ટ્રક રોડ પર જ પલ્ટી ખાઈ ગઈ હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે ટ્રકમાં ભરેલા લાકડાં રસ્તા પર વેરાઈ ગયા હતા. સદનસીબે ઘટના સમયે આસપાસથી કોઈ વાહનચાલક કે રાહદારી પસાર ન થઈ રહ્યો હોવાથી મોટી જાનહાનિ ટળી હતી. પરંતુ સવાલ એ છે કે, જો કોઈ નિર્દોષનો જીવ ગયો હોત તો તેનો જવાબદાર કોણ હોત?

સ્થાનિક રહીશોના જણાવ્યા મુજબ, મંજીપુરા રોડ પર લાંબા સમયથી નાના-મોટા અસંખ્ય ભુવાઓ પડી ગયા છે. રાત્રિના સમયે કે વરસાદના પાણી ભરાવાના કારણે આ ભુવાઓ દેખાતા નથી, જેના કારણે રોજેરોજ નાના-મોટા અકસ્માતો સર્જાઈ રહ્યા છે. અસંખ્ય ભુવાઓનું રાજ: આખોય રોડ ભુવામય બની ગયો હોવા છતાં તંત્ર દ્વારા માત્ર થીંગડાં મારવાની કે કાગળ પર કામગીરી કરવાની નાટકબાજી જ કરવામાં આવે છે. રહીશોમાં ભારે આક્રોશ: સ્થાનિકોએ અવારનવાર રજૂઆતો કરી હોવા છતાં આંધળા-બહેરા વહીવટી તંત્રના પેટનું પાણી પણ હલતું નથી.

## વલસાડ-ડાંગના ઉચ્ચ શિક્ષિત યુવા સાંસદ ધવલ પટેલ વિવાદમાં

# ગાડી પર 'MEMBER OF PARLIAMENT' ના મોટા બોર્ડ લગાવતા દેખાડાની રાજનીતિના ચર્ચામાં!

વલસાડ/નવસારી

વલસાડ-ડાંગ લોકસભા બેઠકના ઉચ્ચ શિક્ષિત અને યુવા ભાજપ સાંસદ ધવલ પટેલ અચાનક વિવાદના વંટોળમાં ઘેરાયા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જેમની ભણતર અને સાદગી જોઈને ટિકિટ આપી પસંદગી ઉતારી હતી, તે જ યુવા સાંસદ હવે પોતાની ખાનગી કાર પર 'MEMBER OF PARLIAMENT' અને 'સાંસદ - વલસાડ-ડાંગ' ના મોટા-મોટા બોર્ડ લગાવીને ચર્ચાનો વિષય બન્યા છે. સોશિયલ મીડિયા પર તેમની ગાડીની તસવીરો વાયરલ થતાં જ રાજકીય વર્તુળોમાં ભારે ગરમાવો આવી ગયો છે.




મળતી માહિતી મુજબ, વલસાડ-ડાંગના સાંસદ ધવલ પટેલની ગાડી પર આગળ અને પાછળના ભાગે અત્યંત મોટા અક્ષરોમાં તેમનો હોદ્દો દર્શાવતા બોર્ડ મારવામાં આવ્યા છે. વીઆઈપી કલ્ચર સામે વિરોધાભાસ: વડાપ્રધાન નરેન્દ્ર મોદી સતત દેશમાંથી 'વીઆઈપી કલ્ચર' અને લાલ બત્તીની માનસિકતા ખતમ કરવાની વાત કરી રહ્યા છે, ત્યારે તેમની જ પાર્ટીના એક ઉચ્ચ શિક્ષિત યુવા સાંસદ દ્વારા ગાડી પર મોટા અક્ષરે હોદ્દાનું પ્રદર્શન કરવું લોકોને ખટકી રહ્યું છે. શો-બાજી કે સુરક્ષા? સામાન્ય રીતે સુરક્ષા અને પ્રોટોકોલ માટે નાના સ્ટીકર કે બોર્ડ પૂરતા હોય છે, પરંતુ આ પ્રકારે ગાડી પર આખા બોર્ડ મારીને 'અલગ ઓળખ' ઊભી કરવાનો પ્રયાસ દેખાડો માત્ર હોવાનો આક્ષેપ થઈ રહ્યો છે.

ધવલ પટેલ પ્રોફેશનલી આઈટી (IT) બેકગ્રાઉન્ડ ધરાવે છે અને અત્યાર સુધી તેમની છબી એક ગંભીર અને ભણેલા-ગણેલા નેતા તરીકેની રહી છે.

## પતિ બરોબર જમવાનું ન આપતા પત્નીનું 20 કિલો વજન ઘટ્યું

# દહેજમાં 35 તોલા સોનું લીધા બાદ 32 લાખ બીજા લીધા, છતાં પરિણીતાને સતત ત્રાસ આપતા

અમદાવાદ

અમદાવાદ સેટેલાઈટમાં રહેતી મહિલાના લગ્નજીવન સુખમય બનવાના બદલે સતત માનસિક અને શારીરિક ત્રાસ આપવામાં આવતો હતો. પતિ બરોબર જમવાનું આપતો નહોતો, જેના કારણે 8 મહિનામાં જ 20 કિલો વજન ઘટી ગયું હતું. મહિલાના પતિએ લગ્નમાં 35 તોલા સોનું દહેજમાં લીધું હતું. આ ઉપરાંત 32 લાખ સસરા પાસેથી ઉછીના લઈને દહેજમાં ગણી લેવાનું કહ્યું હતું છતાં પતિ પત્નીને બરોબર જમવાનું આપતો નહતો અને માનસિક શારીરિક ત્રાસ આપતો હતો.પતિ અને સાસુના ત્રાસથી મહિલા મોકો જોઈને સાસરીમાંથી નાસી ગયા હતા.આનંદનગર પોલીસે મહિલાની ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે. સેટેલાઈટમાં રહેતું સુખી સંપન્ન પરિવારની 45 વર્ષિય મહિલાએ 9 મહિના અગાઉ સમાજના રીતરિવાજ મુજબ લગ્ન કર્યા હતા.લગ્નના બે મહિના બાદ જ પતિએ હેરાનગતિ શરૂ કરી હતી. મહિલાનો મોબાઈલ છીનવી લેવામાં આવતો, માતા-પિતા સાથે વાત કરવા દેવામાં આવતી નહોતી અને તેને ઘરની બહાર પણ જવા દેવામાં આવતી નહોતી.

પતિ પોતે ટુર્સ એન્ડ ટ્રાવેલ્સનો વ્યવસાય કરતો હોવાનું કહી લગ્ન કર્યા હતા, પરંતુ બાદમાં તે બેરોજગાર હોવાનું સામે આવ્યું હતું. મહિલાનો પતિ પોલીસ અને ગુંડાઓમાં મોટી ઓળખાણ હોવાનો દાવો કરીને મહિલા તથા તેના પરિવારને સતત ધમકાવતો હતો. સતતના માનસિક તણાવ અને ત્રાસના કારણે મહિલાનું વજન આશરે 20 કિલો ઘટી ગયું હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. એટલું જ નહીં, કરિયાવરમાં મળેલા 35 તોલા સોનાના દાગીના પણ લઈ લેવાયા હોવાનો આક્ષેપ છે.

ઉપરાંત મહિલાના પિતાએ પરત આપવાની શરતે આપેલા 32 લાખ રૂપિયામાંથી 17.66 લાખના ચેક બાઉન્સ થયા હતા,જ્યારે બાકીની રકમ દહેજમાં ગણી લેવાનું કહેવામાં આવ્યું હોવાનું પણ ફરિયાદમાં ઉલ્લેખ છે.


## તંત્રી લેખ...

# વિકાસનું મોડેલ કે કરવેરાનું સકંજો: શું ભારતીય અર્થતંત્રમાં જનતા પરનો આર્થિક ભાર મર્યાદા બહાર જઈ રહ્યો છે?

કોઈપણ રાષ્ટ્રના નિર્માણ, સુરક્ષા, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને કલ્યાણકારી યોજનાઓના સંચાલન માટે કરવેરા પ્રણાલી અત્યંત આવશ્યક અંગ છે.

પરંતુ જ્યારે આ પ્રણાલી નાગરિકો માટે વિકાસનું માધ્યમ બનવાને બદલે સતત વધતા આર્થિક બોજમાં પરિણમે, ત્યારે દેશના મધ્યમ અને ગરીબ વર્ગમાં ગંભીર ચિંતા અને આક્રોશ જનમવો સ્વાભાવિક છે. વર્તમાન સમયમાં દેશનો સામાન્ય નાગરિક પોતાના રોજીંદા જીવનમાં ડઝનબંધ પ્રત્યક્ષ અને પરોક્ષ વેરાના ચક્રવ્યૂહમાં ફસાયેલો છે. સવારે ઉઠીને વપરાતી રોજિંદી વસ્તુઓ પરનો જીએસટી, કમાણી પરનો ઈન્કમ ટેક્સ, રહેઠાણ પરનો પ્રોપર્ટી ટેક્સ, વાહનો અને બળતણ પરનો સેસ તથા રસ્તાઓ પરનો ભારે ટોલ ટેક્ષ–આ તમામનો આખરી ભાર મધ્યમ વર્ગીય પરિવારના બજેટ પર જ આવીને પડે છે. આ જટિલ પરિસ્થિતિમાં જનતાના મનમાં એવો મૂળભૂત સવાલ ઊભો થઈ રહ્યો છે કે આટલા બધા ટેક્સ ચૂકવ્યા પછી તેમને મળતી મૂળભૂત સુવિધાઓ અને જીવન ધોરણનું સ્તર કેટલું વ્યાજબી છે.

જો કરવેરાની આ નીતિઓ અને સતત વધતા જતા દાયરામાં કોઈ નીતિગત સંતુલન લાવવામાં નહીં આવે, તો ભવિષ્યમાં રાજ્ય અને નાગરિક વચ્ચેના સંબંધો સંપૂર્ણપણે નિયંત્રિત બની જાય તેવી કાલ્પનિક પરંતુ ગંભીર પરિસ્થિતિનું નિર્માણ થઈ શકે છે. જો સરકાર આર્થિક મોડેલને માત્ર સંગ્રહના દ્રષ્ટિકોણથી



જ જુએ, તો એવો નિયમ પણ આવી શકે જ્યાં દરેક નાગરિકની તમામ આવક કે માસિક પગાર સૌપ્રથમ સરકારી તિજોરીમાં જમા લેવામાં આવે.

ત્યારબાદ તે નાગરિકના પરિવાર માટે માત્ર જીવનનિર્વાહ પૂરતી જ રકમ–જેવી કે ન્યૂનતમ કરિયાણું, દવા-તબીબી ખર્ચ, બાળકનું શિક્ષણ અને મકાન ભાડું–ફાળવવામાં આવે. અથવા તો વ્યક્તિની કુશળતા મુજબ તેની પાસે કામ લઈને માત્ર ખાધાખોરાકી અને કપડાંનો ખર્ચ જ આપવામાં આવે અને બાકીની તમામ કમાણી રાષ્ટ્રવિકાસના જુદા જુદા હેડ હેઠળ સરકારી ખાતામાં જમા કરી લેવાય. રાષ્ટ્રનિર્માણમાં યોગદાન આપવું એ દરેક જાગૃત નાગરિકની પ્રાથમિક ફરજ છે, પરંતુ તે યોગદાન સ્વેચ્છા અને સક્ષમતા આધારિત હોવું જોઈએ, કે પછી તે નાગરિકની આર્થિક સ્વતંત્રતા છીનવી લે તેટલું દબાણયુક્ત હોવું જોઈએ–તે પ્રશ્ન આજે ચિંતન માંગી લે છે.

ડિજિટલ ટેકનોલોજી અને સેટેલાઈટ ટ્રેકિંગના વર્તમાન યુગમાં જો આ પ્રકારની આકરા ટેક્સના વિચારને આગળ ધકેલવામાં આવે, તો સામાન્ય નાગરિકની હિલચાલ પર પણ અંકુશ આવી શકે છે. ભવિષ્યમાં જો 'ફૂટ ટેક્ષ' કે ચાલીને જવાની ક્રિયા પર પણ સેસ લાદવામાં આવે, તો તે આશ્ચર્યજનક નહીં રહે.

જો કોઈ વ્યક્તિ પોતાના ઘરેથી નીકળીને પાંચ કિલોમીટર ચાલવા જાય અને સેટેલાઈટ દ્વારા તેના પગલાં ગણીને બેંક એકાઉન્ટમાંથી ઓટોમેટિક ટેક્ષ કાપી લેવામાં આવે, કે પછી પથારીમાંથી પગ મૂકતા જ કરવેરાની ગણતરી શરૂ થઈ જાય–આવા વિચારો ભલે અતિશયોક્તિ કે કટાક્ષ લાગતા હોય, પરંતુ તે વધતા જતા પરોક્ષ વેરાના માળખા સામે જનતાની માનસિક લાચારીનો તીવ્ર પ્રતિસાદ છે. સાયકલ, રિક્ષા, નાના વાહનો કે રોજિંદા પરિવહન પર જો સતત નવા નીતિગત બોજ નાખવામાં આવશે, તો દેશનો સામાન્ય માણસ આત્મનિર્ભર બનવાને બદલે વધુ આર્થિક સંકટમાં ધકેલાશે.

ટેક્સ સંગ્રહનો મુખ્ય હેતુ પ્રજાનું કલ્યાણ, ગુણવત્તાયુક્ત શિક્ષણ, ઉત્તમ સ્વાસ્થ્ય સેવાઓ અને વિશ્વસ્તરીય ઈન્ફ્રાસ્ટ્રક્ચર પૂરું પાડવાનો હોય છે. પરંતુ જ્યારે કરોડો રૂપિયાનો ટેક્સ આપ્યા બાદ પણ નાગરિકોને બિસ્માર રસ્તાઓ, ચોમાસામાં પાણી ભરાવાની સમસ્યાઓ અને પાયાની સુવિધાઓ માટે ઝઝૂમવું પડે છે, ત્યારે સરકારી ખાતાઓની કાર્યશૈલી સામે પણ આકરા પ્રશ્નો ઊભા થાય છે. કરવેરા વસૂલવામાં તંત્ર જેટલી કડકાઈ અને ડિજિટલ સક્ષમતા દાખવે છે, તેટલી જ પારદર્શિતા અને જવાબદેહી ટેક્સના નાણાંના યોગ્ય વપરાશ અને સુવિધા આપવાની બાબતમાં પણ દેખાવી જોઈએ.

શાસન અને નીતિનિર્ધારકો સુધી આ સંદેશ સ્પષ્ટપણે પહોંચવો જરૂરી છે કે લોકશાહીમાં સુશાસન તેને જ કહેવાય જ્યાં આર્થિક નીતિઓ જનતાને સમૃદ્ધ અને સક્ષમ બનાવે, ન કે તેમના પર સતત નવો ભાર મૂકીને તેમને અસહાય બનાવે. સરકાર માટે જનતાના આક્રોશ અને લાગણીઓને સમજીને આર્થિક નીતિઓમાં રાહત આપવી, પરોક્ષ વેરાનું માળખું સરળ બનાવવું અને સામાન્ય વર્ગનું જીવનધોરણ સુધરે તેવા નિર્ણયો લેવા એ જ આજના સમયની સૌથી મોટી માંગ છે.

**- ગ્રુપ એડિટર પવન માકન**

### 13 ઓગસ્ટથી 22મી ઓગસ્ટ સુધી દશામાના વ્રતની ઉજવણી થશે

# દશામાંના વ્રત દરમ્યાન ઢોંગી ભૂઈમાંથી સાવધાન રહેવા વિજ્ઞાન જાથાની અપીલ

ધૂણીને છેતરપિંડી કરતી ભૂઈમા ઉપર જાથા કાનુની કાર્યવાહી કરશે.

વ્રતની પુર્ણાહુતિએ મૂર્તિઓને પીવાના પાણીમાં વિસર્જન કરવું નહિં.


વિજ્ઞાનના કારણે અવતારો, ચમત્કારો, પરચા બંધ થયા... ચેરમેન જયંત પંડયા.

દશામાઁની ભૂઈના પરચાયુગ જાથાના કારણે નહીંવત જોવા મળે છે.

આપણા દેશમાં છેલ્લા કેટલાંક વર્ષોથી શ્રાવણ માસની એકમ થી દસમસુધી તથા આ વર્ષે તા. ૧૩મી ઓગસ્ટથી ૨૨ મી ઓગસ્ટ સુધી આરાધ્ય દેવી દશામાઁના વ્રતનો પ્રારંભ, પૂજન, અર્ચન મહિમા અનેક રીતે ઉજવણી પ્રદેશ પ્રમાણે કરવામાં આવે છે. દશામાઁના વ્રતનું ગૌરવ, ધાર્મિક અનુસરણ પ્રમાણે વિધિ-વિધાન થાય, ઉજવણી શ્રદ્ધા પ્રમાણે થાય તેનો કદી પણ વિરોધ હોય શકે નહીં. સૌને આદર, વંદન માતાજી તરફ હોય તે સ્વાભાવિક છે. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોથી દશામાઁના વ્રત દરમ્યાન અમુક લેભાગુઓ, ભુવા-ભારાડી, ભૂઈમા, તકસાધુઓ, ચમત્કારિકો શ્રદ્ધાના માહોલમાં યુક્તિ, પ્રયુકિત, ચમત્કારો કરી છેતરપિંડી કરે છે તેનો વર્ષોનો અનુભવ હોય ભારત જન વિજ્ઞાન જાથાની રાજ્ય કચેરી સખ્ત શબ્દોમાં વખોડી વિરોધ કરી ધૂણતી ઢોંગી ભૂઈમાંથી સાવધાન રહેવા અપીલ કરવામાં આવી છે.

જાથાના રાજ્ય ચેરમેન અને એડવોકેટ જયંત પંડયા જણાવે છે કે ગુરૂવાર તા. ૧૩મી ઓગસ્ટથી દશામાઁના વ્રતનો પ્રારંભ થાય છે. દેશમાં શ્રદ્ધાપૂર્વક ધાર્મિક ઉત્સવ ઉજવવો સૌ નાગરિકોને અબાધિત અધિકાર છે. વ્રતના સ્થાપન-પુર્ણાહુતિએ શ્રદ્ધાળુઓએ આરોગ્યની જાળ વણી રાખવી સૌના હિતમાં છે. કહેવાતા ચમત્કારો - પરચાઓ વિજ્ઞાનને કારણે ગાયબ થઈ ગયા છે. સાદગીથી પોતાના ઘરમાં જ ઉજવણી થાય તે જરૂરી છે. વર્ષોની લોકજાગૃતિના કારણે દશામાઁની ભૂઈમાના પરચા ઓસરતા થઈને હવે નહિંવત જોવા મળે છે. મેટ્રો શહેરમાં અમુક વિસ્તારમાં આજે પણ ધાર્મિક ઉન્માદ જોવા મળે છે તેમાં જાથા વિવેકથી કામગીરી કરે છે. તા. ૨૨મી ઓગસ્ટે જાગરણના દિવસે મૂર્તિના વિસર્જન સ્થળે પૂજન-અર્ચન કરેલ દશામાઁની મૂર્તિની અવદશા દયનીય જોવા મળે છે તેમાં ફેરફાર કરવો અતિ જરૂરી છે. પીવાના પાણીમાં કદી પણ મૂર્તિનું વિસર્જન કરવું નહિ.

વધુમાં જાથાના પંડયા જણાવે છે કે વિજ્ઞાનના કારણે પૃથ્વી ઉપર અવતારો-ચમત્કારો- પરચાઓ બંધ થઈ ગયા છે. દશામાઁની ભૂઈના પરચા બેબુનિયાદ સાબિત થયા છે છતાં પણ જાથા દર વર્ષે દશામાઁના વત સમયે શ્રદ્ધાળુઓ છેતરાય નહિ તે માટે લોકજાગૃતિનું કામ કરે છે. વર્ષોના અભિયાન પછી મહુદ અંશે સફળતા જોવા મળેલ છે. ઉન્માદમાં ઓટ જરૂર આવી છે. દશામાઁના વ્રતના અભિયાનના જાથાના ૨૪ મા વર્ષે જાગૃતિ લાવવા જનસમાજ સમક્ષ હકિકત મુકે છે તેમાં ૨૪ વર્ષથી વ્રત દરમ્યાન ૨૮૦૦ મહિલાઓ ધૂણતી નજરે પડી હતી તેમાંથી છેતરપિંડી કરતી ૯૦૩ ભૂઈમાઓનો પર્દાફાશ કરી ચોંકાવનારી હકિકત બહાર આવી હતી. આ વ્રતમાં ચાલાક ભૂઈમાનો છેતરપિંડીનો ધંધો થઈ ગયો છે. તેથી જાથા વિરોધ કરે છે. દશામાના ભક્તિો-શ્રદ્ધાળુઓએ આ વ્રત દરમ્યાન જાગૃતિ રાખવાનો સમય પાકી ગયો છે.



દશામાના વ્રત દરમ્યાન ઢોંગી, અમુક ભૂઈમા-ભુવા, લેભાગુઓ, તકસાધુઓ હાથ-પગ, મોંમાથી કંકુ કાઢવું- નીકળવું, કંકુના પગલા, મૂર્તિ-સાંઢણીનું દૂધ પાણી પીવું, જમીનમાંથી એકાએક મૂર્તિ નીકળવી, ફળ, શાકભાજીમાં દેવ-દેવીના દર્શન થવા તેવા અવનવા ગતકડાના ચમત્કારોનું સર્જન કરી લોકોને ભરમાવવામાં કે ભીડ એકઠી કરવાના નુશ્કા જોવા મળશે. ખોટા ચમત્કારોથી પ્રભાવિત ન થવા કે અફવામાં દોરાવું નહિ તેવી જાથા અપીલ કરે છે. સોશ્યલ મિડીયામાં આવતી ઘટનાથી સાવધાન રહેવું. વધુમાં જાથાના પંડયાએ જણાવ્યું કે આ વ્રત દરમ્યાન બનાવટી, અતાર્કિક, ચમત્કારિક યુટયુબ ઉપર થતી ચમત્કારિક કથાઓ અને વાર્તાઓ, પત્રિકાઓ, પુસ્તિકાઓ, ફિલ્મો હેતુપૂર્વક બહાર પાડીu દર્શાવીને ભ્રમીત કરીને પ્રચાર અને વેચાણ કરવામાં આવે છે. વાસ્તવમાં દશામાના નામે છેતરપિંડી જ છે. શ્રદ્ધાના માહોલમાં છેતરપિંડીનું કારસ્તાન છે. દેશભરમાં શ્રાવણ માસથી કાર્તિક માસ સુધી અવનવા ભ્રામક ચમત્કારોનું સર્જન કરી લૂંટ કરવામાં આવે છે. જાથાએ નજરે જોયું છે કે ગામના કે સ્થાનિક રહેવાસીઓ જાગૃતિ રાખી પોલીસ કે સરકારી તંત્રની મદદથી અટકાવી સત્ય હકિકત નાગરિક ધર્મની રૂએ મુકી શકે છે. દશામાનો વ્રત ઉજવવો, ધાર્મિક લાગણી રાખવી સૌનો હક્ક છે. માતાજી હંમેશા વંદનીય હોય પરંતુ છેલ્લા કેટલાક વર્ષોથી દશામાના વ્રતે જે હરણફાળ પ્રગતિ ચમત્કારના નામે અને યુકિત-પ્રયુકિતના કારણે કરી છે તેનો વિરોધ છે. અમુક કથાવસ્તુ તો સાવ બોગસ, નિરાધાર, તર્કટ, બીનપાયાદાર કપોળકલ્પિત મનસ્વી મનની ઉપજથી બનાવવામાં આવેલી છે તે ભોળા, શ્રદ્ધાળુઓ ખોટું અનુસરણ કરવાથી બરબાદીને નોતરે છે તેથી સાવધાન રહેવા જાથા અપીલ કરે છે. દશામાની વ્રતની વેચાણ પૂજાવસ્તુથી સાવધાન રહેવું. વિશેષમાં જાથાના જયંત પંડયાએ જણાવ્યું કે દશામાના વ્રત દરમ્યાન દેશભરમાં કરોડોનો કારોબાર જોવા મળે છે. બનાવટી, છેતરપિંડી કારોબારનો સદૈવ જાથા વિરોધ કરે છે. અજ્ઞાન, અશિક્ષિત, ભોળા, ગરીબ લોકો જ ભોગ બને છે. દશ દિવસ સુધી દશામાનું વ્રત કરનાર પરિવાર અસ્તવ્યસ્ત થઈ જાય છે. દૈનિક જીવનપદ્ધતિ ખોરવાઈ જાય છે. બાળકોનું શિક્ષણ બગડે છે. પરિવારમાં અશાંતિનો માહોલ જોવા મળે છે. અમુક પરિવાર આ વ્રત દરમ્યાન જાથાની મદદ માંગે છે. છેલ્લા ૩૨ વર્ષમાં જાથાએ ધૂણતી અનેક ભૂઈમા, ઢોંગી મહિલાઓને પૂછવાથી કે તપાસવાથી એકપણ સાચી નીકળી નથી તમામ ખોટી સાબિત થઈ છે. છેલ્લા વર્ષોમાં દશામાના વ્રત દરમ્યાન ભૂઈમાનો પતિ જ જાથાને રજૂઆત કરી પર્દાફાશનો આગ્રહ રાખે છે. અમુક પતિ તો પોતાને ધૂણીને ધબ્બો મારી માર મારે છે તેના ત્રાસની હકિકતથી જાથાને વાકેફ કરે છે. ધાર્મિકતાના કારણે લોકો મૌન રહેવાનું પસંદ કરે છે. વ્રત દરમ્યાન ભૂઈમા પોતાની શેરી, ઘર આસપાસ રહીશોને બેહદ ત્રાસ આપી ઢોલ-નગારા, ધૂપ-ધુમાડા, ઘોંઘાટ, ધુણવું, અબીલ-ગુલાલ ઉડાડવો, માનસિક ત્રાસ આપી હેરાન કરતા હોવાની હકિકત જાથાને આપવામાં આવે છે જેથી લોકોએ સ્વયંભુ વિરોધ કરી પરિસ્થિતિ પ્રમાણે કાયદાનું અનુસરણ કરવું જોઈએ.

# નિષ્ફળતા એ અંત નથી, પણ સફળતાની નવી શરૂઆત છે

રૂપેશ સોલંકી -ભચાઉ

માનવ જીવનમાં સુખ-દુઃખ, જય-પરાજય અને સફળતા-નિષ્ફળતા એ એક જ સિક્કાની બે બાજુઓ છે. અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના માધ્યમિક ગ્રાન્ટેડ સંવર્ગના કચ્છ જિલ્લાના વરિષ્ઠ ઉપાધ્યક્ષ અને ભચાઉની શ્રી લેઉવા પાટીદાર બોર્ડિંગ સંચાલિત સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાના સીનિયર શિક્ષક રૂપેશ સોલંકીના મતે, નિષ્ફળતાથી ડરીને બેસી જવું એ કાયરતા છે અને તેનાથી શીખીને આગળ વધવું એ જ સાચી વીરતા છે.

મોટાભાગના લોકો નિષ્ફળતાને જીવનનો અંત માની લે છે, પરંતુ વાસ્તવમાં તે સફળતાનો પ્રથમ માર્ગ છે. જ્યારે કોઈ વ્યક્તિ કોઈ કાર્યમાં અસફળ થાય છે, ત્યારે તેનો અર્થ એ નથી કે તેની ક્ષમતા ઓછી છે, પરંતુ તેનો અર્થ એ છે કે સફળતા મેળવવાનો પ્રયાસ પૂરા મનથી થયો નથી. નિષ્ફળતા આપણને આપણી નબળાઈઓ ઓળખવાની અને તેને સુધારવાની



એક ઉત્તમ તક આપે છે. જીવનમાં આવેલી દરેક ઠોકર આપણને પડવા માટે નહીં, પરંતુ સંભાળીને ચાલવા માટે પ્રેરણા આપે છે.

દુનિયાના ઈતિહાસ પર નજર કરીએ તો ખ્યાલ આવશે કે જે પણ વ્યક્તિ આજે સફળતાના શિખરે છે, તેણે ભૂતકાળમાં અસંખ્ય નિષ્ફળતાઓનો સામનો કર્યો છે. વિજ્ઞાની થોમસ આલ્વા એડિસન હજારો વખત નિષ્ફળ ગયા પછી વીજળીનો બલ્બ બનાવી શક્યા હતા. અબ્રાહમ લિંકન જીવનમાં અનેક ચૂંટણીઓ હાર્યા પછી અમેરિકાના પ્રમુખ બન્યા હતા. આ તમામ મહાનુભાવો જો પ્રથમ નિષ્ફળતાથી હારી ગયા હોત, તો આજે ઈતિહાસ કંઈક અલગ હોત.

જીવનના આ અવિરત સંઘર્ષને અને નિષ્ફળતા સામે લડવાની હિંમતને વર્ણવતી સુંદર કાવ્ય પંક્તિ અહીં પ્રસ્તુત છે: 'જીવનના આ રણમેદાનમાં કદી હિંમત તું ના હાર, અસફળતા તો એક પડકાર છે તું એનો સ્વીકાર કર; નવા જોશથી બેઠો થઈને મહેનતનો તું રંગ જમાવ, જોજે 'રૂપેશ' આ જગતમાં તારો સમય પણ આવશે એકવાર.' આ પંક્તિઓ જીવનમાં હારેલી બાજીને ફરી જીતવાની પ્રેરણા આપે છે.

આજના ડિજિટલ યુગમાં યુવાનો અને વિદ્યાર્થીઓ નાની નિષ્ફળતા કે ઓછા માર્ક્સ આવવાથી ખૂબ જ જલ્દી હતાશ થઈ જાય છે. એક શિક્ષક તરીકે રૂપેશ સોલંકી જણાવે છે કે, પરીક્ષાનું પરિણામ એ ક્યારેય કોઈના ભવિષ્યનો આખરી ફેંસલો હોઈ શકે નહીં. વિદ્યાર્થીઓએ ગુણ કરતાં જ્ઞાન અને કૌશલ્ય પર વધુ ધ્યાન આપવું જોઈએ. વાલીઓએ પણ બાળકો પર અપેક્ષાઓનું ભારણ વધારવાને બદલે તેમને મુક્ત વાતાવરણ આપવું જોઈએ.

અસફળતામાંથી મુક્તિ મેળવવાનો એક જ મંત્ર છે - સતત પ્રયત્નશીલ રહેવું. જ્યારે તમે હાર માની લો છો ત્યારે જ તમે સાચા અર્થમાં નિષ્ફળ થાઓ છો. જીવનની પ્રત્યેક કસોટી આપણને મજબૂત બનાવવા માટે આવે છે. ચાલો, આજના આ વિશેષ લેખ દ્વારા આપણે સૌ સંકલ્પ કરીએ કે કોઈપણ પરિસ્થિતિમાં હિંમત હાર્યા વગર, સકારાત્મક અભિગમ સાથે દેશ અને સમાજના નિર્માણમાં આપણું સર્વોત્તમ યોગદાન આપતા રહીશું.

# ફૂકેટ-દિલ્હી એર ઈન્ડિયાની ફ્લાઈટમાં હવામાં ભયાનક ટર્બ્યુલન્સ: મુસાફરોની ચીસાચીસ, ક્રૂ મેમ્બર્સ સહિત અનેક ઈજાગ્રસ્ત!

### હવામાં અચાનક જોરદાર આંચકા આવતા વિમાનમાં ભારે અફરાતફરી; દિલ્હી એરપોર્ટ પર ઈમરજન્સી લેન્ડિંગ કરાવી ઈજાગ્રસ્તોને હોસ્પિટલ ખસેડાયા

થાઈલેન્ડના ફૂકેટથી નવી દિલ્હી આવી રહેલી એર ઈન્ડિયાની એક આંતરરાષ્ટ્રીય ફ્લાઈટમાં મધ્ય આકાશમાં અચાનક અત્યંત ગંભીર 'ટર્બ્યુલન્સ' (હવામાં અચાનક સર્જાતો વિક્ષેપ) સર્જાતાં હજારો ફૂટની ઊંચાઈએ કાળજું કંપાવી દેનારી ઘટના સામે આવી છે. વિમાનમાં અચાનક આવેલા જોરદાર આંચકાઓને કારણે મુસાફરોમાં ચીસાચીસ અને ભયનો માહોલ સર્જાયો હતો. આ દુર્ઘટનામાં કેટલાક મુસાફરો અને ફ્લાઈટના ક્રૂ સભ્યોને ઈજાઓ પહોંચી હોવાના અહેવાલ સામે આવ્યા છે.

### હવામાં અચાનક શું બન્યું?

મળતી વિગતો અનુસાર, ફૂકેટથી ઉડાન ભરીને દિલ્હી તરફ આવી રહેલી એર ઈન્ડિયાની ફ્લાઈટ જ્યારે હવામાં હતી ત્યારે ખરાબ હવામાન અને પવનની દિશામાં અચાનક આવેલા ફેરફારને કારણે વિમાનમાં ભારે ટર્બ્યુલન્સ અનુભવાયું હતું.

સિટી બેલ્ટ બાંધવા છતાં આંચકા: વિમાન એટલી તીવ્રતાથી હવામાં ઝોલાં ખાવા લાગ્યું હતું કે મુસાફરો પોતાની સીટ પરથી ઉછળ્યા હતા.

સામાન નીચે પડ્યો: ઓવરહેડ કેબિનમાંથી મુસાફરોના સામાન નીચે ખાબક્યા હતા, જેના કારણે કેટલાક મુસાફરો અને કેબિન ક્રૂ મેમ્બર્સને નાની-મોટી ઈજાઓ પહોંચી હતી.

મુસાફરોમાં ભયાનક ફફડાટ: મધ્ય આકાશમાં સર્જાયેલી આ કટોકટી વચ્ચે મુસાફરો જીવ બચાવવા માટે પ્રાર્થના કરવા લાગ્યા હતા.

### દિલ્હી એરપોર્ટ પર સુરક્ષિત ઈમરજન્સી લેન્ડિંગ




હવામાં ભારે ટર્બ્યુલન્સનો સામનો કર્યા બાદ અનુભવી પાયલટોએ અત્યંત ધૈર્ય અને સાવધાનીપૂર્વક વિમાન પર નિયંત્રણ મેળવ્યું હતું. ફ્લાઈટનું દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ ખાતે સફળ અને સુરક્ષિત લેન્ડિંગ કરાવવામાં આવ્યું હતું. લેન્ડિંગ થતાં જ એરપોર્ટ પર અગાઉથી જ તૈયાર રાખવામાં આવેલી મેડિકલ ટીમ અને એમ્બ્યુલન્સ દ્વારા ઈજાગ્રસ્ત મુસાફરો તથા ક્રૂ સભ્યોને તાત્કાલિક પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી અને વધુ સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. હવામાનનો અચાનક બદલાવ બની શકે છે ઘાતક હવામાન સંબંધિત અચાનક બદલાતી પરિસ્થિતિઓને કારણે આકાશમાં ક્લિયર એર ટર્બ્યુલન્સ (CAT) જેવી ઘટનાઓ અત્યંત ગંભીર સ્વરૂપ ધારણ કરી લેતી હોય છે. એરલાઈન્સ દ્વારા મુસાફરોને હંમેશા પોતાની સીટ પર બેઠા હોય ત્યારે સીટબેલ્ટ બાંધી રાખવાની સલાહ આપવામાં આવે છે. સદનસીબે પાયલટની સમયસૂચકતાના કારણે મોટી હોનારત ટળી હતી.

# ડોનાલ્ડ ટ્રમ્પની ગુલામીના કારણે PM મોદી 22,000 કરોડનું ઈથેનોલ ખરીદી રહ્યા છે: આપ નેતા સંજય સિંહના આકરા પ્રહારો

કેન્દ્ર સરકાર અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી સામે આમ આદમી પાર્ટીના સીનિયર નેતા અને રાજ્યસભા સાંસદ સંજય સિંહે અત્યંત ગંભીર અને સળગતા આરોપો લગાવીને દેશના રાજકારણમાં ભારે ધમાસાણ મચાવી દીધું છે. દિલ્હી ખાતે યોજાયેલી એક પત્રકાર પરિષદને સંબોધતા સંજય સિંહે સીધો જ પ્રહાર કરતા જણાવ્યું હતું કે, અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની ગુલામી અને વિદેશી દબાણમાં આવીને વડાપ્રધાન નરેન્દ્ર મોદી ભારત સરકારના



તિજોરીમાંથી 22,000 કરોડનું ઈથેનોલ અમેરિકા પાસેથી ખરીદવા જઈ રહ્યા છે.

આમ આદમી પાર્ટીના નેતાએ દેશના ખેડૂતો અને સ્થાનિક ઉદ્યોગોનો મુદ્દો અત્યંત આક્રમક રીતે ઉઠાવ્યો હતો.

તેમણે આકરા શબ્દોમાં વિરોધ નોંધાવતા કહ્યું કે, એક તરફ ભારતનો ખેડૂત રાત-દિવસ મહેનત કરીને શેરડી અને મકાઈનું વિપુલ પ્રમાણમાં ઉત્પાદન કરે છે અને દેશમાં જ ઈથેનોલ બનાવવા માટે સંપૂર્ણ રીતે સક્ષમ છે. પરંતુ સ્થાનિક ઉત્પાદકો અને દેશના ખેડૂતોને યોગ્ય ભાવ તથા પ્રોત્સાહન આપવાને બદલે કેન્દ્ર સરકાર દેશના અબજો રૂપિયા વિદેશી કંપનીઓના ચરણોમાં ધરી રહી છે. સંજય સિંહે આ નિર્ણયને ભારતીય ખેડૂતોના પેટ પર સીધો પાટુ મારવા સમાન ગણાવ્યો હતો.

સંજય સિંહે વધુમાં આકરા સવાલો ઉઠાવતા પૂછ્યું હતું કે, જ્યારે ભારતમાં જ ઈથેનોલનું પૂરતું ઉત્પાદન કરવાની અને ઈંધણમાં તેનું મિશ્રણ કરવાની પૂર્ણ ક્ષમતા ઉપલબ્ધ છે, તો પછી આટલો મોટો 22,000 કરોડનો સોદો અમેરિકાની કંપનીઓ સાથે કરવાની શું જરૂર પડી? શું આ નિર્ણય માત્ર વિદેશી નેતાઓને ખુશ કરવા અને તેમના દબાણ સામે ઝૂકીને લેવામાં આવ્યો છે? તેમણે દાવો કર્યો હતો કે આ પ્રકારના નિર્ણયોથી દેશની આર્થિક તિજોરીને ભારે નુકસાન થઈ રહ્યું છે અને દેશના ખેડૂતોના હિતોનું ખુલ્લેઆમ બલિદાન આપવામાં આવી રહ્યું છે.

આ સળગતા અને આક્રમક પ્રહારો બાદ દેશના રાજકીય વર્તુળોમાં ભારે ગરમાવો આવી ગયો છે. વિપક્ષી દળો આ મુદ્દાને લઈને સરકાર સામે મોરચો માંડવાની તૈયારી કરી રહ્યા છે, જ્યારે બીજી તરફ ભારતીય જનતા પાર્ટી તરફથી આ તમામ આરોપોને પાયાવિહોણા, ભ્રામક અને રાજકીય રીતે પ્રેરિત ગણાવવામાં આવ્યા છે. આગામી દિવસોમાં સંસદથી લઈને શેરીઓ સુધી આ વિવાદ વધુ ઉગ્ર બને તેવા પૂરતા એંધાણ વર્તાઈ રહ્યા છે.

# બિહારના બાંકીપુરમાં પ્રશાંત કિશોરની જીત: રાજકીય માસ્ટરસ્ટ્રોક કે પછી ભાજપનો પડદા પાછળનો સેટઅપ?

પાક્કો ગુજરાત ન્યૂઝ

બિહારના બાંકીપુર વિધાનસભા પેટાચૂંટણીમાં જન સુરાજ પાર્ટીના વડા પ્રશાંત કિશોર (PK) ની જીત બાદ રાજકીય વિશ્લેષકો અને આમ જનતામાં ચર્ચાની નવી ગરમાગરમી શરૂ થઈ છે. ભાજપના ગઢ ગણાતી આ સીટ પરથી પ્રશાંત કિશોરની જીતને ભલે 'મોટો રાજકીય ઉલટફેર' ગણાવવામાં આવી રહ્યો હોય, પરંતુ આ જીત પાછળ ભાજપની એક ઊંડી અને સુઆયોજિત રણનીતિ હોવાની શક્યતાઓ નકારી શકાય તેમ નથી. શું આ ભાજપની જ 'માસ્ટર ગેમ' છે? રાજકીય પંડિતોના મતે, બાંકીપુરમાં પ્રશાંત કિશોરની જીતથી બહુ હરખાઈ જવા જેવું નથી. ભાજપે પોતાની જ સીટ પરથી પ્રશાંત કિશોરનો માર્ગ સુગમ બનાવીને એક જ ઝાટકે મોટો દાવ ખેલ્યો હોય તેમ લાગી રહ્યું છે: ૧. EVM પરના સવાલો પર પૂર્ણવિરામ: જ્યારે પણ ભાજપ ચૂંટણી જીતે છે ત્યારે વિપક્ષી દળો દ્વારા ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન (EVM) અને ચૂંટણી પ્રક્રિયા પર ગંભીર સવાલો ઉઠાવવામાં આવે છે. પરંતુ ભાજપના જ ગઢમાં પૂર્વ ઈલેક્શન સ્ટ્રેટેજિસ્ટ પ્રશાંત કિશોરને જીતાડીને ઈવીએમ પર ઉઠતા તમામ સવાલો અને આરોપોનો કાયમી ધોરણે છેદ ઉડાડી દેવાયો છે. જેનાથી ભવિષ્યની મોટી ચૂંટણીઓમાં ગડબડી કે સેટિંગના આરોપોની ધાર બુઠ્ઠી થઈ જશે. ૨. વિપક્ષને 'અતિ આત્મવિશ્વાસ'માં નાખવાની રણનીતિ: આરજેડી અને વિપક્ષી ગઠબંધનને એવો અહેસાસ કરાવવાનો પ્રયાસ કરાયો છે કે જનતા હવે પરિવર્તન ઈચ્છી રહી છે. વિપક્ષી કેમ્પમાં આ ભ્રમ ઊભો થતાં તેઓ અતિ આત્મવિશ્વાસ (Overconfidence) માં આવી જશે અને પોતાની મૂળ રણનીતિ તથા ગ્રાઉન્ડ વર્કથી ભટકી જશે, જેનો સીધો ફાયદો આવનારી મોટી રાજકીય બટાલિયનમાં ભાજપ લૂંટશે. પ્રશાંત કિશોરનો મૂળ ઉદ્દેશ્ય શું? ઈલેક્શન મેનેજમેન્ટના બાદશાહ ગણાતા પ્રશાંત કિશોરનો પાયાનો હેતુ જ બિહારની પરંપરાગત વોટબેંકને તોડીને એવો માહોલ ઊભો કરવાનો રહ્યો છે જે પરોક્ષ રીતે ભાજપની તરફેણમાં વિપક્ષી મતોનું વિભાજન (Vote Division) કરે. વિપક્ષી મતોના ધ્રુવીકરણને રોકવા માટે જ આ 'ત્રીજો મોરચો' ઊભો કરવામાં આવ્યો હોવાની ચર્ચાઓ વાયુવેગે પ્રસરી રહી છે.

પાક્કો ગુજરાત ન્યૂઝનો આખરી પ્રહાર

જે સીટ ભાજપ દાયકાઓથી જીતતી આવી હતી, ત્યાં અચાનક પ્રશાંત કિશોરનો વિજય એ કોઈ સાદો જનાદેશ છે કે પછી ૨૦૨૬-૨૦૨૯ ના મોટા રાજકીય સમીકરણો સેટ કરવાનું ભાજપનું 'પડદા પાછળનું સેટઅપ'? સમય જ બતાવશે કે બાંકીપુરની આ સીટ પીકેનો ઉદય છે કે પછી ભાજપની ચાલબાજીનો મોટો શિકાર!

જાહેરાત માટે
ટચુકડી જાહેરાત, શ્રદ્ધાંજલિ, પ્રેસનોટ અને સમાચાર
આપવા માટે સંપર્ક કરો
ટચુકડી જાહેરાત – વ્યવસાય, ઓફર, પ્રોડક્ટ, દુકાન, સર્વિસ જાહેરાત
શ્રદ્ધાંજલિ – જન્મજયંતિ, પુણ્યતિથિ, શ્રદ્ધાંજલિ નિમંત્રણ
PRESS NOTE
પ્રેસનોટ – સંસ્થાઓ, કાર્યક્રમો, અમંત્રણ, જાહેરાત યાદી
સમાચાર
સમાચાર – સ્થાનિક, સામાજિક, શૈક્ષણિક, વ્યાપારિક સમાચાર
કોન્ટેક્ટ નંબર 96388 77700
ઝડપી સેવા – તાત્કાલિક પ્રકાશન
વિશ્વસનીય માધ્યમ – વાંચકો સુધી ચોક્કસ પહોંચ
વ્યાપક પ્રસાર – સ્થાનિકથી વ્યાપક સ્તરે
આકર્ષક ડિઝાઇન – સુંદર અને પ્રોફેશનલ લુક

### તળાવ છલોછલ, પણ ખેડૂતો પાણી માટે ટળવળે છે!

# છોટાઉદેપુરનું કુંદનપુર સિંચાઈ નેટવર્ક 15 વર્ષથી બિસ્માર

**છોટાઉદેપુર**

છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકામાં આવેલા કુંદનપુર સિંચાઈ તળાવને લઈને એક અત્યંત ચિંતાજનક અને તંત્રની પોલ ખોલતો ગ્રાઉન્ડ રિપોર્ટ સામે આવ્યો છે. જિલ્લાના સૌથી મોટા ગણાતા કુંદનપુર સિંચાઈ તળાવમાં કિંમતી પાણીનો જથ્થો તો પર્યાપ્ત માત્રામાં ઉપલબ્ધ છે


પરંતુ સિંચાઈ વિભાગની ઘોર બેદરકારી અને લાપરવાહીના કારણે વર્ષો જૂનું સિંચાઈ નેટવર્ક છેલ્લા 15 વર્ષથી સંપૂર્ણપણે તૂટેલી અને બિસ્માર હાલતમાં પડ્યું છે. તળાવમાં પાણી છલોછલ ભરેલું હોવા છતાં આસપાસના હજારો ખેડૂતો પોતાના પાક માટે પાણીના એક-એક ટીંપા માટે ટળવળવા મજબૂર બન્યા છે.

સ્થળ પરના દ્રશ્યો તંત્રની નિષ્ક્રિયતાની ભૂંડી કહાની બયાન કરી રહ્યા છે. કેનાલના સિમેન્ટના પાઈપો તૂટી ગયા છે, મુખ્ય પાળા ભાંગી પડ્યા છે અને આખું નેટવર્ક વેરાન બની ચૂક્યું છે. ચોમાસું પૂરું થયા બાદ જે પાણી સીધું ખેડૂતોના ખેતર સુધી પહોંચવું જોઈએ, તે તૂટેલી કેનાલોના કારણે રસ્તામાં જ વેડફાઈ જાય છે.

પરિણામે, ખેડૂતોને આકરું આર્થિક નુકસાન વેઠવું પડી રહ્યું છે. સિંચાઈનું સરકારી પાણી ન મળતા ગરીબ જગતનો તાત મોંઘા ભાવનું ડીઝલ બાળીને અથવા તો બોર-કૂવાનું વેચાતું પાણી ખરીદીને ખેતી કરવા મજબૂર બન્યો છે. પાણીની સુવિધા હોવા છતાં કેનાલના અભાવે મોટાભાગના ખેડૂતો વર્ષમાં માત્ર એક જ પાક લઈ શકે છે.

એક તરફ સરકાર ખેડૂતોની આવક બમણી કરવાના મોટા મોટા દાવાઓ કરે છે, ત્યારે બીજી તરફ કુંદનપુરમાં તંત્રની નાકામીના કારણે ખેડૂતો પાયમાલ થઈ રહ્યા છે. સ્થાનિક રહીશો અને ખેડૂતો દ્વારા સિંચાઈ વિભાગથી લઈને રાજકીય નેતાઓ સુધી અનેકવાર લેખિત રજૂઆતો કરવામાં આવી છે, પરંતુ વહીવટી તંત્રના બહેરા કાને ખેડૂતોની આજીજી અથડાઈને પાછી આવે છે. ખેડૂતો હવે સીધો સવાલ પૂછી રહ્યા છે કે દર વર્ષે મેન્ટેનન્સ અને સમારકામના નામે સરકારી ચોપડે ઉધારાતું લાખો રૂપિયાનું બજેટ આખરે કયા અધિકારીઓના ખિસ્સામાં સરકી જાય છે?

હવે સવાલ એ ઊભો થાય છે કે કુંભકર્ણની ઘોર નિંદ્રામાં સોયેલું સિંચાઈ વિભાગ ક્યારે જાગશે? પીડિત ખેડૂતોની સ્પષ્ટ માંગ છે કે કુંદનપુર સિંચાઈ તળાવની પાઈપલાઈન અને સમગ્ર કેનાલ નેટવર્કનું તાત્કાલિક નવેસરથી સર્વે કરવામાં આવે અને યુદ્ધના ધોરણે કામગીરી શરૂ કરાય, જેથી આસપાસના તમામ ગામોના ખેડૂતો સુધી સિંચાઈનું પાણી પહોંચી શકે અને તેમનું ભવિષ્ય રોળાવતાં અટકે.





### રાજકોટ ગ્રામ્ય LCBની મોટી સફળતા

## રાજકોટ અને જુનાગઢના મોબાઈલ ટાવરમાંથી કોપર વાયર ચોરતી કુખ્યાત ગેંગના 6 ઝડપાયા..

**જેતપુર, સુરેશ ભાલીયા**

રાજકોટ ગ્રામ્ય લોકલ ક્રાઈમ બ્રાન્ચ (એલસીબી) એ મોબાઈલ ટાવરમાંથી કોપર વાયર અને અન્ય સાધનોની ચોરી કરતી ગેંગનો પર્દાફાશ કર્યો છે. પોલીસે પાંચ પુરુષ અને એક મહિલા સહિત કુલ છ આરોપીઓને ઝડપી પાડ્યા છે. આ કાર્યવાહીથી રાજકોટ અને જૂનાગઢ જિલ્લાના ચાર વણશોધાયેલા ગુનાઓનો ભેદ ઉકેલાયો છે.

રાજકોટ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક અને રાજકોટ ગ્રામ્ય પોલીસ અધિક્ષકના માર્ગદર્શન હેઠળ, મિલકત સંબંધિત ગુનાઓ ઉકેલવા માટે એલસીબી ની ટીમ સક્રિય હતી. પોલીસ ઈન્સ્પેક્ટર જે.પી. રાવના નેતૃત્વ હેઠળ હેડ કોન્સ્ટેબલ મનીષ વરુ, મનદીપસિંહ જાડેજા અને કોન્સ્ટેબલ ભરત ગમારને મળેલી ચોક્કસ બાતમી અને ટેક્નિકલ સર્વેલન્સના આધારે આ ગેંગ સુધી પહોંચવામાં સફળતા મળી હતી. પકડાયેલા આરોપીઓમાં કિશોર ઉર્ફે ભુરો સોલંકી, વૈભવ ઉર્ફે




દીપક વાડોદરીયા, સાગર સોલંકી, પ્રશાંત કલોલા, એક મહિલા અને ફારૂક મોર રહે તમામ જુનાગઢનો સમાવેશ થાય છે. પ્રાથમિક પૂછપરછ દરમિયાન, આરોપીઓએ જેતપુર તાલુકાના ઉમરાળી, સેલુકા અને મંડલીકપુર ઉપરાંત ધોરાજી, કોટડા સાંગાણી, કાગવડ, વંથલીના લુશાળ તેમજ જામજોધપુર નજીક સીદસર ગામે બીએસએનએલ અને જીયો ના ટાવરમાંથી કોપર વાયર, ઓલ્ટિનેટર અને અન્ય સાધનોની ચોરી કર્યાની કબૂલાત કરી છે. આરોપીઓએ અન્ય અનેક ચોરીઓની પણ કબૂલાત આપી છે. પોલીસે આરોપીઓ પાસેથી આશરે 13 કિલોગ્રામ કોપર વાયર, એક ઓલ્ટિનેટર બોડી, ચોરીમાં વપરાયેલા વિવિધ સાધનો, ચાર મોબાઈલ ફોન તેમજ ગુનામાં ઉપયોગમાં લેવાયેલી આશરે રૂ. 5 લાખની હ્યુન્ડાઈ વેન્યુ કાર સહિત કુલ રૂ. 5,33,450 નો મુદ્દામાલ કબજે કર્યો છે.

## કોર્ટના વોરંટ બાદ ચાર મહિનાથી ફરાર આરોપી આખરે ઝડપાયો

**વડોદરા, સિકંદર પઠાણ**

એક વર્ષની કેદ અને રૂ. 4.50 લાખના દંડની સજા પામેલો આરોપી વડોદરા ગ્રામ્ય પેરોલ-ફર્લો સ્કવોડના હાથે ચઢ્યો

વડોદરા: કોર્ટ દ્વારા એક વર્ષની સાદી કેદ અને રૂ. 4.50 લાખના દંડની સજા ફટકાર્યા બાદ ધરપકડથી બચવા નાસતા-ફરતા આરોપીને વડોદરા ગ્રામ્ય પેરોલ-ફર્લો સ્કવોડે ઝડપી પાડી કાયદાનો સકંજો વધુ કસ્યો છે.

પોલીસે જણાવ્યું હતું કે આરોપી ભાવિનકુમાર હસમુખભાઈ પટેલ સામે Negotiable Instruments Act, 1881 હેઠળના ગુનામાં એડિશનલ જજ, સ્મોલ કોઝ કોર્ટ, વડોદરાએ તા. 27 માર્ચ, 2026ના રોજ એક વર્ષની સાદી કેદ તથા રૂ. 4.50 લાખના દંડની સજા ફટકારી હતી. દંડ નહીં ભરાય તો વધારાના છ મહિનાની સાદી કેદનો પણ હુકમ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ તા. 21 એપ્રિલ, 2026ના રોજ કોર્ટે આરોપી સામે ધરપકડ વોરંટ જારી કર્યું હતું. 'ઓપરેશન પરાક્રમ' અંતર્ગત પોલીસ મહાનિરીક્ષક સંદીપસિંહ અને વડોદરા ગ્રામ્ય પોલીસ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ પેરોલ-ફર્લો સ્કવોડે આરોપીની સઘન શોધખોળ શરૂ કરી હતી. ચોક્કસ બાતમીના આધારે પો.સ.ઈ. એસ.જે. જેઠની ટીમે વાઘોડિયા ચોકડી વિસ્તારમાં દરોડો પાડી ફરાર આરોપીને ઝડપી લીધો હતો.

### એક આરોપી ઝડપાયો

## મીઠીબોર ચેકપોસ્ટ પરથી 12.12 લાખના વિદેશી દારૂ સાથે પીકઅપ ડાલું ઝડપાયું..

**છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા**

જિલ્લા પોલીસ દ્વારા દારૂબંધીના કાયદાના કડક અમલ માટે ચલાવવામાં આવી રહેલી ઝુંબેશ અંતર્ગત ઝોઝ પોલીસને મોટી સફળતા મળી છે. મીઠીબોર ચેકપોસ્ટ નજીકથી પીકઅપ ડાલામાં લઈ જવાતો ભારતીય બનાવટનો વિદેશી દારૂ ઝડપી પાડતાં કુલ 12,12,984નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. આ કેસમાં એક આરોપીની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે ત્રણ આરોપીઓને વોન્ટેડ જાહેર કરી તેમની શોધખોળ હાથ ધરવામાં આવી છે.

પોલીસ અધિક્ષકના માર્ગદર્શન હેઠળ સમગ્ર જિલ્લામાં પ્રોહિબિશન સંબંધિત ગુનાઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. તે અંતર્ગત નાયબ પોલીસ અધિક્ષક કે.એચ. સુર્યવંશીના માર્ગદર્શન હેઠળ ઝોઝ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર જે.ડી. વસાવા તથા તેમની ટીમ મીઠીબોર વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી. દરમિયાન બાતમી મળી હતી કે મધ્યપ્રદેશ તરફથી એક પીકઅપ ડાલામાં મોટી માત્રામાં વિદેશી દારૂ




ભરી મીઠીબોર ચેકપોસ્ટ તરફ આવી રહ્યો છે. પોલીસે વોચ ગોઠવતા એક મોટરસાયકલ સવાર પાયલોટિંગ કરતો ઈસમ પોલીસને જોઈ મોટરસાયકલ મૂકી ફરાર થઈ ગયો હતો. ત્યારબાદ પાછળ આવી રહેલા પીકઅપ ડાલાને કોર્ડન કરીને તેના ચાલકને ઝડપી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી. પોલીસે આ કેસમાં ભલાભાઈ બાબુભાઈ રાઠવા (ઉ.વ. 27), રહે. સિંગલાજા, તા. છોટાઉદેપુરની ધરપકડ કરી છે. જ્યારે પાયલોટિંગ કરનાર અજાણ્યો ઈસમ, સુરેશભાઈ ઉર્ફે સુર્યો કાળુભાઈ રાઠવા તથા નગલા નહરસિંગ કનેશ (રહે. કાછલા, જી. અલીરાજપુર, મધ્યપ્રદેશ) ફરાર હોવાનું પોલીસે જણાવ્યું છે. પોલીસે કુલ 2,328 બોટલ ભારતીય બનાવટના વિદેશી દારૂ (કિંમત 6,42,984), એક પીકઅપ ડાલું (કિંમત 5,00,000) અને એક મોટરસાયકલ GJ-34-R-5591 (કિંમત 70,000) સહિત કુલ 12,12,984નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ અંગે ઝોઝ પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટ તથા ભારતીય ન્યાય સંહિતા, 2023ની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

### પોલીસ ટીમોએ ઘટનાસ્થળની આસપાસના સીસીટીવી ફૂટેજ ચેક કર્યા

## જેતપુરના બોરડી સમઢીયાળા ગામે થયેલ ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલાયો : આગ્રાથી સોના-ચાંદીના દાગીના સાથે આરોપી ઝડપાયા

**જેતપુર, સુરેશ ભાલીયા**

જેતપુર તાલુકાના બોરડી સમઢીયાળા ગામે ગત તા.21.05 ની રાત્રે એક રહેણાંક મકાનમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રકમ મળી કુલ 1,98,900 ની મતાની ચોરી થઈ હતી. આ અંગે જેતપુર તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી.



ગુનાની ગંભીરતાને ધ્યાને લઈ રાજકોટ રેન્જ આઈજી નિર્લિપ્ત રાય અને જિલ્લા પોલીસ વડા વિજયસિંહ ગુર્જરે આરોપીઓ અને મુદ્દામાલ શોધી કાઢવા ખાસ સૂચનાઓ આપી હતી. જે અન્વયે ડીવાયએસપી આર.એ.ડોડીયાના સીધા માર્ગદર્શન હેઠળ પીઆઈ એમ.એલ.આહીર અને પીએસઆઈ બી.ડી.ઝાલા સહિત જેતપુર તાલુકા પોલીસની અલગ-અલગ ટીમો બનાવવામાં આવી હતી. પોલીસ ટીમોએ ઘટનાસ્થળની આસપાસના સીસીટીવી ફૂટેજ ચેક કર્યા હતા તેમજ સર્વેલન્સ અને હ્યુમન સોર્સની મદદ લીધી હતી. તપાસ દરમિયાન એક શંકાસ્પદ ફોરવ્હીલર કારની હિલચાલ જણાતા પોલીસે તેનો રૂટ ટ્રેસ કર્યો હતો. તપાસમાં ચોરી કરનાર ઉત્તરપ્રદેશના આગ્રા શહેર તરફ ભાગી ગયા હોવાની હકીકત મળતા જેતપુર તાલુકા પોલીસની એક ટીમને તાત્કાલિક આગ્રા રવાના કરવામાં આવી હતી. આગ્રા ખાતે સ્થાનિક કક્ષાએ તપાસ કરીને પોલીસે ઘરફોડ ચોરી કરનાર મુખ્ય આરોપીને મુદ્દામાલ સાથે ઝડપી પાડી આ ગુનાનો ભેદ ઉકેલ્યો છે. પકડાયેલા આરોપીઓમાં નિશાબેન વિશાલભાઈ રમેશભાઈ બાબરીયા, રહે. બોરડી સમઢીયાળા, મૂળ રહે. આગ્રા, ઉત્તરપ્રદેશ અને અમનસિંગ નિરંજનસિંગ પરમાર, રહે. શમશાબાદ રોડ, આગ્રા ઉતરપ્રદેશ નો સમાવેશ થાય છે. પૂછપરછમાં સામે આવ્યું કે બંને આરોપીઓ અગાઉથી એકબીજાને ઓળખતા હતા. આરોપી અમનસિંગ ને પૈસાની જરૂરિયાત હોવાથી તેણે અમનસિંગને બોરડી સમઢીયાળા ગામે પોતાના જ ઘરે ચોરી કરવા બોલાવ્યો હતો.

### 16મા નાણાપંચના 10 ટકા વિકાસ આયોજનમાં વિપક્ષના સભ્યોની અવગણના કરાતી હોવાની બૂમ

## છોટાઉદેપુર જિ. પંચાયતમાં 16મા નાણાપંચના આયોજન મુદ્દે ભારે ગરમાવો: પ્રમુખ સામે મનસ્વી વહીવટનો આક્ષેપ

**છોટાઉદેપુર**

છોટાઉદેપુર જિલ્લા પંચાયત ખાતે ૧૬મા નાણાપંચ હેઠળના ૧૦ ટકા વિકાસ આયોજનને લઈને ભારે રાજકીય વિવાદ સર્જાયો છે. જિલ્લા પંચાયતના પ્રમુખ દ્વારા લોકશાહીના મૂલ્યોને નેવે મૂકીને મનસ્વી રીતે આયોજન કરવામાં આવ્યું હોવાના ગંભીર આક્ષેપો સાથે વિપક્ષના સભ્યોએ મોરચો માંડ્યો છે. આ વિવાદને પગલે છોટાઉદેપુરના સ્થાનિક રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. વિપક્ષનો



આક્રોશપ્રાપ્ત વિગતો અનુસાર, જિલ્લા પંચાયતના ૧૬મા નાણાપંચ અંતર્ગત વિકાસ કાર્યોનું માળખું તૈયાર કરવા માટે તમામ ચૂંટાયેલા સભ્યો પાસેથી તેમના વિસ્તારના જનહિતના કામોના સૂચનો અને પ્રસ્તાવો મંગાવવામાં આવ્યા હતા. આ પ્રક્રિયાના ભાગરૂપે વિપક્ષી સભ્યો દ્વારા પોતાના વિસ્તારમાં પીવાનું પાણી, પાકા રસ્તા, ગટર વ્યવસ્થા, શિક્ષણ અને આરોગ્ય જેવી પાયાની સુવિધાઓને લગતા મહત્વના કામોની લેખિત ભલામણ કરવામાં આવી હતી.પરંતુ, જ્યારે આખરી આયોજન બહાર આવ્યું ત્યારે ચોંકાવનારી વિગતો સામે આવી હતી. આમ આદમી પાર્ટીના સભ્યોનો દાવો છે કે ૧૩માંથી એક પણ સભ્યએ સૂચવેલા લોકઉપયોગી કામોને આ સરકારી આયોજનમાં સ્થાન આપવામાં આવ્યું નથી. સભ્યોએ આક્ષેપ કર્યો છે કે સત્તાધારી પક્ષ દ્વારા માત્ર કાગળ પર સૂચનો મંગાવીને વિપક્ષના વિસ્તારો સાથે ઓરમાયું વર્તન કરવામાં આવ્યું છે.

વિકાસના કામોમાં થયેલા કથિત રાજકીય ભેદભાવ અને અન્યાય સામે આમ આદમી પાર્ટીના તમામ ૧૩ જિલ્લા પંચાયત સભ્યોએ એકજૂથ થઈને જિલ્લા વિકાસ અધિકારી (DDO) સમક્ષ ઉગ્ર રજૂઆત કરી હતી.

## પોળો ફોરેસ્ટ અને દ્વારકાની હોટેલમાં ભરૂચની યુવતી પર દુષ્કર્મ

### ખોટી ઓળખ આપી દારૂ પીવડાવનાર અમદાવાદના શખસ સામે હિંમતનગરમાં ફરિયાદ

**ઈડર, જાકીર મેમણ**

અમદાવાદના સરખેજ વિસ્તારમાં રહેતા એક શખસે પોતાની સાચી ઓળખ છુપાવી ભરૂચની યુવતી સાથે પોળો ફોરેસ્ટ અને દ્વારકાની હોટેલમાં દુષ્કર્મ આચર્યું હોવાનો સનસનાટીભર્યો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. આરોપીએ યુવતીને માતા-પિતાના સમ આપી દારૂ પીવડાવ્યો હતો અને બીભત્સ વીડિયો વાયરલ કરવાની ધમકી આપી સતત શારીરિક શોષણ કર્યું હતું. આ મામલે ભોગ બનનાર યુવતીએ હિંમતનગર મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે કાયદેસરની તપાસ શરૂ કરી છે.




મળતી વિગતો અનુસાર, ગત 21 જૂનથી 21 જુલાઈ 2026 દરમિયાન અમદાવાદના સરખેજ રોડ પર રહેતા મોહન પીઠાભાઈ પરમારે યુવતી સામે પોતાની ઓળખ 'દર્શન ઠાકોર' તરીકે આપી હતી. યુવતીને વિશ્વાસમાં લીધા બાદ તે તેને સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકામાં આવેલા પોળો ફોરેસ્ટના એક રિસોર્ટમાં લઈ ગયો હતો. રિસોર્ટમાં મોહન પરમારે યુવતીના માતા-પિતાના સોગંદ આપી તેને દારૂ પીવડાવ્યો હતો. દારૂ પીવડાવ્યા બાદ આરોપીએ યુવતીના બીભત્સ વીડિયો ઉતારી લીધા હતા અને તેને વાયરલ કરવાની ધમકી આપી તેની સાથે બળજબરીથી દુષ્કર્મ આચર્યું હતું.

### ચોમાસા અને શિયાળામાં અબોલ પક્ષીઓને વરસાદ અને ઠંડીથી રક્ષણ મળશે

## દેવગઢ બારિયામાં નગરના સૌપ્રથમ 31 ફૂટ ઊંચા પક્ષીઘર અને ચબૂતરાનું રાજમાતા ઉર્વશીદેવીના હસ્તે ખાતમુહૂર્ત

**દેવગઢ બારીઆ, જાબીર શુક્લા**

અમેરિકા સ્થિત દાતા પરિવાર દ્વારા સ્વ. પરેશભાઈ મજમુદારના 80મા જન્મદિવસે તમામ ખર્ચ ઉઠાવવામાં આવ્યો. જેમાં સામાજિક કાર્યકર નીલ સોનીના સંકલ્પથી આગામી એક મહિનામાં કામગીરી પૂર્ણ થશે.

દાહોદ :- દેવગઢ બારીયા નગરમાં અબોલ પક્ષીઓની ચિંતા કરી તેમના માટે એક વિશેષ આશ્રયસ્થાન ઊભું કરવાનો ભગીરથ પ્રયાસ હાથ ધરવામાં આવ્યો. જે નગરમાં સૌપ્રથમવાર એક વિશાળ પક્ષીઘર અને ચબૂતરાનું નિર્માણ થવા જઈ રહ્યું છે જેનું ખાતમુહૂર્ત રાજમાતા ઉર્વશીદેવીના વરદ હસ્તે ભક્તિભાવપૂર્વક કરવામાં આવ્યું. દેવગઢ બારીયાના માનસરોવર તળાવના કિનારે આવેલા પાતાળેશ્વર મહાદેવ મંદિરની ઉપર આ 31 ફૂટ ઊંચાઈ ધરાવતું અત્યાધુનિક પક્ષીઘર બનાવવામાં આવશે. આ પક્ષીઘરની ક્ષમતા એટલી વિશાળ હશે. કે, તેમાં એકસાથે 500 જેટલા પક્ષીઓ આશ્રય લઈ શકશે. પક્ષીઘરની સાથે ચણ નાખવા માટે એક સુંદર ચબૂતરો પણ બનાવવામાં આવશે. સામાન્ય રીતે ચોમાસાની ઋતુમાં ઝાડ પાન પર રહેતા પક્ષીઓને ભારે વરસાદમાં ભીંજાવું પડે છે. અને શિયાળામાં કડકડતી ઠંડીનો સામનો કરવો પડે છે. ત્યારે આ પક્ષીઘર તેમના માટે એક સુરક્ષિત આશ્રયસ્થાન બની રહેશે. આ સેવાકાર્ય માટેનો આર્થિક સહયોગ અમેરિકા સ્થિત દાતા પરિવાર દ્વારા આપવામાં આવ્યો છે. અને અમેરિકા સ્થિત સ્વર્ગસ્થ પરેશભાઈ મજમુદારના 80માં જન્મદિવસની સ્મૃતિમાં તેમની પુત્રી નિપાબેન અને તેમની પુત્રીઓ લાયા અને નયા (આકાશભાઈ રાણાવત) દ્વારા આ પક્ષીઘર અને ચબૂતરાના નિર્માણનો સંપૂર્ણ ખર્ચ ઉઠાવવાની ઉમદા ભાવના દર્શાવવામાં આવી છે. આ પક્ષીઘર બનાવવાનો સંકલ્પ દેવગઢ બારીયાના જાણીતા સામાજિક કાર્યકર નીલ સોની દ્વારા લેવામાં આવ્યો હતો. અને તેમણે આ પ્રોજેક્ટની સંપૂર્ણ જવાબદારી સ્વીકારી છે. તેમના જણાવ્યા અનુસાર ચાલુ ચોમાસાની સિઝનમાં પક્ષીઓને જલ્દીથી આશ્રય મળી રહે તે હેતુથી યુદ્ધના ધોરણે કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. અને આગામી એક જ મહિનાના ટૂંકા ગાળામાં આ પક્ષીઘરનું નિર્માણ કાર્ય પૂર્ણ કરવામાં આવશે. જેને દેવગઢ બારીયાના રાજમાતા ઉર્વશીદેવી નાઓના હસ્તે ખાતમુહૂર્ત થતાં નગરજનો અને જીવદયા પ્રેમીઓમાં ભારે હર્ષની લાગણી જોવા મળી રહી છે.

## SOGએ અંકલેશ્વરમાં 600 નશાની ગોળીઓ સાથે UPના વિશાલ ખાનને પકડ્યો: બે વોન્ટેડ

**ભરૂચ, રંગુની જાકીર**

અંકલેશ્વર રાજપીપળા ચોકડી પાસેથી સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) એ નશાની 600 ગોળીઓ સાથે એક ઈસમની ધરપકડ કરી છે. પોલીસે કુલ રૂ. 2.66 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ કાર્યવાહીમાં અન્ય બે શખ્સોને વોન્ટેડ જાહેર કરાયા છે. અંકલેશ્વર એસ.ટી. ડેપો સામે રહેતો મૂળ ઉત્તર પ્રદેશનો વિશાલ ખાન અંકલેશ્વર જી.આઈ.ડી.સી. વિસ્તારમાં નશાની ગોળીઓનું છૂટક વેચાણ કરવાની ફિરાકમાં હતો. SOG ટીમે તેને વેચાણ કરે તે પૂર્વે જ આંતરી લીધો હતો. ભરૂચ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપના સુરેશ વણઝારાને મળેલી બાતમીના આધારે PI એ. વી. પાણમીયા અને કે.એલ. પટનીએ તેમની ટીમ સાથે



રાજપીપળા ચોકડી પાસે વોચ ગોઠવી હતી. આરોપી એક્ટિવા પર આવતા જ તેને કોર્ડન કરીને ઝડપી લેવાયો હતો. આરોપી પાસેથી રૂ. 1.86 લાખની કિંમતની 600 નશાકારક ગોળીઓ મળી આવી હતી. પોલીસે એક્ટિવા મોપેડ, મોબાઈલ ફોન અને વિમલ મુનક્કા વટીના 40 પેકેટ સહિત કુલ રૂ. 2.66 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પ્રાથમિક પૂછપરછમાં આ નશાના કાળા કારોબારમાં અન્ય બે શખ્સોની સંડોવણી બહાર આવી છે.



### 2026ની ચોથી હાઈએસ્ટ ગ્રોસિંગ પંજાબી ફિલ્મ બની

# 20 કરોડના બજેટમાં બનેલી શહેનાઝ ગિલની ફિલ્મે રચ્યો ઈતિહાસ

મુંબઈ

'ઈશ્કનામા'એ બોક્સ ઓફિસ પર મજબૂત પકડ બનાવી રાખી છે. શહનાઝ ગિલની આ ફિલ્મ હવે પંજાબી ઈન્ડસ્ટ્રીની 2026ની ચોથી સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ બની ગઈ છે. એક તરફ હોલીવુડની સ્પાઈડર મેન બ્રાન્ડ ન્યૂ ડે અને સાઉથની જન નાયકન બોક્સ ઓફિસ પર ધૂમ મચાવી રહી છે, તો બીજી તરફ પંજાબી ફિલ્મ ઈશ્કનામા પણ શાનદાર કમાણી કરી રહી છે. દર્શકોએ ફિલ્મને સારો પ્રતિસાદ આપ્યો છે. ફિલ્મમાં શહનાઝ ગિલ અને જય રંધાવા મુખ્ય ભૂમિકામાં છે અને બંનેની જોડીને દર્શકો ખૂબ પસંદ કરી રહ્યા છે. ફિલ્મનું દિગ્દર્શન અરવિંદ ખૈરાએ કર્યું છે. ઈશ્કનામાનું બોક્સ ઓફિસ કલેક્શન સૈકનિલ્કના અહેવાલ મુજબ ફિલ્મે પહેલા દિવસે 80 લાખ રૂપિયાનું કલેક્શન કર્યું હતું. બીજા દિવસે ફિલ્મે 1 કરોડ, ત્રીજા દિવસે 1.40 કરોડ, ચોથા દિવસે 65 લાખ, પાંચમા દિવસે 80 લાખ, છઠ્ઠા દિવસે 55 લાખ અને સાતમા દિવસે 50 લાખ રૂપિયાની કમાણી કરી હતી. આ રીતે ફિલ્મે પહેલા અઠવાડિયામાં કુલ 5.70 કરોડ રૂપિયાનું કલેક્શન કર્યું હતું. આઠમા દિવસે ફિલ્મે 50 લાખ રૂપિયાની કમાણી કરી હતી. તે દિવસે ફિલ્મને 729 શો મળ્યા હતા અને 21 ટકા ઓક્યુપન્સી નોંધાઈ હતી. 2026ની ચોથી સૌથી વધુ કમાણી કરનારી પંજાબી ફિલ્મ, ફિલ્મનું કુલ નેટ કલેક્શન હવે 6.20 કરોડ રૂપિયા અને ગ્રોસ કલેક્શન 7.30 કરોડ રૂપિયા થઈ ગયું છે. ફિલ્મે પોતાના બજેટના 31 ટકા ખર્ચની વસૂલાત કરી લીધી છે. કોઈમોઈના અહેવાલ મુજબ ફિલ્મ 20 કરોડ રૂપિયાના બજેટમાં બની છે. આ સાથે જ 'ઈશ્કનામા' હવે 2026ની ચોથી સૌથી વધુ કમાણી કરનારી પંજાબી ફિલ્મ બની ગઈ છે. 'ઈશ્કનામા'એ એમી વિર્ક, બિન્નુ ઢિલ્લો અને સિમી ચહલની ફિલ્મ 'બમ્બુકાટ 2'ને પાછળ છોડી દીધી છે. હવે ફિલ્મનું આગળનું લક્ષ્ય 'ઈશ્કાં દે લેખે'ને પાછળ છોડવાનું છે. જોકે આ ફિલ્મનો રેકોર્ડ તોડવો સરળ નથી, પરંતુ જો બીજા વીકએન્ડમાં ફિલ્મની કમાણીમાં વધારો થશે તો 'ઈશ્કાં દે લેખે'ને પાછળ છોડવાની શક્યતા વધી શકે છે. આ યાદીમાં પ્રથમ સ્થાને 'કેરી ઓન જટ્ટા 4' છે, જેણે 18.62 કરોડ રૂપિયાની કમાણી કરી હતી. બીજા સ્થાને 'રબ્બા દા રેડિયો 3' છે, જેણે 12.57 કરોડ રૂપિયાનું કલેક્શન કર્યું હતું. ત્રીજા સ્થાને 'ઈશ્કાં દે લેખે' છે, જેણે 11.89 કરોડ રૂપિયાની કમાણી કરી હતી. ચોથા સ્થાને 'ઈશ્કનામા' છે, જે અત્યાર સુધી 6.20 કરોડ રૂપિયાનું નેટ કલેક્શન કરી ચૂકી છે.

**'ઈશ્કનામા'એ બોક્સ ઓફિસ પર મજબૂત પકડ બનાવી રાખી છે, લોકોને પસંદ પડી રહી છે**

# જેનિફર વિંગેટે શેર કર્યા પીઠીના અનસીન ફોટો

## લીલા લહેંગામાં અપ્સરા જેવી લાગી એક્ટ્રેસ, મિત્ર કરણ વાહી અને હરલીન સેઠી ખાસ હાજર રહ્યા

મુંબઈ

ટીવી એક્ટ્રેસ જેનિફર વિંગેટે તેની હલ્દી સેરેમનીની અદ્રશ્ય તસવીરો સોશિયલ મીડિયા પર શેર કરી છે. બ્રિટિશ બિઝનેસમેન વિલિયમ ઈશ્મેલ સાથે લગ્ન કર્યાના થોડા અઠવાડિયા પછી, તેણે તેની પ્રી-વેડિંગ વિધિઓની યાદો શેર કરી છે.

ફ્રેન્ડશિપ ડે નિમિત્તે પોસ્ટ કરાયેલી આ તસવીરોમાં જેનિફરના નજીકના મિત્રો અને ટીવી કલાકારો કરણ વાહી, હરલીન સેઠી અને સહબાન અઝીમ જોવા મળી રહ્યા છે. સેરેમનીમાં જેનિફર લીલા રંગના લહેંગામાં જોવા મળી હતી, જ્યારે વિલિયમે સફેદ રંગની શેરવાની પહેરી હતી. જેનિફર વિંગેટે ઈન્સ્ટાગ્રામ પર પીઠીની ઘણી કેન્ડિડ તસવીરો પોસ્ટ કરી છે. તેણે તેના મિત્રોનો આભાર માનતા લખ્યું કે, તેની હલ્દી માત્ર એક ફંક્શન નહોતી, પરંતુ પ્રેમથી ભરેલો એક રૂમ હતો. જ્યારે પણ તે આ તસવીરો જુએ છે, તેને કોઈને કોઈ સુંદર ક્ષણ યાદ આવી જાય છે. તેણે આગળ લખ્યું કે તે ખૂબ નસીબદાર છે કે તેને આવા સારા મિત્રો મળ્યા. એક્ટ્રેસ હરલીન સેઠીએ પણ આ સેરેમનીની તસવીરો પોસ્ટ કરતા લખ્યું- 'યારી દોસ્તી હલ્દી'.

યુકેમાં ખ્રિસ્તી રીતિ-રિવાજ મુજબ થઈ હતી પ્રાઈવેટ વેડિંગ જેનિફર અને વિલિયમે તાજેતરમાં યુકેના વેસ્ટ વેલ્સમાં એક ખાનગી સમારોહમાં લગ્ન કર્યા હતા. લગ્નની જાણકારી બંનેએ સોશિયલ મીડિયા પર એક જોઈન્ટ પોસ્ટ દ્વારા આપી હતી. પોતાના વેડિંગમાં જેનિફરે વ્હાઈટ સ્ટ્રેપલેસ ગાઉન અને વેલ પહેર્યો હતો. જ્યારે તેના પતિ વિલિયમે નેવી બ્લુ સૂટ સાથે ક્રીમ કલરનો વેસ્ટકોટ પહેર્યો હતો. બંનેએ પોતાના પરિવાર અને ખૂબ જ નજીકના મિત્રોની હાજરીમાં એકબીજાને રિંગ પહેરાવીને લગ્ન કર્યા.




# 7 ઓગસ્ટે એકસાથે રિલીઝ થશે આ 6 શાનદાર ફિલ્મો

## 7 ઓગસ્ટનો દિવસ ખૂબ જ ખાસ રહેવાનો છે. થિયેટરોમાં એકસાથે ઘણી નવી ફિલ્મો રિલીઝ થઈ રહી છે

મુંબઈ

વરસાદની સીઝન અને તહેવારોનો મહિનો ઓગષ્ટ ફિલ્મ રસિયાઓ માટે પણ રંગીન બની રહેવાનો છે. કારણ કે 7 ઓગસ્ટનો દિવસ ખૂબ જ ખાસ રહેવાનો છે. થિયેટરોમાં એકસાથે ઘણી નવી ફિલ્મો રિલીઝ થઈ રહી છે. સાઉથ અને બોલિવૂડથી લઈને પંજાબી સિનેમા સુધી, ચાહકોને અલગ-અલગ ભાષા અને જોનરની (પ્રકારની) ફિલ્મો જોવા મળશે. ચાલો જાણીએ ૭ ઓગસ્ટે રિલીઝ થનારી આ શાનદાર ફિલ્મો વિશે:ડીસી

થિયેટરોમાં એકસાથે ઘણી નવી ફિલ્મો રિલીઝ થઈ રહી છે. સાઉથ અને બોલિવૂડથી લઈને પંજાબી સિનેમા સુધી, ચાહકોને અલગ-અલગ ભાષા અને જોનરની (પ્રકારની) ફિલ્મો જોવા મળશે. ચાલો જાણીએ ૭ ઓગસ્ટે રિલીઝ થનારી આ શાનદાર ફિલ્મો વિશે:ડીસી

આ એક તમિલ રોમેન્ટિક એક્શન ફિલ્મ છે, જેમાં લોકેશ કનગરાજ અને વામિકા ગબ્બી મુખ્ય ભૂમિકામાં છે. અરુણ મથેસ્વરનના નિર્દેશનમાં બનેલી આ ફિલ્મનું સંગીત જાણીતા મ્યુઝિક ડિરેક્ટર અનિરુદ્ધે આપ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે વામિકા અગાઉ 'પતિ પત્ની ઔર વો દો' માં આયુષ્માન ખુરાના, રકુલ પ્રીત સિંહ અને સારા અલી ખાન સાથે જોવા મળી હતી.

ઓહ માય ડોગ

અભિનેતા પંકજ ત્રિપાઠી સ્ટારર આ ફિલ્મની વાર્તા એકદમ અલગ છે, જેમાં એક શ્વાન (ડોગ) પર કેન્દ્રિત કરવામાં આવી છે. અમિત રાય દ્વારા ડિરેક્ટ કરવામાં આવેલી આ ફિલ્મનું ટ્રેલર દર્શકોને ખૂબ પસંદ આવ્યું હતું. આ ફિલ્મ પણ ૭ ઓગસ્ટે રિલીઝ થઈ રહી છે.

આર્યભટ્ટ કા ઝીરો

આ એક કોમેડી ડ્રામા ફિલ્મ છે. કમલ ચંદ્રા દ્વારા નિર્દેશિત આ ફિલ્મમાં હિમાંશ કોહલી, રવિ કિશન, સોનાલી સહેગલ અને શિલ્પા શિંદે જેવા કલાકારો જોવા મળશે. રવિ કિશનને ફરી એકવાર મોટા પડદા પર જોવા માટે ચાહકો ખૂબ ઉત્સાહિત છે.

ધ ગ્રેટ પંજાબ રોબરી

આ ૭ ઓગસ્ટે રિલીઝ થઈ રહેલી પંજાબી ફિલ્મ છે, જેના દ્વારા શિલ્પા શેટ્ટીના પતિ અને બિઝનેસમેન રાજ કુંદ્રા મુખ્ય અભિનેતા તરીકે પડદા પર જોવા મળશે. ફિલ્મમાં તેમની સાથે પાયલ રાજપૂત છે. સૌરભ વર્મા દ્વારા લિખિત અને નિર્દેશિત આ ફિલ્મનું પ્રમોશન રાજ કુંદ્રા જોરશોરથી કરી રહ્યા છે.






# વિવેક ઓબેરોયની હિરોઈને ગ્લેમર છોડી અપનાવ્યો અધ્યાત્મનો માર્ગ

## 'પ્રિન્સ'નું સુપરહિત ગીત 'તેરે લિયે'માં બોલ્ડનેસ અને કિલર અદાઓથી દર્શકોના દિલ જીતનાર અરૂણા આજે ગ્લેમરની દુનિયાથી દૂર અલગ જીવન જીવી રહી છે

મુંબઈ

2010માં આવેલી બોલીવૂડ ફિલ્મ 'પ્રિન્સ'નું સુપરહિત ગીત 'તેરે લિયે' અને એક્ટર વિવેક ઓબેરોય સાથે પોતાની બોલ્ડનેસ અને કિલર અદાઓથી દર્શકોના દિલ પર રાજ કરનાર એક્ટ્રેસ અરૂણા શીલ્ડ્સ આજે ગ્લેમરની દુનિયાથી તદ્દન દૂર એક અલગ જ જીવન જીવી રહી છે. પોતાની પહેલી જ ફિલ્મથી દેશભરમાં ચર્ચામાં આવેલી અરૂણા જ્યારે કરિયરના પીક પર હતી, ત્યારે જ તેણે અચાનક ફિલ્મ ઈન્ડસ્ટ્રીને અલવિદા કહી દીધું હતું. આજે તે ઝાકઝમાળથી દૂર સંન્યાસ અને અધ્યાત્મનો માર્ગ અપનાવી ચૂકી છે અને એક રહસ્યમય આધ્યાત્મિક પરંપરા સાથે જોડાઈને ઝેરી સાંપ સાથે ધ્યાન કરે છે. બ્રિટનમાં જન્મેલી અને ઉછરેલી અરૂણા શીલ્ડ્સે ડરહામ બોર્ડિંગ સ્કૂલ અને યુનિવર્સિટી ઓફ ધ આર્ટ્સ, લંડનમાંથી ઉચ્ચ શિક્ષણ મેળવ્યું હતું. 'મિસ્ડ ઈન્ડિયા ટેલેન્ટ યુકે'નો ખિતાબ જીત્યા બાદ તેને એક્ટિંગની ઓફર મળી હતી. માર્શલ આર્ટ્સમાં પ્રશિક્ષિત અરૂણાએ 'પ્રિન્સ' ફિલ્મમાં પોતાના એક્શન સીન્સ પોતે જ કર્યા હતા. આ ઉપરાંત તેણે ફ્રેન્ચ એડવેન્ચર ફિલ્મ 'એઓ: ધ લાસ્ટ હન્ટર' અને બ્રિટિશ ડ્રામા 'મિસ્ટર સિંહ મિસીસ મહેતા' જેવી ફિલ્મોમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. તે ગુગલ ઝિટગાઈસ્ટ પણ બની હતી. વર્ષ 2011માં જ્યારે તેનું કરિયર એકદમ પીક પર હતું, ત્યારે અરૂણાએ પોતાની આધ્યાત્મિક મુસાફરી શરૂ કરવાનો મોટો નિર્ણય લીધો. તેણે માનવ મનોવિજ્ઞાનનો ગહન અભ્યાસ કર્યો અને ક્લિનિકલ હિપ્નો-સાઈકોથેરાપિસ્ટ તથા માઈન્ડફુલનેસ ટીચર તરીકે ડિગ્રી મેળવી. 2015માં તેણે 'રિટર્ન ટુ કામ' નામે આંતરરાષ્ટ્રીય થેરાપી પ્રેક્ટિસ શરૂ કરી, જેના દ્વારા લાસ એન્જલસ, સિલિકોન વેલી, માલિબુ અને લંડન જેવા શહેરોમાં લોકોને માનસિક તણાવમાંથી બહાર લાવવાનું કામ કર્યું. અરૂણા એક અત્યંત પ્રાચીન સિદ્ધ પરંપરા સાથે જોડાયેલી છે, જેનો ઈતિહાસ ઈ.સ. પૂર્વે 3143 જેટલો જૂનો માનવામાં આવે છે.

# ટોમ હોલેન્ડની ફિલ્મ 'સ્પાઈડર-મેન: બ્રાન્ડ ન્યૂ ડે' એ બોક્સ ઓફિસ પર સર્જ્યો ઈતિહાસ

મુંબઈ

માર્વલ અને સોની પિક્ચર્સની સુપરહીરો ફિલ્મ 'સ્પાઈડર-મેન: બ્રાન્ડ ન્યૂ ડે' (Spider-Man: Brand New Day) સિનેમાઘરોમાં રિલીઝ થતાં જ કમાણીના તમામ જુના રેકોર્ડ ધ્વસ્ત કરી રહી છે. સુપરસ્ટાર ટોમ હોલેન્ડની આ ફિલ્મે માત્ર પ્રથમ વીકેન્ડમાં જ વર્લ્ડવાઈડ 927 મિલિયન યુએસ ડોલર એટલે કે આશરે 8,120 કરોડ રપિયાનો અધધ કલેક્શન આંકડો પાર કરીને સિનેમાના ઈતિહાસમાં બીજો સૌથી મોટું ઓપનિંગ મેળવવાનો રેકોર્ડ પોતાના નામે કરી લીધો છે. આ સાથે જ આ ફિલ્મ સોની પિક્ચર્સના બેનર હેઠળ બનેલી અત્યાર સુધીની સૌથી મોટી ગ્લોબલ ઓપનર સાબિત થઈ છે. ગ્લોબલ ઓપનિંગ વીકેન્ડના મામલે આ ફિલ્મથી આગળ હવે માત્ર 2019માં રિલીઝ થયેલી માર્વલની જ 'એવેન્જર્સ: એન્ડગેમ' છે, જેણે પોતાના પહેલા વીકેન્ડમાં 1.22 બિલિયન ડોલર (રૂપિયા 10,690 કરોડ)ની કમાણી કરી હતી. વૈશ્વિક બોક્સ ઓફિસ રિપોર્ટ અનુસાર, 'સ્પાઈડર-મેન 4' એ કમાણીની દોડમાં માર્વલની બે અતિ લોકપ્રિય ફિલ્મો 'એવેન્જર્સ: ઈન્ફિનિટી વોર' અને પોતાની જ અગાઉની ફિલ્મ 'સ્પાઈડર-મેન: નો વે હોમ' બંનેના ગ્લોબલ ઓપનિંગ રેકોર્ડ્સને એકસાથે પાછળ છોડી દીધા છે. ભારત આ સ્પાઈડર-મેન ફિલ્મ માટે સૌથી મોટું આંતરરાષ્ટ્રીય માર્કેટ બનીને ઉભરી આવ્યું છે. કમાણીના આંકડા પ્રમાણે 30 જુલાઈએ રિલીઝ થયેલી આ ફિલ્મે ભારતમાં ઓપનિંગ વીકેન્ડ દરમિયાન જબરદસ્ત પ્રદર્શન કર્યું છે. પ્રથમ દિવસે 60.60 કરોડ રૂપિયા, બીજા દિવસે રૂપિયા 49.35 કરોડ, ત્રીજા દિવસે રૂપિયા 70.25 કરોડ અને ચોથા દિવસે એટલે કે રવિવારે રૂપિયા 76 કરોડની કમાણી સાથે કુલ 256 કરોડનો વેપાર કર્યું છે. 'સ્પાઈડર-મેન 4' ભારતમાં સૌથી ઝડપથી 250 કરોડ રૂપિયાનો આંકડો પાર કરનારી પ્રથમ હોલીવુડ ફિલ્મ બની ગઈ છે.



પાક્કો ગુજરાત
બુધવાર I 05 ઓગસ્ટ 2026 I અમદાવાદ

### લગ્ન પછીનો ભવ્ય સમારોહ મદીરાની ફાઈવ સ્ટાર હોટેલ 'સવોય પેલેસ'માં યોજાશે

# રોનાલ્ડો અને જ્યોર્જિના ઓગસ્ટમાં કરશે લગ્ન!

ગ્લાસગો

ફૂટબોલના સુપરસ્ટાર ક્રિસ્ટિયાનો રોનાલ્ડો (Cristiano Ronaldo) અને તેમની પાર્ટનર જ્યોર્જિના રોડ્રિગેઝ (Georgina Rodriguez) ના લગ્નને લઈને ફરી એકવાર ચર્ચાઓ તેજ થઈ છે. પોર્ટુગલના મીડિયા રિપોર્ટ મુજબ, આ ચર્ચિત કપલ 8 ઓગસ્ટે લગ્નના બંધનમાં બંધાઈ શકે છે. જોકે, રોનાલ્ડો કે જ્યોર્જિના દ્વારા હજુ સુધી આ અંગે કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી.

લગ્નનું સ્થળ રોનાલ્ડો માટે ખાસ રિપોર્ટ અનુસાર, બંનેના લગ્ન પોર્ટુગલના મદીરા દ્વીપ પર આવેલા 'ફનચલ કેથેડ્રલ'માં થવાની સંભાવના છે. આ જગ્યા રોનાલ્ડો માટે ખૂબ જ ખાસ છે, કારણ કે તેમનું બાળપણ આ જ દ્વીપ પર વિત્યું હતું અને તેમણે પોતાની પ્રોફેશનલ ફૂટબોલ સફરની શરૂઆત પણ અહીંથી જ કરી હતી. લગ્ન પછીના ભવ્ય સમારોહ માટે મદીરાની



ફાઈવ સ્ટાર હોટેલ 'સવોય પેલેસ' (Savoy Palace) બુક કરવામાં આવી હોવાનું કહેવાય છે. મહેમાનો માટે હોટેલના કેટલાક ભાગ રિઝર્વ રાખવામાં આવશે.

જોકે, હોટેલ બુકિંગ અને સમારોહ સાથે જોડાયેલી આ વિગતોની પણ હજુ સત્તાવાર પુષ્ટિ થઈ નથી. કેથોલિક પરંપરા મુજબ યોજાશે લગ્ન જો મીડિયા રિપોર્ટ્સ સાચા ઠરશે તો રોનાલ્ડો અને જ્યોર્જિના પરંપરાગત ચર્ચ વેડિંગ કરશે. રોનાલ્ડોનો ઉછેર કેથોલિક પરિવારમાં થયો છે અને તેઓ પરિવારના મહત્વ વિશે અગાઉ પણ ઘણીવાર વાત કરી ચૂક્યા છે.

આથી ફનચલ કેથેડ્રલની પસંદગી તેમના માટે ધાર્મિક અને ભાવનાત્મક બંને દ્રષ્ટિએ મહત્વપૂર્ણ માનવામાં આવે છે. લગ્નની તારીખ અને સ્થળ અંગે વાતો સામે આવી છે, પરંતુ મહેમાનોનું લિસ્ટ અને કાર્યક્રમની વિગતો હજુ ગુપ્ત છે. સોશિયલ મીડિયા પર એવી અટકળો છે કે લગ્નમાં આવનારા મહેમાનો માટે કડક પ્રાઈવસી નિયમો લાગુ થઈ શકે છે, જેમાં નોન-ડિસ્ક્લોઝર એગ્રીમેન્ટ (NDA) અને ફોટોગ્રાફી પર પ્રતિબંધ જેવી બાબતો સામેલ છે. 2017માં થઈ હતી પહેલી મુલાકાત રોનાલ્ડો અને જ્યોર્જિનાની મુલાકાત વર્ષ 2017માં સ્પેનની રાજધાની મેડ્રિડના એક ગુચ્ચી સ્ટોરમાં થઈ હતી.

## 16 વર્ષના ભારતીય મૂળના ખેલાડીને ઓસ્ટ્રેલિયન ટીમમાં મળ્યું સ્થાન

સિડની

ભારત પ્રવાસ માટે ઓસ્ટ્રેલિયાની અંડર-19 ટીમની જાહેરાત કરવામાં આવી છે, જેમાં 16 વર્ષના નીલ પટેલનું નામ પણ સામેલ છે. ઓસ્ટ્રેલિયાની અંડર-19 ટીમ 13 સપ્ટેમ્બરથી ભારત પ્રવાસે મલ્ટી ફોર્મેટ સિરીઝ રમશે, જેના માટે ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ 03 ઓગસ્ટે ટીમની જાહેરાત કરી હતી. સ્ક્વોડમાં 16 વર્ષના નીલ પટેલને પણ સામેલ કરવામાં આવ્યા, જેમણે સૌનું ધ્યાન ખેંચ્યું છે. તો આવો જાણીએ કે આ 16 વર્ષીય ખેલાડી છે કોણ? નીલ પટેલનો ગુજરાત સાથે નાતો નીલ ઓસ્ટ્રેલિયાના ન્યૂ સાઉથ વેલ્સ તરફથી રમે છે. તે ભારતીય મૂળના ખેલાડી છે. આ સિરીઝ દ્વારા તેમને મોટી તક મળી છે. નીલ ઓપનિંગ બેટ્સમેનની ભૂમિકા ભજવે છે, અને સાથે ઓફ-સ્પિનર તરીકે પણ યોગદાન આપે છે. નીલનો જન્મ ઓસ્ટ્રેલિયામાં થયો હતો, અને તેઓ અહીં જ ઉછર્યા છે, પરંતુ તેમના પૂર્વજો ભારતના ગુજરાત રાજ્યના હતા. નીલે સિડની પ્રીમિયર ક્રિકેટ ફર્સ્ટ ગ્રેડમાં રમીને ઈતિહાસ રચ્યો હતો. તેઓ પ્રથમ એવા ખેલાડી બન્યા હતા, જેમણે એક વર્ષમાં 1,000 થી વધુ રન બનાવ્યા હતા. તાજેતરમાં જ આ ભારતીય મૂળના ખેલાડીએ ફર્સ્ટ ગ્રેડ ક્રિકેટમાં પોતાની પ્રથમ સદી પણ ફટકારી હતી. હવે ભારત પ્રવાસ પર સૌની નજર તેમના પર રહેશે.

### પંત અને શાહબાઝ નદીમ સાથે પ્રેક્ટિસ કરી રહ્યા છે

## શ્રીલંકા પ્રવાસ પહેલાં 'ગુરુ' ધોનીની શરણે ઋષભ પંત, રાંચીમાં શરૂ કરી કડક ટ્રેનિંગ

રાંચી

ભારતીય ક્રિકેટ ટીમના વિસ્ફોટક વિકેટકીપર-બેટ્સમેન ઋષભ પંત માટે છેલ્લો કેટલોક સમય અપેક્ષા મુજબનો નથી રહ્યો. IPL 2026માં તે ખૂબ જ ખરાબ રીતે ફ્લોપ સાબિત થયો હતો. આ જ કારણ છે કે લખનઉની ટીમે આગામી સીઝન પહેલા પંતને ટ્રેડ કરીને તેની જૂની ટીમ દિલ્હી કેપિટલ્સને સોંપી દીધા છે. IPL બાદ તેને ભારત માટે પણ વધુ મેચોમાં રમવાની તક નથી મળી. પંત હવે નિયમિત રીતે માત્ર ટેસ્ટ ફોર્મેટમાં જ ભારત માટે રમી રહ્યો છે. વન-ડે અને T20 ટીમમાં લાંબા સમયથી તેને રમવાની તક નથી મળી.



ઋષભ પંતે શ્રીલંકા ટેસ્ટ સિરીઝ માટે પોતાની તૈયારીઓ શરૂ કરી દીધી છે. ખાસ વાત એ છે કે આ પડકારનો સામનો કરવા માટે પંતે પૂર્વ ભારતીય કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોનીના દ્વાર ખટખટાવ્યા છે. પંત હાલ રાંચીમાં છે અને ધોનીની દેખરેખ હેઠળ ટ્રેનિંગ લઈ રહ્યો છે. ભારત માટે ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે આ સીરિઝ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (WTC) હેઠળ રમાનારી આ બે મેચોની ટેસ્ટ સીરીઝ ભારત માટે અત્યંત મહત્વપૂર્ણ છે. પ્રથમ ટેસ્ટ 15 ઓગસ્ટથી શરૂ થવા જઈ રહી છે. શ્રીલંકાની પિચો હંમેશા સ્પિન બોલરો માટે મદદરૂપ માનવામાં આવે છે. એશિયાઈ કંડિશનમાં એમએસ ધોનીથી વધુ સારી રીતે સ્પિનને સમજવું કદાચ જ કોઈ જાણતું હોય.

## ઈજાના કારણે 5 મોટી ટુર્નામેન્ટ ગુમાવી ચૂક્યો છે બુમરાહ

### બુમરાહ ઘૂંટણની ઈજાને કારણે શ્રીલંકા સામેની ટેસ્ટ શ્રેણીમાંથી બહાર થઈ ગયા છે

મુંબઈ

જસપ્રીત બુમરાહ ટીમ ઈન્ડિયાનો સૌથી મહત્ત્વપૂર્ણ ફાસ્ટ બોલર છે. જોકે, ઈજા હંમેશાં તેના કરિયરનો સૌથી મોટો પડકાર રહી છે. તાજેતરમાં જ જસપ્રીત બુમરાહ ઘૂંટણની ઈજાના કારણે શ્રીલંકા સામેની મહત્ત્વની ટેસ્ટ સીરિઝમાંથી બહાર થઈ ગયો છે. આ પહેલી વાર નથી જ્યારે કોઈ મોટી ટૂર્નામેન્ટ કે સીરિઝ પહેલાં જસપ્રીત બુમરાહ ઈજાગ્રસ્ત થયો હોય. આવો નજર કરીએ એવી 5 મોટી ટૂર્નામેન્ટ પર, જેમાં ઈજાના કારણે જસપ્રીત બુમરાહ રમી ન શક્યો. T20 વર્લ્ડ કપ 2022 2022નો T20 વર્લ્ડ કપ ભારત માટે કોઈ ખરાબ સ્વપ્નથી ઓછો નથી રહ્યો. જસપ્રીત બુમરાહ



કમરની ઈજાના કારણે ટૂર્નામેન્ટમાંથી બહાર થઈ ગયો હતો, જેના લીધે ભારતનું બોલિંગ આક્રમણ અત્યંત નબળું પડી ગયું હતું. ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ 2023ની ફાઈનલ રમાઈ હતી. આ મોટી ફાઈનલમાં જસપ્રીત બુમરાહ ઈજાના કારણે રમી નહોતો શક્યો. ટીમ ઈન્ડિયાને તેની ખોટ સાલી અને ભારત 209 રનથી આ મેચ હારી ગયું હતું. ચેમ્પિયન્સ ટ્રોફી 2025 ટીમ ઈન્ડિયાએ ચેમ્પિયન્સ ટ્રોફી 2025નો ખિતાબ જીત્યો હતો. આ મોટી ટૂર્નામેન્ટમાં જસપ્રીત બુમરાહ રમતો નહોતો દેખાયો. બોર્ડર-ગાવસ્કર ટ્રોફી 2024-25 દરમિયાન તેને ઈજા થઈ હતી, જેના કારણે તે ચેમ્પિયન્સ ટ્રોફી નહોતો રમી શક્યો. જોકે, તેના રિપ્લેસમેન્ટ તરીકે આવેલા હર્ષિત રાણાનું પ્રદર્શન શાનદાર રહ્યું હતું. IPL 2023 જસપ્રીત બુમરાહ ઈજાના કારણે ઈન્ડિયન પ્રીમિયર લીગ 2023ની સીઝન નહોતો રમ્યો. તે મુંબઈ ઈન્ડિયન્સનો મુખ્ય ફાસ્ટ બોલર છે. આ જ કારણે મુંબઈ ઈન્ડિયન્સને તેની કમી વર્તાઈ હતી, પરંતુ ટીમ સીઝનમાં ત્રીજા સ્થાને રહી હતી. એશિયા કપ 2022 જસપ્રીત બુમરાહ કમરની ઈજાના કારણે એશિયા કપ 2022નો હિસ્સો નહોતો બની શક્યો. બુમરાહની ગેરહાજરીમાં ટીમ ઈન્ડિયા માટે આ ટૂર્નામેન્ટ ભૂલવા લાયક રહી હતી. ભારત ફાઈનલમાં સ્થાન મેળવવામાં નિષ્ફળ રહ્યું હતું. મુખ્યત્વે આ ટૂર્નામેન્ટથી જ બુમરાહને કમરની ઈજાએ પરેશાન કરવાનું શરૂ કર્યું હતું. ટીમ ઈન્ડિયાના સ્ટાર ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહ ઘૂંટણની ઈજાને કારણે શ્રીલંકા સામેની ટેસ્ટ શ્રેણીમાંથી બહાર થઈ ગયા છે. આ પહેલા પણ 2022ના T20 વર્લ્ડ કપ, વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ 2023ની ફાઈનલ, ચેમ્પિયન્સ ટ્રોફી 2025, IPL 2023 અને એશિયા કપ 2022 જેવી 5 મોટી ટૂર્નામેન્ટમાં ઈજાને લીધે તેઓ રમી શક્યા ન હતા.



### રિટેલ રોકાણકારોને ₹15નું ડિસ્કાઉન્ટ, OFS દ્વારા વેચાણ થશે

# સરકાર LICમાં 6.5% સુધીનો હિસ્સો વેચશે

મુંબઈ

કેન્દ્ર સરકાર LICમાં ઓફર ફોર સેલ (OFS) દ્વારા 6.5% સુધીનો હિસ્સો વેચવા જઈ રહી છે. સરકારે આ વેચાણ માટે ફ્લોર પ્રાઈસ 382 પ્રતિ શેર નક્કી કરી છે. આ OFSનો મુખ્ય ઉદ્દેશ્ય મે 2027ની સમયમર્યાદા પહેલા સેબીના ન્યૂનતમ પબ્લિક શેરહોલ્ડિંગ નિયમોનું પાલન કરવાનો છે. સરકાર કુલ 41.11 કરોડ શેર વેચશે. LIC દ્વારા આપવામાં આવેલી એક્સચેન્જ ફાઈલિંગ અનુસાર, આ ઓફર 2% ઈક્વિટી હિસ્સાના બેઝ સેલ સાથે શરૂ થશે. આ અંતર્ગત નાણા મંત્રાલય દ્વારા રાષ્ટ્રપતિ 12.65 કરોડ શેર વેચશે. સરકાર પાસે વધારાના 4.5% હિસ્સા એટલે કે 28.46 કરોડ શેર વેચવાનો




ઓવરસબ્સ્ક્રિપ્શન વિકલ્પ પણ રહેશે. જો ઓવરસબ્સ્ક્રિપ્શન વિકલ્પનો સંપૂર્ણ ઉપયોગ કરવામાં આવે તો, કુલ ઓફર સાઈઝ વધીને 41.11 કરોડ શેર (6.5% હિસ્સા) થઈ જશે. રોઈટર્સના અહેવાલ મુજબ, ફ્લોર પ્રાઈસ પર સંપૂર્ણ 6.5% હિસ્સાના વેચાણથી સરકારને લગભગ 31,410 કરોડ રૂપિયા મળશે. સરકાર હિસ્સો શા માટે વેચી રહી છે? OFS નો પ્રાથમિક ઉદ્દેશ્ય LIC ને સેબીના લઘુત્તમ પબ્લિક શેરહોલ્ડિંગ (MPS) નિયમોનું પાલન કરવામાં મદદ કરવાનો છે. દીપમ સચિવ અરુણિષ ચાવલાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોસ્ટ કરતા કહ્યું, 'આ OFS નિર્ધારિત સમય પહેલા MPS ના લક્ષ્યને હાંસલ કરવામાં મદદ કરશે.

' વર્તમાનમાં LIC માં પબ્લિક શેરહોલ્ડિંગ આશરે 3.5% છે. જો સરકાર સંપૂર્ણ 6.5% હિસ્સેદારી વેચી દે છે, તો વીમા કંપનીની પબ્લિક શેરહોલ્ડિંગ વધીને 10% થઈ જશે. આનાથી LIC મે 2027 ની સમયમર્યાદાથી ઘણા પહેલા નિયમનકારી આવશ્યકતાને પૂર્ણ કરી લેશે.

### કંપનીઓ ભરણાંનું કદ ઘટાડી રહી છે

# IPOની તેજીને બ્રેક: જાહેર ભરણાં થકી નાણાં ઊભા કરવાની માત્રામાં ઘટાડો

### અત્યાર સુધીમાં કંપનીઓએ IPO દ્વારા 5.78 અબજ ડોલર એકઠા કર્યા છે, જે ગયા વર્ષના 7.32 અબજ ડોલર કરતાં ઓછા છે

મુંબઈ

વર્તમાન કેલેન્ડર વર્ષમાં દેશમાં ઈનિશિઅલ પબ્લિક ઓફરિંગ્સ (આઈપીઓ)ની તેજી ઠંડી પડી ગયાનું અત્યારસુધીના ડેટા પરથી કહી શકાય એમ છે.

૨૦૨૬માં કંપનીઓએ અત્યારસુધી આઈપીઓ મારફત ૫.૭૮ અબજ ડોલર ઊભા કર્યા છે જે ગયા વર્ષના સમાનગાળા સુધીમાં ૭.૩૨ અબજ ડોલર ઊભા કરાયા હતા. કેલેન્ડર વર્ષ ૨૦૨૪માં આઈપીઓ મારફત ૨૦.૬૫ અબજ ડોલર અને ૨૦૨૫માં ૨૨.૩૬ અબજ ડોલર ઊભા કરાયા હતા. પોતાના ભરણાંને સફળ બનાવવા કંપનીઓ દ્વારા ભરણાંના કદમાં ઘટાડો, મૂલ્યાંકનોમાં કાપ તથા લિસ્ટિંગ્સમાં ઢીલને કારણે ભંડોળ ઊભા કરવાની માત્રા પર અસર પડી હોવાનું એક રિસર્ચ રિપોર્ટમાં જણાવાયું હતું.

સ્થાનિક સંસ્થાકીય




રોકાણકારો જેઓ પ્રભાવશાળી ખરીદદાર રહે છે તેમના દ્વારા પ્રાઈસિંગ મોરચે આક્રમક વાટાઘાટને કારણે કંપનીઓએ પોતાના ભરણાંના કદ ઘટાડવાની ફરજ પડી રહી છે. નીચા કદના ભરણાંને પરિણામે વર્તમાન વર્ષમાં જાહેર ભરણાં મારફત નાણાં ઊભા કરવાની માત્રા ઘણી નીચી જોવા મળવાની એક ઈન્વેસ્ટમેન્ટ બેન્કરે શકયતા વ્યકત કરી હતી. જોખમ લેવાની રુચી ઘટી જતા રોકાણકારો પણ આઈપીઓમાં નાણાં નાખતા પહેલા સાવચેતી ધરાવતા થયા છે. સેકન્ડરી બજારમાં વોલેટિલિટી તથા તાજેતરમાં કેટલાક ભરણાંમાં નબળા વળતરને પરિણામે રોકાણકારો સાવચેત બની ગયા છે. દેશમાં હવે સિક્યુરિટીઝ માર્કેટમાં લગભગ ૧૪.૫ કરોડ રોકાણકારો છે અને તેમના સ્તરમાં વાર્ષિક ૨૦ ટકાથી વધુના દરે વધારો થઈ રહ્યો છે. ભારતીય ઈક્વિટીમાં સતત વોલેટિલિટી ઉપરાંત ભૌગોલિક રાજકીય તાણને કારણે રોકાણકારોનું મૂડી બજાર તરફ આકર્ષણ ઓછું થઈ રહ્યું છે, એમ એક વિશ્લેષકે તાજેતરમાં જણાવ્યું હતું.

હજુ થોડાક સમય સુધી આવી જ સ્થિતિ જોવા મળશે. રોજગારને લઈને ચાલી રહેલી અનિશ્ચિતતાને પરિણામે પણ નવા યુવાવર્ગનું મૂડી બજાર પ્રત્યે આકર્ષણ ઓછું થયું છે.

### જુલાઈમાં સતત ત્રીજા મહિને રોજગાર નિર્માણ નબળુ રહ્યું

# ઉત્પાદન ક્ષેત્રની પ્રવૃત્તિ મંદ પડી પાંચ વર્ષના તળિયે

મુંબઈ

દેશમાં ઉત્પાદન ક્ષેત્રની પ્રવૃત્તિ જુલાઈમાં નબળી પડીને લગભગ પાંચ વર્ષની નીચી સપાટીએ રહી હતી. વેચાણ તથા કાચા માલની ખરીદી ધીમી પડતા તેની અસર ઉત્પાદન પર પડી હતી. પશ્ચિમ એશિયામાં નવેસરની તાણને પરિણામે ઉત્પાદન ક્ષેત્રમાં કામકાજ ઘટી ગયુ હતુ જેને કારણે રોજગાર નિર્માણ પર પણ અસર પડી હતી એમ એચએસબીસીના ઈન્ડિયા મેન્યુફેકચરિંગ પરચેઝિંગ મેનેજર્સ' ઈન્ડેકસ (પીએમઆઈ) સર્વે રિપોર્ટમાં જણાવાયું હતું. ઉત્પાદન ક્ષેત્રનો જુલાઈનો પીએમઆઈ ૫૩.૫૦ રહ્યો હતો જે જૂનમાં ૫૪.૨૦ હતો. ૨૦૨૧ના ઓગસ્ટમાં ૫૨.૩૦ જોવાયા બાદ વર્તમાન



વર્ષના જુલાઈનો પીએમઆઈ સૌથી નીચો રહ્યો છે. નવા ઓર્ડરો, ઉત્પાદન, રોજગાર, પૂરવઠેદારોનો ડિલિવરી સમયગાળો તથા સ્ટોકસને ધ્યાનમાં રાખી પીએમઆઈ તૈયાર કરવામાં આવે છે.

૫૦થી ઉપરના ઈન્ડેકસને જે તે ક્ષેત્રનું વિસ્તરણ કહેવામાં આવે છે. જુલાઈમાં સતત ૫૭માં મહિને પીએમઆઈ ૫૦ની ઉપર રહેવા પામ્યો છે. પૂરવઠેદારોનો ડિલિવરીનો સમયગાળો ઘટી રહ્યો છે જે એક સારી નિશાની છે. જોકે પશ્ચિમ એશિયામાં નવેસરની તાણને જોતા આ સ્થિતિ કેટલી લાંબી ટકે છે તે જોવાનું રહેશે. ઉત્પાદકો કાચા માલ તથા ફિનિશ્ડ પ્રોડકટસ બન્નેનો સ્ટોક વધારી રહ્યા છે.

શકય ખલેલને ધ્યાનમાં રાખી માલસામાનનો સ્ટોકસ કરવામાં આવી રહ્યો છે, એમ રિપોર્ટમાં વધુમાં જણાવાયું છે. નવા ઓર્ડરમાં વધારો છેલ્લા ચાર કરતા વધુ વર્ષમાં બીજો નબળો વધારો છે. વેચાણ વૃદ્ધિ પણ ૨૦૨૨ના મધ્ય બાદ સૌથી ધીમી જોવા મળી છે.

## સેન્સેક્સ 210 અંક ઘટીને 78,428 પર બંધ

- **નિફ્ટી પણ 159 અંક ઘટ્યો; રિયલ્ટી શેરોમાં સૌથી વધુ વેચવાલી થઈ**

મુંબઈ

આજ એટલે કે 04 ઓગસ્ટના રોજ સેન્સેક્સ 210 અંક ઘટીને 78,428 પર બંધ થયો. જ્યારે નિફ્ટીમાં પણ 159 અંકનો ઘટાડો રહ્યો, તે 24,614 ના સ્તર પર બંધ થયો. રિયલ્ટી શેરોમાં સૌથી વધુ વેચવાલી જોવા મળી. શેરબજારમાં આજે એટલે કે 03 ઓગસ્ટે તેજી જોવા મળી હતી. સેન્સેક્સ 544 અંક વધીને 78,639 ના સ્તર પર બંધ થયો. નિફ્ટીમાં પણ 390 અંકની તેજી રહી, તે 24,774 ના સ્તર પર બંધ થયો હતો. મહત્વનું છે કે મંગળવારે સવારે માર્કેટ સારી શરૂઆત સાથે ઓપન થયું હતુ. જેમાં સેન્સેક્સ અને નિફ્ટી બંને અલગ અલગ દિશામાં ખૂલ્યા હતા. ભારતીય શેરબજારમાં સપ્તાહના બીજા દિવસે પણ સેન્સેક્સમાં તેજી જોવા મળી હતી. બજારના આરંભે 9.30ના સમયે સેન્સેક્સ 144 પોઈન્ટ વધીને ખુલ્યા જ્યારે નિફ્ટી 171 પોઈન્ટના ઘટાડા સાથે ખુલ્યા હતા. આજે સેન્સેક્સ +144.54(0.18%) પોઈન્ટના ઉછાળા સાથે 78,783.57 ના સ્તર પર ટ્રેડ થયો, જ્યારે નિફ્ટી આ જ સમયે -171.00 (0.69%) પોઈન્ટના ઘટાડા સાથે 24,603.30 ના સ્તર પર ટ્રેડ થયો. વધુમાં, ટેક મહિન્દ્રા, એનટીપીસી અને ઈન્ડિગોના શેર ફ્લેટ અને સપાટ ખુલ્યા હતા.

## અમદાવાદમાં ચોમાસુ ના હોય ત્યારે પણ શહેરના અનેક વિસ્તારોમાં ભૂવા પડે છે

# લોકપ્રતિનિધિઓ અને તંત્રની કામગીરી સામે સવાલો

### મ્યુનિ. કોર્પોરેશનમાં મેયર અને સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન તથા મ્યુનિ. કમિશનર દ્વારા અવારનવાર ભ્રષ્ટ અધિકારીઓ, ભ્રષ્ટ એન્જિનિયરોને વોર્નિંગ છતાં કોઇ અસર નહીં

**અમદાવાદ**

શહેરમાં ચોમાસાની ઋતુ અને વરસાદી માહોલ વચ્ચે રસ્તાઓ પર ભૂવા પડવાની અને મસમોટા ખાડા પડવાની સમસ્યા દિન-પ્રતિદિન ગંભીર બનતી જઈ રહી છે. તંત્ર દ્વારા પ્રી-મોનસૂન કામગીરીના મોટા દાવા કરવામાં આવતા હોય છે, પરંતુ જમીની હકીકત કંઈક અલગ જ છે.

અમદાવાદમાં ચોમાસા દરમિયાન રસ્તાઓ બેસી જવા અને મસમોટા ભૂવા (સિંકહોલ) પડવાની સમસ્યા સામાન્ય બની ગઈ છે, જેમાં પ્રહલાદનગર, બોપલ, અને સહજાનંદ કોલેજ જેવા વિસ્તારો મુખ્ય છે. નબળી ગુણવત્તાવાળી ભૂગર્ભ ગટર અને ભારે વરસાદ આ સમસ્યા માટે જવાબદાર છે.

તાજેતરમાં જ શહેરના અતિ વ્યસ્ત ગણાતા વિસ્તાર એવા સહજાનંદ કોલેજ ક્રોસિંગ પાસે મુખ્ય રસ્તા પર જ એક મોટો અને જોખમી ભૂવો પડી ગયો હોવાની ઘટના સામે આવી છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ફરજ બજાવતા એન્જિનિયરોની રોડ-રસ્તાની કામગીરી અને ખાસ કરીને રસ્તાની કામગીરી વખતે ગુણવત્તા ચકાસણીમાં બેદરકારી કહો કે ભ્રષ્ટાચારને કારણે આંખો બંધ રાખીને થઈ રહેલી કામગીરીને કારણે નાગરિકોમાં ભારે નારાજગી ફેલાઈ છે. ભ્રષ્ટ એન્જિનિયરો અને અધિકારીઓને કારણે ફરજમાં નિષ્ઠા રાખનારા અને ઈમાનદાર એન્જિનિયરો અને અધિકારીઓને સાંભળવું પડતું હોય છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં રોડ રસ્તા સહિતની અનેક કામગીરીઓ માટે કોન્ટ્રાક્ટરોને કામગીરી સોંપવામાં આવે છે. જેમાં અનેક કોન્ટ્રાક્ટરો પોતાની મનમાની પ્રમાણે કામગીરી કરતા હોવાથી રોડ-રસ્તા-ગટર વગેરે સુવિધાના કામોમાં ભ્રષ્ટાચારને કારણે હલકી ગુણવતાવાળા મટિરીયલ્સને કારણે તકલાદી કામ થાય છે. આખરે કામ થયાના ટૂંકા ગાળામાં જ રસ્તા બેસી જવા, ગટરો ભરાઈ જવી, આવાસોમાં પોપડા ખરવા સહિતની સમસ્યા સામે આવતી હોય છે ત્યારે આવા ભ્રષ્ટ કોન્ટ્રાક્ટરો પર અમદાવાદ મ્યુનિ.માં કોની રહેમનજર રહેલી છે તેની ચર્ચા નાગરિકોમાં ચાલી રહી છે.



### સ્થાનિક રહેવાસીઓ અને વાહનચાલકોને ભારે હાલાકી

અમદાવાદમાં ભાગ્યે જ એવો કોઈ વિસ્તાર હશે કે જ્યાં જાહેર રસ્તા પર ભૂવો ના પડ્યો હોય. જે તે વિસ્તારમાં પડેલા ભૂવાને કારણે સ્થાનિક રહેવાસીઓ અને વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. આ મુખ્ય માર્ગ પર પડેલા મોટા ભૂવાને કારણે વાહન વ્યવહારને ભારે અસર થઈ છે. ખાસ કરીને આશ્ચર્યની વાત એ છે કે આ ભૂવો પડ્યાને છેલ્લા 5 દિવસ જેટલો સમય વીતી ગયો હોવા છતાં સંબંધિત તંત્ર દ્વારા હજુ સુધી તેનું કોઈ જ સમારકામ કરવામાં આવ્યું નથી.

### પ્રી-મોનસૂન કામગીરીની પોલ ખોલતો કિસ્સો

પાલિકા કે વહીવટી તંત્રની આ પ્રકારની ઉદાસીનતા અને લાપરવાહીને કારણે નાગરિકોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. અતિ વ્યસ્ત રસ્તો હોવાના કારણે પીક અવર્સ દરમિયાન અહીં લાંબી ટ્રાફિક જામની સમસ્યા સર્જાય છે.

સહજાનંદ કોલેજ ક્રોસિંગ પાસે આવેલા આ ભૂવાને કારણે દ્વિચકી વાહનચાલકો અને ઓટોરિક્ષાચાલકો માટે ગંભીર અકસ્માત થવાનો સતત ભય સતાવી રહ્યો છે. રાત્રિના સમયે અથવા વરસાદી પાણી ભરાયેલા હોય ત્યારે આ ભૂવો નજરે ન ચડવાને કારણે મોટી દુર્ઘટના સર્જાવાની પૂરી શક્યતા રહેલી છે.

### નાગરિકોની રજૂઆત છતાં કામગીરી નહીંવત

શહેરના નાગરિકોની માંગ છે કે તંત્ર દ્વારા વિલંબ કર્યા વિના તાત્કાલિક ધોરણે આ ભૂવાનું યોગ્ય પુરાણ અને સમારકામ કરવામાં આવે, જેથી કોઈ અનિચ્છનીય ઘટના ન ઘટે અને સામાન્ય પ્રજાને રાહત મળી શકે. જો વહેલી તકે આ માર્ગનું સમારકામ નહીં થાય તો સ્થાનિકો દ્વારા ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવશે તેવી ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

## AMCના CNCD ડિપાર્ટમેન્ટની ગુંડાટોળી જેવા વર્તનથી ચકચાર

# ક્ષત્રિય મહિલાને આપી ધમકી : 'વીડિયો ડિલીટ કરી દેજો, તમારા માટે સારું છે...!'



**રખડતાં ઢોર અને શ્વાન મુદ્દે નિષ્ફળ તંત્ર હવે જનતાને ડરાવશે? ગોલ ફાઉન્ડેશનમાં પણ ગંભીર બેદરકારી સામે આવી; રાજપૂત-ક્ષત્રિય સમાજમાં ભારે રોષ, મ્યુનિસિપલ કમિશનર અને મેયર પાસે કડક કાર્યવાહીની માંગ**


**અમદાવાદ**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) નો કે Cattle Nuisance Control Department (CNCD) એટલે કે ઢોર ત્રાસ અંકુશ વિભાગ હવે નાગરિકોની સેવા માટે છે કે તેમને ડરાવવા-ધમકાવવા માટે? AMC ના CNCD ડિપાર્ટમેન્ટના કર્મચારીઓની દાદાગીરી અને તાનાશાહીનો વધુ એક શરમજનક કિસ્સો સામે આવતાં સમગ્ર શહેરમાં ભારે આક્રોશ ફાટી નીકળ્યો છે. મળતી વિગતો અનુસાર, CNCD ડિપાર્ટમેન્ટની કામગીરીનું કવરેજ અને રેકોર્ડિંગ કરવા પહોંચેલા ક્ષત્રિય સમાજની એક જાગૃત મહિલા સાથે કર્મચારીઓએ અત્યંત દાદાગીરીભર્યું વર્તન કર્યું હતું. જ્યારે મહિલા પોતાના કેમેરામાં કામગીરીનું શૂટિંગ કરી રહી હતી, ત્યારે કર્મચારીઓએ ધમકીભર્યા અને અહંકારી સ્વરમાં કહ્યું હતું કે: સરકારી કર્મચારીઓનું આ પ્રકારનું વર્તન સ્પષ્ટ દર્શાવે છે કે તેઓ આમ જનતાને ડરાવી-ધમકાવીને પોતાના ભ્રષ્ટાચાર અને નિષ્ફળતાઓ પર પડદો પાડવા માગે છે. જોકે, ધમકી આપનારા કર્મચારીઓ કદાચ ભૂલી ગયા હતા કે સામે એક ક્ષત્રિય નારી હતી! મહિલા સહેજ પણ ડર્યા વગર અડગ રહી હતી અને કર્મચારીઓની તમામ કાળી કરતૂતો તથા ધમકી આપવાની પૂરી ઘટના મોબાઈલમાં કેમેરાબદ્ધ કરી લીધી હતી. CNCD ડિપાર્ટમેન્ટની પોલ માત્ર ધમકીઓ આપવા પૂરતી મર્યાદિત નથી. અગાઉ પણ આ વિભાગ અને તેમની સાથે સંકળાયેલી સંસ્થાઓની ગંભીર બેદરકારીઓ સામે આવી ચૂકી છે: અબોલ જીવો પ્રત્યે અમાનુષી અત્યાચાર: 'ગોલ ફાઉન્ડેશન' માં રાખવામાં આવેલા શ્વાનો (Dogs) ની હાલત અત્યંત દયનીય જોવા મળી છે. શ્વાનોના શરીર પર અતિશય સંખ્યામાં જીવાતો (Ticks) બાઝેલી જોવા મળી છે, જે તંત્રની ઘોર બેદરકારી દર્શાવે છે.

નાગરિકો પર ખોટા કેસનો ભય: સ્થાનિક લોકોની ગંભીર ફરિયાદો છે કે CNCD ના અધિકારીઓ અને કર્મચારીઓ પોતાની નિષ્ફળતા છુપાવવા માટે સામાન્ય નાગરિકો પર ખોટા કેસ કરીને તેમને સતત ભય અને દબાણમાં રાખવાનો પ્રયાસ કરે છે. મહિલાને ધમકાવવાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં જ ક્ષત્રિય અને રાજપૂત સમાજમાં ભારે રોષ વ્યાપી ગયો છે. સમાજના અગ્રણીઓએ ખુલ્લેઆમ ચીમકી આપી છે કે એક મહિલા સાથે આ પ્રકારનું ધમકીભર્યું વર્તન કરનારા અધિકારીઓ અને કર્મચારીઓ સામે તાત્કાલિક અસરથી કડકમાં કડક પગલાં લેવામાં આવે.

## નવી સુવિધાઓની નબળી કામગીરી

# શીલજમાં નવનિર્મિત સ્મશાનગૃહમાં મસમોટું ગાબડું



**અમદાવાદ**

અમદાવાદમાં 17 કરોડના ખર્ચે બનેલા શીલજ સ્મશાનગૃહના પ્રવેશ રેમ્પમાં ગાબડું પડ્યું હતું. સાત મહિના પહેલાં જ બનેલા આ હાઈટેક સ્મશાનનો રેમ્પ તળાવ બાજુથી બેસી ગયો. વીજળી/ગેસ લાઈન નીચેથી પસાર થતાં સેટલમેન્ટ થયાનું જણાવાયું છે. જોખમી ભાગ તોડી નવો રોડ બનાવાયો, પણ નવી સુવિધાઓની નબળી કામગીરી સામે સવાલ ઉઠ્યા છે. શહેરમાં અત્યાર સુધી રસ્તા પર ભૂવા પડતા હતા. પરંતુ હવે તો મ્યુનિસિપલની નવનિર્મિત ઈમારતોમાં પણ ગાબડાં પડી રહ્યા છે. શીલજ સ્મશાન ગૃહમાં અંદર પ્રવેશવાના આરસીસી રોડ જેવા રેમ્પના રીતસરના બે કટકા થયા હોય તેમ એક બાજુનો ભાગ સંપૂર્ણ બેસી ગયો હતો. નોંધનીય છે કે, હજી સાતેક મહિના પહેલાં કેફેટેરિયા વગેરે સુવિધાઓ સાથે 17 કરોડ રૂપિયાનું હાઈટેક સ્મશાન તૈયાર કરાયું હતું! સામાન્ય રીતે ચોમાસામાં જર્જરિત ઈમારતોના ભાગ ધસી પડવાની ઘટનાઓ બનતી હોય છે. પરંતુ આ વર્ષે નિમાર્ણધીન અને નવનિર્મિત ઈમારતોની દીવાલો, આરસીસી સ્ટ્રક્ચર તૂટી રહ્યા છે. ખાનગી બાંધકામ સાઈટ બાદ હવે ખુદ મ્યુનિસિપલના નવા બાંધકામો પણ જોખમી હોવાનું સામે આવ્યું છે. શીલજમાં સ્મશાનગૃહમાં પ્રવેશવા માટેના મુખ્ય રેમ્પ પર મોટું ગાબડું પડ્યું હતું.

## અમદાવાદ સાયબર ક્રાઇમે ઠગને ઝડપી પાડ્યો!

# AMCના ઉચ્ચ અધિકારીના નામે બનાવટી રેટ કોન્ટ્રાક્ટ બનાવી કરોડોની છેતરપિંડી

### મ્યુનિસિપલ કોર્પોરેશનના બોગસ સીલ અને સહીનો ઉપયોગ કરી વેપારીઓને ચૂનો ચોપડનાર મહાઠગ પોલીસની ગિરફ્તમાં

**અમદાવાદ**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) ના ઉચ્ચ અધિકારીના નામે બોગસ દસ્તાવેજો અને રેટ કોન્ટ્રાક્ટ બનાવી કરોડો રૂપિયાની ઠગાઈ આચરનાર મહાઠગને અમદાવાદ સાયબર ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડીને મોટો પર્દાફાશ કર્યો છે. સરકારી તંત્રના નામે વેપારીઓ સાથે કરોડોનો ખેલ પાડનારા આ ઠગની ધરપકડથી કૌભાંડીઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.



સાયબર ક્રાઈમની પ્રાથમિક તપાસમાં બહાર આવેલી વિગતો મુજબ, આરોપી અત્યંત શાતિર મગજ ધરાવે છે. તેણે AMC ના અધિકારીઓની બનાવટી સહીઓ અને સરકારી વિભાગના બોગસ સિક્કાઓ (Seals) તૈયાર કરાવ્યા હતા. AMC માં જુદી જુદી સામગ્રી પૂરી પાડવા માટે મોટો રેટ કોન્ટ્રાક્ટ મળ્યો હોવાના બોગસ દસ્તાવેજો આરોપીએ તૈયાર કર્યા હતા.

વેપારીઓ અને રોકાણકારોને AMC નો કોન્ટ્રાક્ટ બતાવી તેમાં માલ-સામાન સપ્લાય કરવાના નામે કે રોકાણ પર ઊંચા વળતરની લાલચ આપી કરોડો રૂપિયા પડાવી લીધા હતા.

વિશ્વાસઘાત અને ઠગાઈ: શરૂઆતમાં મોટો નફો બતાવીને વેપારીઓનો વિશ્વાસ જીતી લીધા બાદ જ્યારે પૈસા પરત આપવાનો સમય આવ્યો ત્યારે આરોપી હાથ ઊંચા કરી દેતો હતો.

કરોડો રૂપિયાની છેતરપિંડીનો ભોગ બનેલા પીડિતોએ અમદાવાદ સાયબર ક્રાઈમ બ્રાન્ચનો સંપર્ક કર્યો હતો. મામલાની ગંભીરતા જોઈને સાયબર ક્રાઈમે ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે ટ્રેપ ગોઠવીને આ મહાઠગની ધરપકડ કરી લીધી છે.

પોલીસે આરોપી પાસેથી બનાવટી રેટ કોન્ટ્રાક્ટના કાગળો, AMC ના બોગસ લેટરપેડ, સિક્કાઓ તેમજ ડિજિટલ પુરાવાઓ જપ્ત કર્યા છે.

# કાલુપુર રેલ્વે સ્ટેશન બહાર મુસાફરને લૂંટી લેનાર શાતિર રિક્ષાચાલક ઝડપાયો

**અમદાવાદ**

અમદાવાદના હૃદયસમા કાલુપુર રેલ્વે સ્ટેશન બહારથી મોડી રાત્રે કે વહેલી સવારે મુસાફરી કરતા નાગરિકો માટે રાહતરૂપ સમાચાર સામે આવ્યા છે. કાલુપુર સ્ટેશન બહારથી મુસાફરને રિક્ષામાં બેસાડી ભય બતાવીને લૂંટ ચલાવનાર શાતિર રિક્ષાચાલકની પોલીસે ધરપકડ કરી લીધી છે. પોલીસે આરોપી પાસેથી લૂંટમાં ઉપયોગમાં લેવાયેલી રિક્ષા અને રોકડ રકમ સહિત કુલ રૂ. 55,500 નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ તપાસમાં સામે આવેલી વિગતો અનુસાર, આરોપી રિક્ષાચાલક કાલુપુર સ્ટેશન બહાર ઉતરતા અજાણ્યા મુસાફરોને સસ્તા ભાડાની લાલચ આપી પોતાની રિક્ષામાં બેસાડતો હતો. એકાંત સ્થળે લઈ જઈ ધમકી: મુસાફરને રિક્ષામાં બેસાડ્યા બાદ આરોપી અવાવરુ કે એકાંત વાળા વિસ્તારમાં રિક્ષા લઈ જતો હતો. કીમતી સામાનની લૂંટ: ત્યાં મુસાફરને ડરાવી-ધમકાવીને તેમની પાસે રહેલી રોકડ રકમ, મોબાઈલ ફોન અને અન્ય કિંમતી સામાન બળજબરીથી પડાવી લેતો હતો અને મુસાફરને રસ્તામાં ઉતારીને ફરાર થઈ જતો હતો. બનાવ અંગે ભોગ બનનાર મુસાફરે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા જ પોલીસે સીસીટીવી કેમેરાના ફૂટેજ અને બાતમીદારોના નેટવર્કને સક્રિય કર્યું હતું.

## વટવામાં નશાયુક્ત કફ સીરપની બોટલોનું માતા-પુત્ર વેચાણ કરતાં

# ANTF ટીમે દરોડો પાડી 498 બોટલો કબજે કરી, પુત્રની ધરપકડ, માતા ફરાર

**અમદાવાદ**

અમદાવાદમાં દિન પ્રતિદિન નશાકારક દ્રવ્યોના વેચાણમાં વધારો થઈ રહ્યો છે, ખાસ કરીને પૂર્વ વિસ્તારના વટવામાં નશાકારક ચીજ વસ્તુઓનું વેચાણ વધી રહ્યું છે ત્યારે અમદાવાદ નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સની ટીમ દ્વારા વટવા વિસ્તારમાં આવેલા ચાર માળિયા ખાતે આવેલા મકાનમાં દરોડો પાડીને 478 કફ સીરપની બોટલો જપ્ત કરવામાં આવી છે. માતા અને પુત્ર ભેગા મળીને કફ સીરપનું વેચાણ કરતા હતા ત્યારે પોલીસે પુત્રની ધરપકડ કરી છે જ્યારે માતા ફરાર છે. વટવા પોલીસની જાણ બહાર ટાસ્ક ફોર્સની ટીમે દરોડો પાડીને નશાયુક્ત કફ સીરપ બોટલો વેચનારા શખ્સને ઝડપી પાડ્યો છે. નશા મુક્ત રાજ્ય બનાવવા માટે નશાકારક ચીજ વસ્તુઓનું વેચાણ કરનારા તત્વો સામે કાર્યવાહી કરવા માટે ગાંધીનગર સીઆઈડી અંતર્ગત એન્ટી નાર્કોટિક્સની ટીમ બનાવવામાં આવી છે. ત્યારે ગાંધીનગર વહીવટી શાખામાં ફરજ બજાવનારા



પીએસઆઇ ડી. બી. સોલંકીને બાતમી મળી હતી કે અમદાવાદના વટવા વિસ્તારમાં ચાર માળિયામાં એક મહિલા અને તેનો પુત્ર ગેરકાયદેસર કફ સીરપનું વેચાણ કરે છે. તેથી તેઓ દ્વારા અમદાવાદ ઝોનના એન્ટી નાર્કોટિક્સ ટીમને જાણ કરવામાં આવી હતી જેથી ટીમ દ્વારા વટવા ચાર માળિયા ખાતે આવેલા મકાનમાં દરોડો પાડવામાં આવ્યો હતો. પોલીસે મહંમદ સારિક ઉર્ફે બાલી હુસૈન શેખ અને ઝરીના શેખના ઘરમાં દરોળો પાડ્યો હતો, ત્યારે તેમને ચાર જેટલા થેલા મળી આવ્યા હતા. જેમાં તપાસ કરતા કફ સીરપની બોટલો મળી આવેલી હતી. એકસરખી કુલ 478 જેટલી બોટલો મળી આવેલી હતી. નશાયુક્ત કફ સીરપની બોટલો મળી આવેલી હતી જે તમામ બોટલોને પોલીસ દ્વારા જપ્ત કરી લેવામાં આવી હતી. પોલીસ દ્વારા મોહમ્મદારીકની પૂછપરછ કરતા જાણવા મળ્યું હતું કે આ કફ સીરપનો જથ્થો તેની માતા ઝરીનાબેન લાવે છે અને તેઓ છૂટક ધંધો કરે છે. મકાન પણ ભાડે રાખવામાં આવ્યું છે અને હાલમાં તેની માતા હાજર નથી.


**આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃત્તિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, સામાજિક, ધાર્મિક પ્રવૃત્તિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070**



Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI